# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 78 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 April 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૩ એપ્રિલ ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | ૧૧ ૧૨ ૧૩





# યુદ્ધ અધૂરું, ઈરાનને પાષાણ યુગમાં ધકેલીશું: ટ્રમ્પ


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 13,653/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ટ્રમ્પની લડાઈ લાંબી ચલાવવાના સંકેતથી વિશ્વના બજારોમાં કડાકો: તેલના ભાવ વધ્યા

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખે બુધવારે રાતે અમેરિકાના લોકોને સંબોધતા કરેલા પ્રવચનમાં જણાવ્યું હતું કે અમેરિકાનું લશ્કર ઇરાનમાં ટૂંક સમયમાં પોતાનું 'કામ પૂરું' કરશે. આ યુદ્ધને હજી ૩૨ દિવસ થયા છે. પ્રથમ અને બીજું વિશ્વ યુદ્ધ તો વર્ષો સુધી ચાલ્યા હતા. અમેરિકા હાલમાં પોતાના વ્યૂહાત્મક ઉદ્દેશ્યને પૂરો કરવાની આરે છે.યુદ્ધ વધુ ઉગ્ર બનવાના અને લાંબું ચાલવાના ભયને લીધે વિશ્વભરના શૅરબજારોમાં પ્રારંભમાં કડાકો બોલ્યો હતો અને ખનિજ તેલનો ભાવ વધ્યો હતો.

ટ્રમ્પે જણાવ્યું હતું કે મેં અમેરિકાની લશ્કરી કાર્યવાહીની સફળતા અંગે અમેરિકાના લોકોને જણાવવા આ વ્યાપક માધ્યમને પસંદ કર્યું છે. વૉશિંગ્ટનનો ઇરાનમાંનો બધો ઉદ્દેશ્ય અત્યાર સુધીમાં પાર પડ્યો છે, પરંતુ હજી થોડા દિવસ ઇરાન પર હુમલા ચાલુ રાખીશું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે આગામી બેથી ત્રણ અઠવાડિયાં ઇરાન પર એટલા જોરદાર હુમલા કરીશું કે તે પાછું 'પાષાણ-યુગ'માં જતું રહેશે.

અમેરિકાના પ્રમુખે ૨૦ મિનિટ કરતાં ઓછા સમયના પ્રવચનમાં મોટા ભાગે એવી વાત જ કહી હતી કે જે તેઓ અગાઉ કહી ગયા હતા.

અમેરિકામાં પણ ઘણાં લોકો માને છે કે અમેરિકાના લશ્કરે ઇરાનમાં 'વધુ પડતી' કાર્યવાહી કરી છે અને તેને લીધે ગૅસ તેમ જ તેલના ભાવ વધ્યા છે.ટ્રમ્પે ઇરાનમાં વધુ ઉગ્ર હુમલા કરવાની વાત પોતાના પ્રવચનમાં

(જુઓ પાનું ૨) ▶▶

# અમેરિકા સામે લડવા ૭૦ લાખ યોદ્ધા તૈયાર: ઈરાન

▸ ઇઝરાયલ, દુબઈ, બાહરીન પર વધુ હુમલા ▸ ૧૨ વર્ષથી મોટા છોકરાઓ, નિવૃત્ત સૈનિકોની ઈરાનના લશ્કરમાં ભરતી ▸ ઈરાનના સૌથી લાંબા પુલ પર હુમલો

તહેરાન: અમેરિકાનો સામનો કરવા ઇરાને વધુ ૭૦ લાખ લડવૈયાનું જંગી સૈન્ય તૈયાર રાખ્યું હોવાનો દાવો કરાયો હતો. આ લશ્કરમાં ૧૨ વર્ષના છોકરાઓથી લઇને નિવૃત્ત સૈનિકો સુધીના લોકોને શસ્ત્રો આપીને તેઓનો સમાવેશ કરાયો હોવાનું કહેવાય છે.

ઇરાનની સંસદના સ્પીકરે ગુરુવારે દાવો કર્યો હતો કે અમેરિકા જો જમીન માર્ગે ઇરાનમાં ઘૂસણખોરી કરશે, તો તેની સામે લડવા ઇરાનના ૭૦ લાખ લડવૈયા તૈયાર છે. ઇરાને ગુરુવારે ઇઝરાયલ, દુબઈ, બાહરીન અને અન્ય આરબ દેશો પર હુમલા ચાલુ રાખ્યા હતા. અમેરિકા અને ઇઝરાયલે સંયુક્ત લશ્કરી હુમલા કરીને ઇરાનના અલબોર્ઝ પ્રાંતમાંના 'બી વન બ્રિજ પ્રૉજેક્ટ'ને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ પુલ મધ્ય પૂર્વનો સૌથી ઊંચો પુલ છે. આ હુમલા બાદ આસપાસના અનેક વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ૧,૦૫૦ મીટર લાંબા આ પુલને બનાવવા માટે ૩૭ હજાર કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરાયો હોવાનું કહેવાય છે.

દરમિયાન, બ્રિટન હોર્મુઝ સામુદ્રધુનીને ઇરાનના 'કબજા'માંથી છોડાવીને બધા જહાજોની મુક્ત અવરજવર માટે ખોલાવવા અંદાજે ત્રણ ડઝન દેશના

(જુઓ પાનું ૨) ▶▶

# રૂપિયો ૧૫૨ પૈસા ઊછળીને ૯૪ની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં ગત ૨૮મી ફેબ્રુઆરીથી ઈરાન યુદ્ધ શરૂ થયું ત્યારથી ડૉલર સામે રૂપિયામાં ચાર ટકાનો ઘસારો આવ્યો છે અને ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ડૉલર સામે રૂપિયામાં ૧૦ ટકાનું ધોવાણ થઈ ગયું હતું. આમ ડૉલર સામે રૂપિયામાં સતત થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ બૅન્કો સામે નિયંત્રાત્મક પગલાઓ લેતા (જુઓ પાનું ૨) ▶▶

# યુદ્ધની કટોકટી: પેટ્રોકેમિકલ પેદાશોને કસ્ટમ્સ ડયૂટીમાંથી મુક્તિ અપાઈ

નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે ભારત સરકારે સ્થાનિક ઉદ્યોગો અને સામાન્ય જનતાને નોંધપાત્ર રાહત આપી છે. નાણાં મંત્રાલયે મુખ્ય પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાત પર કસ્ટમ્સ ડ્યૂટીમાં છૂટ આપવાની જાહેરાત કરી છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ છૂટ ૩૦ જૂન સુધી અમલમાં રહેશે. આ પગલાનો હેતુ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષથી પ્રભાવિત સપ્લાય ચેઇનને ફરીથી સ્થાપિત કરવા માટે મુખ્ય ક્ષેત્રોમાં કાચા માલની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે.

પેટ્રોકેમિકલ ફીડસ્ટોક અને ઈન્ટરમીડિએટ્સ પર નિર્ભર સેક્ટર જેમ કે પ્લાસ્ટિક, પેકેજિંગ,

(જુઓ પાનું ૨) ▶▶

મુંબઈ સમાચાર આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહને

# વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છા



प्रधान मंत्री
Prime Minister

**સંદેશ**

મુંબઈ સમાચાર દ્વારા 'માતૃભાષા ભાગવત સપ્તાહ'નું અનોખું આયોજન થઇ રહ્યું છે તે પ્રસન્નતાનો અવસર છે.

આજથી બસ્સો વરસ પહેલાં માતૃભાષાનું મહત્વ સમજી શરુ થયેલા આ ઐતિહાસિક અખબારે વાચકોની અનેક પેઢીઓ દ્વારા સમાજ અને દેશ ઘડતર માટે મહત્વની ભૂમિકા ભજવી છે. કોઈપણ સભ્ય સમાજના ઘડતરમાં માતૃભાષા ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.


ભાગવત કથા ભક્તિયોગનું મહાત્મ્ય સમજાવતો પવિત્ર વેદાંત ગ્રંથ છે. વિવિધ ભાષાઓમાં બાળકૃષ્ણની લીલાઓનું રસાળ વર્ણન ઉત્કટ સ્નેહ, વાત્સલ્ય, શૃંગાર અને હાસ્ય-કરુણાના ચિત્રણ શ્રોતાને આગવા ભાવજગતમાં લઇ જાય છે, ભાષાની આ ચમત્કૃતિ છે. ભાગવત સપ્તાહના આયોજનમાં આ પવિત્ર ગ્રંથના તત્વજ્ઞાનની સાથે સાથે ભારતીય ભાષાઓનું મહાત્મ્ય અને ભાષાને સમૃધ્ધ બનાવનાર સાહિત્યકારોના જીવન અને કવન દર્શનને સામેલ કરવાનો નવતર વિચાર ઘણો પ્રશંસનીય છે.

ધાર્મિક પારાયણ સમાજ માટે એક પાઠશાળાની ભૂમિકા ભજવતી હોય છે. ભાષા, અધ્યાત્મ અને સંસ્કારનું આ પારાયણ સમાજમાં ધાર્મિક અને સામાજિક ચેતનાનું નિમિત્ત બની રહેશે એવો મને વિશ્વાસ છે. વ્યાસપીઠ પર બિરાજમાન પૂજ્ય ભાઈને મારા પ્રણામ.

સમગ્ર કથા આયોજનને શુભકામના.

(નરેન્દ્ર મોદી)

New Delhi
चैत्र 12, शक संवत् 1948
02 April, 2026

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હોર્મુઝ સ્ટ્રેઈટ યુદ્ધથી નહીં, મંત્રણાથી જ ખોલાવી શકાય

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ઈરાનને ખતમ કરી નાખવાની સનકના કારણે આખી દુનિયા પરેશાન છે. અમેરિકા અને ઈઝરાયલના હુમલાના વળતા જવાબમાં ઈરાને હોર્મુઝ સ્ટ્રેઈટ બંધ કરી દેતાં મિડલ ઈસ્ટના દેશોમાંથી ક્રૂડ ઓઈલ લઈ જતાં સેંકડો જહાજો અટવાઈ ગયાં છે ત્યારે અમેરિકાના સાથી યુનાઈટેડ કિંગડમ (યુકે)એ એક પહેલ કરી છે. આ પહેલના ભાગરૂપે યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરે દુનિયાના ૩૫ દેશોની બેઠક બોલાવીને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટેના રસ્તા શોધવા માટે મનોમંથન કરવાનો નિર્ણય લીધો છે.

ગુરુવારે વર્ચ્યુઅલી થયેલા પ્રાથમિક મનોમંથનમાં ઈરાન સાથે રાજદ્વારી સ્તરે મંત્રણા કરીને હોર્મુઝ સ્ટ્રેઈટ ખોલાવવા માટેના પ્રયત્નો પર ભાર મૂકાયો છે. અઠવાડિયાના અંતે મળનારી બેઠકમાં શું પગલાં લેવાં એ અંગે વિસ્તૃત ચર્ચા થાય પછી યુકે-ફ્રાન્સ સહિતના દેશો પોતાની વ્યૂહરચના સ્પષ્ટ કરશે. મહત્ત્વની વાત એ છે કે, અમેરિકા આ બેઠકથી દૂર રહ્યું છે ને મુખ્યત્વે યુરોપના દેશોના પ્રતિનિધીઓએ હાજરી આપી. તેના પરથી સ્પષ્ટ છે કે, અત્યાર લગી સાથે રહેલાં અમેરિકા અને યુરોપના દેશોમાં ફાટફૂટ પડી ગઈ છે અને યુરોપના દેશો પોતાનાં હિતો સાચવવા માટે અમેરિકાથી નોખો ચોકો બનાવી રહ્યાં છે.

આ બેઠકમાં ચર્ચા મુખ્યત્વે ત્રણ મુદ્દા પર કેન્દ્રિત હતી. પહેલો મુદ્દો હોર્મુઝ સ્ટ્રેઈટના દરિયાઈ રસ્તાને ખોલવા માટે કેવાં રાજદ્વારી અને રાજકીય પગલાં લઈ શકાય. બીજો મુદ્દો હોર્મુઝ સ્ટ્રેઈટમાં ફસાયેલાં જહાજો અને નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને ત્રીજો મુદ્દો જીવનજરૂરી ચીજવસ્તુઓની પહેલાંની જેમ જ અવરજવર ફરી શરૂ થઈ શકે અને સ્થિતિ સામાન્ય બને એ હતો. આ અભિગમ યોગ્ય છે કેમ કે યુદ્ધથી હોર્મુઝ સ્ટ્રેઈટ ખોલી શકાતી હોત તો અમેરિકાએ અત્યાર લગી ના ખોલાવી દીધી હોત?

આ અંગે શું નિર્ણય લેવાયા એ વિશે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી પણ આ બેઠક ડોનલ્ડ ટ્રમ્પના મોં પર સણસણતો તમાચો છે. અત્યાર લગી યુરોપના દેશોને પોતાના ઈશારે નચાવતા ટ્રમ્પને યુકે અને ફ્રાન્સની આગેવાનીમાં યુરોપીયન દેશોએ ચાટ પાડી દીધા છે. આ દેશોની બેઠકમાં હોર્મુઝ સ્ટ્રેઈટના દરિયાઈ રસ્તાને ખોલવા માટે રાજદ્વારી અને રાજકીય પગલાં લેવા વિશે ચર્ચા થઈ છે તેના પરથી સ્પષ્ટ છે કે, યુરોપના દેશો અમેરિકાને ઈરાન પરના હુમલામાં સાથ આપવા તૈયાર નથી કે આખી દુનિયા પરેશાન થાય એવા ટ્રમ્પના ગાંડપણમાં સાથ આપવા પણ તૈયાર નથી.

યુકે અને ફ્રાન્સ તો બહુ પહેલાં જ ટ્રમ્પને કોરાણે મૂકી ચૂક્યા છે. અમેરિકાએ યુકે સહિતના દેશોને હોર્મુઝ સ્ટ્રેઈટ ખોલાવવા માટે લશ્કર મોકલવા કહેલું પણ કીર સ્ટાર્મરે ઘસીને ના પાડી દીધી છે. તેના કારણે ડોનલ્ડ ટ્રમ્પ ગિન્નાયેલા છે પણ તેની પરવા કર્યા વિના કીર સ્ટાર્મરે તડ ને ફડ કરીને કહી દીધું છે કે, ઈરાન સામેનું યુદ્ધ અમારું યુદ્ધ નથી તેથી અમારું લશ્કર મોકલવાનો સવાલ જ પેદા થતો નથી. ફ્રાન્સે પણ કીર સ્ટાર્મરની વાતમાં હાજીયો પૂરાવેલો તેથી અમેરિકાના સૌથી નજીકના સાથી એવા બે દેશો યુદ્ધમાં નહીં જોડાય ને ડોનલ્ડ ટ્રમ્પની સનકને નહીં પોષે એ પહેલાં જ નક્કી થઈ ગયેલું. કીર સ્ટાર્મરે આ બેઠક બોલાવીને અમેરિકાને સંકેત આપી દીધો છે કે, દુનિયાના બીજા દેશો પણ અમારા જેવી જ વિચારધારા ધરાવે છે અને ટ્રમ્પના પાગલપનને કારણે યુદ્ધની પારકી ઉપાધિ વહોરવા તૈયાર નથી.

હોર્મુઝ સ્ટ્રેઈટ બંધ થઈ ગઈ તેમાં દુનિયાના મોટા ભાગના દેશોમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસની અછત વર્તાઈ છે. ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે ને સામાન્ય જનજીવન પણ ખોરંભે પડવા માંડ્યું છે. ક્રૂડના ભાવ વધી ગયા તેમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસ મોંઘાં થતાં જીવન જરૂરિયાતની ચીજોના ભાવ પણ ઊંચકાવા માંડ્યા છે કેમ કે દુનિયામાં બધે જ ટ્રાન્સપોર્ટેશન માટે પેટ્રોલ-ડીઝલનો જ ઉપયોગ થાય છે. દુનિયાના મોટા ભાગના દેશો હાલકડોલક થઈ ગયાં છે કેમ કે ક્રૂડના ભાવ વધ્યા તેના કારણે બોજો વધ્યો છે જ્યારે શેરબજારો તૂટી રહ્યાં છે. ક્રૂડ માટે મોટા ભાગના દેશો આયાત પર નિર્ભર છે ને શેરબજારો માટે વિદેશી રોકાણકારો પર અવલંબિત છે તેથી બંને બાજુથી ફટકો પડી રહ્યો છે.

આ કારણે દુનિયાના મોટા ભાગના દેશો અકળાયેલા તો હતા જ પણ અમેરિકાને કહેવાની હિંમત નહોતી ચાલતી. વાઘને કોણ કહે કે તારું મોં ગંધાય છે ? યુકે અને ફ્રાન્સે એ હિંમત કરી તેથી બીજા દેશોની હિંમત પણ ખૂલી ને સ્ટાર્મરની બેઠકમાં ૩૫ દેશો હાજર રહ્યા. આ આંકડો હજુ નાનો જ કહેવાય કેમ કે દુનિયાના કુલ દેશોની સંખ્યા ૨૦૦ કરતાં વધારે છે અને યુનાઈટેડ નેશન્સના સભ્ય દેશોની સંખ્યા જ ૧૯૩ તો છે. મતલબ કે, ૨૦ ટકાથી પણ ઓછા દેશો હોર્મુઝ સ્ટ્રેઈટ ખોલાવવા માટે સક્રિય થયા છે.

આશા રાખીએ કે, આ આંકડો ધીરે ધીરે વધશે અને અમેરિકા સામે બાંયો ચડાવીને બીજા દેશો પણ મેદાનમાં આવશે. એ જરૂરી પણ છે કેમ કે અમેરિકા ઈરાન મુદ્દે લુખ્ખી દાદાગીરી કરી રહ્યું છે. ટ્રમ્પે અમેરિકાને કરેલા સંબોધનમાં ઈરાન પર હુમલાને યોગ્ય ઠેરવવા માટે ત્રણ કારણો આપ્યાં છે. ટ્રમ્પનું કહેવું છે કે, ઈરાનનાં હથિયાર બનાવતાં કારખાનાંને ખતમ કરવાં, ઈરાનના નેવી અને એરફોર્સને ખતમ કરી નાખવાં અને ઈરાનને પરમાણુ હથિયાર બનાવતાં રોકવો એ અમેરિકાના ત્રણ મોટા ઉદ્દેશ્યો છે. આ ઉદ્દેશોને પાર પાડવા માટે જ હુમલો કરાયો છે.

ટ્રમ્પની વાત સાવ હાસ્યાસ્પદ છે. ઈરાને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવાની ખાતરી આપી છે પણ ટ્રમ્પ આ વાત માનવા તૈયાર નથી. ઈરાન યુરેનિયમને એનરિચ કરી રહ્યું છે તેની પાછળનો ઉદ્દેશ પરમાણુ શસ્ત્રો બનાવવાનો હોવાની રેકર્ડ ટ્રમ્પ વગાડ્યા કરે છે પણ તેના કોઈ પુરાવા નથી. ઈરાને પરમાણુ શસ્ત્રો બનાવવાનો પ્રોગ્રામ બંધ કરી દીધો હોવાનું અમેરિકાની ગુપ્તચર એજન્સીઓનાં હેડ તુલસી ગેબાર્ડ પોતે કહી ચૂક્યાં છે પણ ટ્રમ્પ તેમનું પણ સાંભળતા નથી. તેના પરથી સ્પષ્ટ છે કે ટ્રમ્પ ગમે તે બહાને ઈરાનને ખેદાનમેદાન કરવા માગે છે.

ટ્રમ્પની ઈરાનનાં નેવી-એરફોર્સને ખતમ કરી નાખવાની વાત તો સાવ વાહિયાત છે. કોઈ પણ દેશ પોતાની સુરક્ષા માટે નેવી-એરફોર્સ રાખે છે જ. ઈરાન પણ નેવી-એરફોર્સ પોતાની સુરક્ષા માટે રાખે છે ને એ અધિકાર ટ્રમ્પ કઈ રીતે છિનવી શકે? એ જ રીતે ઈરાનનાં શસ્ત્રો બનાવવાનાં કારખાનાં પણ કઈ રીતે બંધ કરાવી શકાય? આ શસ્ત્રો આતંકવાદ કે દુનિયાને પરેશાન કરવા માટે વપરાતાં હોય તો સમજ્યા પણ એવા કોઈ પુરાવા નથી પછી કઈ રીતે તેમને બંધ કરી શકાય? ટ્રમ્પ પોતાના સનકીપણાને પોષવા યદ્ધ છેડીને બેસી ગયા છે. તેના કારણે દુનિયા પતી જાય એ પહેલાં બીજા દેશો પણ આગળ આવે એ જરૂરી છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૩-૪-૨૦૨૬, ગુડ ફ્રાઈડે, ભગવાન શ્રી એકલિંગજી મહારાજનો પાટોત્સવ (કૈલાસપુરી)

- ભારતીય દ્દિનાંક ૧૩, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૬મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૧૯-૨૪ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર કન્યામાં સવારે ક. ૦૬-૨૮ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા, ર, ત
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૨-૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૨ (તા. ૪)
- ઓટઃ સવારે ક. ૦૬-૩૬, સાંજે ક. ૧૮-૫૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – પ્રતિપદા. ગુડ ફ્રાઈડે, ભગવાન શ્રી એકલિંગજી મહારાજનો પાટોત્સવ (કૈલાસપુરી)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજન, નવા વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, નૌકા બાંધવી, પ્રથમ વાહન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ, બી વાવવું, મંગળ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, બીલીનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, નવાં વસ્ત્રો, આભૂષણ, વિદ્યારંભ, મહેંદી લગાવવી, નવા વાસણ, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, ચંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક.
- આચમનઃ બુધ-ગુરુ ત્રિકોણ હાસ્યરસમાં રુચિ રહે, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ પરિવારના સભ્યો સાથે વ્યવહારુ બનવું જરૂરી રહેશે.
- ખગોળ જ્યોતિષઃ બુધ-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-મીન, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ઈરાન લડાઈ વખતે છમકલું કર્યું તો જોવા જેવી કરીશું: રાજનાથની પાકિસ્તાને ચેતવણી

કોચીઃ ઈરાન યુદ્ધને કારણે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે ભારતના પડોશી દ્વારા કરવામાં આવેલા કોઈપણ કમનસીબ પગલાની સ્થિતિમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે ભારતના પડોશી સામે નિર્ણાયક કાર્યવાહીની કડક ચેતવણી આપી હતી.

૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર અમેરિકા-ઇઝરાયલ હુમલાઓ બાદ મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થયું છે.

વર્તમાન પરિસ્થિતિમાં આપણો પાડોશી કોઈપણ દુઃસાહસ કરી શકે છે. જો તે આવું કરે છે, તો ભારતની કાર્યવાહી અભૂતપૂર્વ અને નિર્ણાયક હશે, તેવું સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કોઈનું નામ લીધા વિના કહ્યું, અને ઉમેર્યું કે ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી.

રાજનાથ સિંહની ટિપ્પણી પાકિસ્તાનનો ઉલ્લેખ કરતી હોય તેવું લાગતું હતું, જેના વિરુદ્ધ ભારતે ગયા વર્ષે મે મહિનામાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદૂર લશ્કરી હુમલા શરૂ કર્યા હતા.

દેશમાં ઇંધણ સંકટની અફવાઓને ફગાવી દેતા, રાજનાથ સિંહે તેમના સંબોધનમાં કહ્યું, ''કેટલાક લોકો પશ્ચિમ એશિયામાં આ સંઘર્ષ પર જૂઠાણું ફેલાવીને ગભરાટ ફેલાવવા માંગે છે. દેશમાં પેટ્રોલ-ડીઝલની અછત નથી, કે ગેસની અછત નથી. ભારત કોઈપણ ઊર્જા સંકટનો સામનો કરવા માટે તૈયાર છે.''

## હોર્મુઝ પરિષદઃ ભારત પણ જોડાયું મંત્રણામાં

નવી દિલ્હીઃ યુનાઈટેડ કિંગડમ (યુકે) ગુરુવારે યોજાયેલી હોર્મુઝ સામુદ્રધુની ખોલવા અંગેની લગભગ ૩૫ દેશની પરિષદમાં વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ઈરાને હોર્મુઝનો વ્યૂહાત્મક જળમાર્ગ આંશિક રીતે બંધ કર્યો હોવાથી આખા વિશ્વનો તેલ અને ગેસનો પુરવઠો ખોરવાઈ ગયો છે. વિક્રમે ઓનલાઈનના માધ્યમથી સમિટમાં જોડાઈને પશ્ચિમ એશિયાની આંતરરાષ્ટ્રીય શિપિંગ લેનની સુરક્ષા અંગે ભારતનું વલણ જણાવ્યું હતું.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સાપ્તાહિક પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે ભારતને લાગેવળગે છે ત્યાં સુધી તમે જાણો છો કે ભારત આંતરરાષ્ટ્રીય કયાદા પ્રમાણે મુક્ત અને ખુલ્લા કમર્શિયલ શિપિંગ અને દરિયાઈ સુરક્ષાની તરફેણમાં છે. ભારત ટોચની પ્રાથમિકતા તરીકે હોર્મુઝમાંથી સલામત અને મુક્ત રીતે જહાજોનું આવાગમન થાય એની તરફેણમાં છે. હોર્મુઝ સામુદ્રધુનીમાં સ્થિરતા સ્થાપવાની જરૂરિયાત અંગે ચર્ચા કરવા અમે તમામ પક્ષકાર સાથે વાતચીત કરી રહ્યા છીએ એમ જણાવતાં ચીને ગુરુવારે કહ્યું હતું કે દરેકે આ દિશામાં કામ કરવાની જરૂર છે, એમ ચીનનાં વિદેશ ખાતાનાં પ્રવક્તા માઓ નિન્જે કહ્યું હતું.

## 'સર'નો વિવાદ

# બંગાળમાં અદાલતી અધિકારીઓને બાનમાં લેવાતા સુપ્રીમ કોર્ટ ધૂંઆપૂંઆ

### મમતાના રાજ્યને સૌથી વધુ ધ્રુવીકરણવાળું રાજ્ય ગણાવ્યું: વહીવટીતંત્ર સાવ નિષ્ફળ ગયું હોવાની આકરી ટીકા

નવી દિલ્હીઃ 'સર' ઝુંબેશ દરમિયાન માલદા જિલ્લામાં સાત અદાલતી અધિકારીને ઘેરી લઈ તેમના પર હુમલો કરી તેમને બાનમાં રાખવા સંબંધિત ઘટનાને મામલે દાખવેલી કથિત નિષ્ક્રિયતા બદલ સુપ્રીમ કોર્ટે ગુરુવારે પશ્ચિમ બંગાળ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા અને ઘટનાને મામલે સીબીઆઈ-એનઆઈએ દ્વારા સ્વતંત્ર તપાસનો આદેશ આપ્યો હતો.

રાજ્ય વહીવટી તંત્રની આકરી ટીકા કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ ઘટનાએ રાજ્ય વહીવટી તંત્રની નિષ્ફળતાને સંપૂર્ણપણે ઉઘાડી પાડી દીધી છે.

પશ્ચિમ બંગાળ દેશનું સૌથી વધુ ધ્રુવીકરણ ધરાવતું રાજ્ય હોવાનું નિરીક્ષણ કોર્ટે કર્યું હતું. ચૂંટણીગ્રસ્ત રાજ્યમાં હાલ ચાલી રહેલી મતદારયાદીની 'સર'ની કવાયત દરમિયાન ફરજ બજાવી રહેલા જ્યૂડિશિયલ અધિકારીને પૂરતી સુરક્ષા પૂરી પાડવા વધારાના કેન્દ્રીય દળને ગોઠવવા કોર્ટે ચૂંટણી પંચને જણાવ્યું હતું. બુધવારે બનેલી આ ઘટનાને મામલે સીબીઆઈ-એનઆઈએ જેવી એજન્સીને સ્વતંત્ર રીતે તપાસ સોંપવાની ખાતરી કરવાનો અને વહેલામાં વહેલી તકે અહેવાલ સુપરત કરવાનો કોર્ટે આદેશ આપ્યો હતો. જે એજન્સીને આ તપાસની જવાબદારી સોંપવામાં આવે તેણે તપાસનો પ્રાથમિક અહેવાલ સુપ્રીમ કોર્ટને સોંપવાનો રહેશે એવો આદેશ તેમણે આપ્યો હતો.

'સર'ની પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીમાં નામ ઉમેરવા કે બાકાત કરવા સંબંધિત ઉઠાવવામાં આવેલા ૬૦ લાખ જેટલા વાંધાઓને ઉકેલવા પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના ૭૦૦ જેટલા અધિકારીને કામે લગાડવામાં આવ્યા છે. કોલકાતા હાઈ કોર્ટના ન્યાયાધીશે લખેલા પત્રમાં ભયાનક અને ડરામણી રાતની એ ઘટનાની વિગતો આપવામાં આવી હતી જેમાં અસામાજિક તત્ત્વોએ ત્રણ મહિલા અને પાંચ વર્ષના એક બાળક સહિત જ્યુડિશિયલ અધિકારીઓને નવ કલાક સુધી ભૂખ્યાં-તરસ્યાં બાનમાં રાખ્યાં હતાં.

# ઈરાનના પ્રમુખે અમેરિકનોને લખેલા પત્રમાં સુલેહનો માર્ગ?

તહેરાનઃ ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને અમેરિકના નાગરિકોને લખેલા પત્રમાં સૌમ્ય અને નરમ ભાષા વાપરીને અમેરિકાને રાજદ્વારી પ્રયાસો ગંભીરતાથી કરવાનું ઈજન આપ્યું છે. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે પણ અમેરિકાની જનતાને સંબોધન કર્યું છે. આ પત્ર વડે ઈરાન એ જોવા માગે છે કે ટ્રમ્પ તેમના રાજકીય અહમ્ જાળવી રાખવા માગે છે કે કેમ.

અમેરિકા અને ઈઝરાયલ સાથે ઈરાનના યુદ્ધમાં છેલ્લા ૨૪ કલાકમાં ઘણું બધુ બદલાઈ ગયું છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રજોગી સંબોધનમાં એ અટકળોને આંચકો આપ્યો હતો કે પશ્ચિમ એશિયનું યુદ્ધ ઝડપથી સમાપ્ત થશે. ટ્રમ્પ સાફ કહે છે કે હજી બે-ત્રણ અઠવાડિયા યુદ્ધ ચાલી શકે. ટ્રમ્પના સંબોધન બાદ ઈરાને ઈઝરાયલ પર ભારે ડ્રોન અને મિસાઈળ વડે હુમલા કર્યા છે. બીજી બાજુ ઈઝરાયલના લેબેનોન અને ઈરાન પરના હુમલા ચાલુ છે.

ઈરાનના પ્રમુખે અમેરિકાના લોકોને લખેલો ખુલ્લો પત્ર અમેરિકાને પડકાર દેવાની સાથે શાંતિની ફોર્મ્યુલા પણ રજૂ કરે છે. આ પત્રમાં પેઝે શ્કિયાન કહે છે કે ઈરાનની અમેરિકાની જનતા સાથે કોઈ દુશ્મની નથી. આ પત્ર જે લોકો ભ્રામક વાતો અને કાલ્પનિક કહાનીના પુર વચ્ચે સત્યની શોધ ચાલુ રાખે અને બહેતર જીવનની આકાંક્ષા રાખે છે એ લોકો માટે છે. તેઓ વધુમાં લખે છે કે ઈરાનના લોકોમાં બીજા દેશ માટે કોઈ શત્રુતા નથી. આમાં અમેરિકા, યુરોપ અને પડોશી દેશના લોકો સામેલ છે. ઈરાનના પ્રમુખે ઈરાનના ઈતિહાસનો આધાર લેતા લખ્યું હતું કે ઈરાન એવો દેશ છે જેણે બીજા દેશ પર હુમલો કર્યો નથી એ વિસ્તારવાદમાં માનતું નથી. ઈરાનના પ્રમુખ અમેરિકાને અમેરિકાના અહંકારને પોષ તા ઈરાનના અણુ કાર્યક્રમ અંગેની ચિંતા દૂર કરવાની કોશીશસ કરી છે. તેમણે કહ્યું હતું કે ઈરાને અણુ કાર્યક્રમ અંગે વાતચીત ચાલુ રાખી હતી, પરંતુ અમેરિકએ સમજૂતીથી પીછેહઠ કરીને અથડામણ તરફ આગળ વધીને બે વાર વિનાશકારી પસંદગી સ્વીકારી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયલ ઈરાનના અણુ કાર્યકમને જોખમ ગણે છે. ઈરાન આના બચાવમાં કહે છે કે તેણે આધુનિક ઈતિહાસમાં કદી આક્રમણ કે વિસ્તારવાદ કર્યુ નથી. ટ્રમ્પ ઈરાન પર પ્રચંડ દબાણ લાવીને તેને ઝુકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે ઈરાનના પ્રમુખે પત્ર લખીને સન્માનજનક અને શાંત ભાષામાં અમેરિકાને અપીલ કરી છે.

# હોર્મુઝ ખાડીની સલામતી વિશે 'ભારતીય મિત્રો' નચિંત રહેઃ ઈરાન

તહેરાનઃ હોર્મુઝ સામુદ્રધુનીની સ્થિતિ અંગે ભારતીય મિત્રોએ ચિંતા કરવાની જરૂર ન હોવાનું જણાવતાં ઈરાને ગુરુવારે ખાતરી આપી હતી કે તેઓ સુરક્ષિત હાથોમાં છે.

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે જહાજોની અવરજવર માટે ચાવીરૂપ ગણાતા હોર્મુઝ સામુદ્રધુની માર્ગ પર અંકુશ મેળવવાને મામલે તણાવપૂર્ણ સ્થિતિ નિર્માણ પામી હોવા વચ્ચે ભારતસ્થિત ઈરાનની એલચી કચેરીએ સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

ભારત એવા જૂજ મિત્ર દેશોમાંનો એક છે જેનાં જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થવાની પરવાનગી આપવામાં આવી છે.

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધ વકર્યું હોવા છતાં ઈરાને ગયા અઠવાડિયે પણ ભારતીય જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થવાની પરવાનગી આપી હતી. હોમુર્ઝ સામુદ્રધુની તેલના વૈશ્વિક વેપાર માટે ચાવીરૂપ જીવાદોરી છે.

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ઈરાને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી તેલનાં જહાજોના પસાર થવા પર રોક લગાવી છે જેને કારણે વિશ્વભરમાં ઊર્જાની કટોકટી વધુ ઘેરી બની છે.

# ઈન્ડોનેશિયામાં ૭.૪નો ભૂકંપઃ એકનું મોત

માનાડો (ઈન્ડોનેશિયા): દરિયા નીચે આવેલા ૭.૪ની તીવ્રતાના ભૂકંપને કારણે ઉત્તર ઈન્ડોનેશિયાસ્થિત એક ઈમારત આંશિક રીતે તૂટી પડતાં એક જણનું મોત થયું હતું.

ભૂકંપને કારણે ગભરાયેલા લોકોએ નાસભાગ કરી મૂકી હતી.

ઉત્તર સૂલાવાસીમાં ભૂકંપને કારણે એક ઈમારતનો હિસ્સો તૂટી પડતાં ૭૦ વર્ષની મહિલાનું મોત થયું હતું.

ભૂકંપને લીધે નાનું સુનામી પણ નોંધાયું હતું. સામાન્ય ભરતીની સરખામણીએ ભૂકંપના અડધા કલાક બાદ ૩૦ ઈંચ વધુ ઊંચા મોજા નોંધાયા હતા.

ઉત્તર માલુકુ પ્રાન્તના પડોશમાં આવેલા ટર્નેટ સિટીના ઉત્તર સૂલાવેસી પ્રાન્તના બિટૂન્ગમાં ૧૦થી ૨૦ સેકન્ડ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નજીકના વિસ્તારમાં પચાસ જેટલા આફ્ટર શૉક અનુભવાયા હતા.

ભૂકંપના એક કલાક બાદ સ્થાનિક હવામાન ખાતાએ સુનામીનું ઍલર્ટ પાછું ખેંચી લીધું હતું. (એજન્સી)

# માર્ચમાં યુપીઆઈના ૨૨.૬૪ અબજ વિક્રમી ટ્રાન્ઝેક્શન

નવી દિલ્હીઃ યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) મારફતે આ વર્ષના માર્ચ મહિનામાં વિક્રમજનક ૨૨.૬૪ અબજ ટ્રાન્ઝેક્શન થયા હોવાના અહેવાલ છે. માર્ચ ૨૦૨૬માં યુપીઆઈએ ૨૨.૬૪ અબજ ટ્રાન્ઝેક્શનની સિદ્ધિ મેળવી છે. ડિપાર્ટમેન્ટ ઑફ ફાઈનાન્શિયલ સર્વિસિસે સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં લખ્યું હતું કે ડિજિટલ પેમેન્ટને સ્વીકૃતિ આપી આ ક્રાન્તિને આગળ ધપાવવા બદલ આભાર, ભારત. માર્ચ ૨૦૨૫માં યુપીઆઈ મારફતે ૧૮.૩ અબજ ટ્રાન્ઝેક્શન થયા હોવાની સરખામણીએ આ વરસે એ જ સમયગાળામાં યુપીઆઈ મારફતે ૨૨.૬૪ અબજ ટ્રાન્ઝેક્શન થયા હતા. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

## યુદ્ધની કટોકટી

કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, ઓટોમોટિવ કમ્પોનેન્ટ્સ અને અન્ય ઉત્પાદન ક્ષેત્રોને આ ડ્યુટીમાં છૂટનો ફાયદો મળશે. આ છૂટથી સરકારી તિજોરી પર ૧,૮૦૦ કરોડ રૂપિયાનો બોજ પડશે.

એક નિવેદનમાં નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને તેના પરિણામે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં આવેલા વિક્ષેપોને ધ્યાનમાં રાખીને સરકારે ૩૦ જૂન સુધી કેટલાક જરૂરી પેટ્રોકેમિકલ્સ ઉત્પાદનો પર સંપૂર્ણ કસ્ટમ્સ ડ્યૂટી છૂટ આપવાનો નિર્ણય લીધો છે. આ પગલું સ્થાનિક ઉદ્યોગ માટે મહત્ત્વપૂર્ણ પેટ્રોકેમિકલ ઇનપુટ્સની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા, ડાઉનસ્ટ્રીમ ક્ષેત્રો પર ખર્ચ દબાણ ઘટાડવા અને દેશમાં સપ્લાયની સ્થિરતા જાળવવા માટે કામચલાઉ અને લક્ષિત રાહત તરીકે લેવામાં આવ્યું છે. આનાથી અંતિમ ઉત્પાદનોના ગ્રાહકોને પણ રાહત મળશે.

જે માલસામાનો પર કસ્ટમ્સ ડ્યુટીમાંથી છૂટ આપવામાં આવી છે તેમાં મિથેનોલ, નિર્જલ અમોનિયા, ટોલ્યૂનિ, સ્ટાઈરીન, ડાયક્લોરોમીથેન (મેથિલિન ક્લોરાઇડ), વિનાઇલ ક્લોરાઇડ મોનોમર, પોલી બ્યૂટાડાઈન, સ્ટાઈરીન બ્યૂટાડાઈન અને અસંતૃપ્ત પોલિએસ્ટર રેઝિનનો સમાવેશ થાય છે. પશ્ચિમ એશિયા યુદ્ધ દરમિયાન શિપિંગ રૂટમાં વિક્ષેપને કારણે ખાતર, ક્રૂડ તેલ અને કુદરતી ગેસની આયાત અંગે ચિંતા વધી છે. ભારત ખાતર અને પેટ્રોલિયમનો મુખ્ય આયાતકાર છે.

નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયલે ઇરાન સામે લશ્કરી હુમલા શરૂ કર્યા પછી વૈશ્વિક ક્રૂડ તેલના ભાવમાં લગભગ ૫૦ ટકાનો વધારો થયો છે. ઈરાને પણ જવાબી હુમલાઓ કર્યા હતા. સરકારે ગયા અઠવાડિયે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર ૧૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો કારણ કે તે ચાલુ યુદ્ધ દરમિયાન ગ્રાહકોને વધતા વૈશ્વિક ક્રૂડ તેલના ભાવની અસરથી બચાવી શકાય. સાથે જ ડીઝલ પર પ્રતિ લિટર ૨૧.૫૦ રૂપિયા અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ પર પ્રતિ લિટર ૨૯.૫૦ રૂપિયાની નિકાસ ડ્યુટી પણ લાદી હતી. પેટ્રોલ પર એક્સાઇઝ ડ્યૂટી ઘટાડીને ૩ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે, જ્યારે ડીઝલ પર તે હાલમાં શૂન્ય છે.

## યુદ્ધ અધૂરું

કરી, તેની માઠી અસર વિશ્વના શૅરબજારો અને ખનિજ તેલના ભાવ પર પડી હતી. ક્રૂડ ઑઇલના ભાવમાં ચાર ટકા કરતાં વધુનો ઉછાળો આવ્યો હતો.

ટ્રમ્પે ઇરાન સાથેના યુદ્ધમાં અમેરિકાના સૈનિકો પણ માર્યા ગયા હોવાનું કબૂલ કર્યું હતું.

તેમણે ઇરાનમાં અમેરિકાના ભૂમિદળના વધુ સૈનિકો મોકલવાના અહેવાલ અંગે કંઇ નહોતું કહ્યું. આ ઉપરાંત, 'નાટો'નો પણ ઉલ્લેખ નહોતો કર્યો.

અમેરિકાના પ્રમુખે હોર્મુઝ સામુદ્રધુની સામાન્ય જહાજોની અવરજવર માટે ખુલ્લી મૂકવામાં 'નાટો'ના સભ્ય દેશો અમેરિકાને સાથ આપતા નહિ હોવાનો અગાઉ આક્ષેપ કર્યો હતો. તેમણે હોર્મુઝ ખાડી ખુલ્લી મૂકવા માટે ઇરાનને છ એપ્રિલની મહેતલ પણ આપી હતી.

ટ્રમ્પે ઇરાન સામેના યુદ્ધમાં હજી વધુ સમય લાગવાનો હોવાનો નિર્દેશ આપતા જણાવ્યું હતું કે આ લડાઇને હજી ફક્ત ૩૨ દિવસ જ થયા છે. પ્રથમ વિશ્વ યુદ્ધ એક વર્ષ, સાત મહિના અને પાંચ દિવસ ચાલ્યું હતું, જ્યારે બીજું વિશ્વ યુદ્ધ ત્રણ વર્ષ, આઠ મહિના અને પચીસ દિવસ ચાલ્યું હતું. છેલ્લાં ચાર અઠવાડિયાં દરમિયાન અમેરિકાના દળોને ઘણી સફળતા મળી છે. (એજન્સી)

## રૂપિયો

ગઈકાલે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૧૮૮ પૈસા મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૧૫૨ પૈસા ઉછળીને ૯૪ની સપાટીની અંદર ઊતરીને ૯૩.૧૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તેજીનું વલણ તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

ગઈકાલે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત સોમવારના ૯૪.૭૦ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૪.૬૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૬૩ અને ઉપરમાં ૯૨.૮૨ સુધી મજબૂત થઈને અંતે ઘણાં વર્ષો પછીના સૌથી મોટા ૧૫૨ પૈસાના ઉછાળા સાથે ૯૩.૧૮ના મથાળે બંધ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે ગત મંગળવારે બજાર મહાવીર જયંતી નિમિત્તે અને બુધવારે બૅન્ક ચરલી ક્લોઝિંગ ડે નિમિત્તે બંધ રહી હતી.

## અમેરિકા સામે

નેતાઓની સાથે ચર્ચાવિચારણા કરી રહ્યું છે.

તહેરાને અમેરિકા અને ઇઝરાયલને વધુ ઉગ્ર હુમલાની ધમકી આપી હતી.

ઇરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર કલીબાફે સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે દુશ્મનોનો સામનો કરવા અને દેશનું રક્ષણ કરવા માટે ઇરાનના ૭૦ લાખ યોદ્ધા તૈયાર છે.

ઇરાનમાં નિવૃત્ત સૈનિકો અને અન્ય લોકોને શસ્ત્રો લઇને લડાઇમાં જોડાવા માટે હાકલ કરાઇ રહી છે. ઇરાન પોતાના લશ્કરમાં ૧૨ વર્ષ કે તેનાથી મોટી ઉંમરના છોકરાઓને, નિવૃત્ત સૈનિકો અને અન્ય લોકોને દેશની રક્ષા માટે લડવા શસ્ત્રો આપીને તેઓની લશ્કરમાં ભરતી કરી રહ્યું છે.

ઇરાનના અર્ધલશ્કરી દળ – રિવોલ્યુશનરી ગાર્ડના 'બસીજ ફોર્સ'માં મોટા પાયે ભરતી ચાલી રહી છે.

ઇરાને જણાવ્યું હતું કે જે દેશ પોતાને દુનિયાનો સૌથી વધુ શક્તિશાળી ગણાવે છે, તેનો સામનો કરવાની ઇરાનના લોકોમાં તાકાત છે.

ઇરાનના લશ્કરના ઉચ્ચ અધિકારી લેફ્ટનન્ટ કર્નલ ઇબ્રાહિમ ઝોલ્ફાઘરીએ દાવો કર્યો હતો કે ઇરાન પાસે શસ્ત્રો અને મિસાઇલ્સનો હજી વિપુલ જથ્થો છે અને દુશ્મનોને ખબર નથી એવા સ્થળે તે રખાયો છે.અમેરિકાના નૌકાદળનો પાંચમો કાફલો જ્યાં છે, તે બાહરીનમાં ગુરુવારે અવારનવાર હુમલાની ચેતવણી આપતી સાઇરન વાગી હતી. (એજન્સી)


Greenz
BY DANUBE
ફુલ્લી ફર્નિશ્ડ
ટાઉનહાઉસ અને વિલા
૩.૫ મિલિયન દિરહામથી શરૂ
પ્રાઈમ લોકેશન
વળતરની ઉત્તમ તકો

### ૬. પરચુરણ

**જ્વેલર્સ**
બસરા મોતી ખાકા મોતી હીરાના કલર સ્ટોનના જૂના દાગીના. ઉંચી કિંમતે ખરીદનાર તુરંત રોકડા- 9821369617/ 8976938117. (એસડીબી-૩૧૬૨)

### ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**
જે. પી. રોડ, ભરડાવાડી, નવું બિલ્ડીંગ, 2/3 બેડરૂમ, 2.25/ 3.25 કરોડ, કાર પાર્કિંગ સાથે. સંપર્ક: મનીષ- 9324512690. (બી-૧૭૩૪૧)

**બોરીવલી વેસ્ટ**
દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ, 630' @ 2.35 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-ડી)

**બોરીવલી વેસ્ટ**
દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ જોડી, 1232' @ 4.60 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-એ)

**MULUND (WEST),**
Lal Bahadur Shastri Road Roadtouch, G+1, 2000 sq. ft. Shop (Ideal for Bank, Retail, Showroom, Restaurant) for Sale. Ct: 9321480063. (B-17355)

FOR SALE FULLY FURNIshed Vastu Complaint, 2 BHK - 695 sqft, 1 Car Park, Chembur (East) Station Distance 500 meters. Jain Derasar Distance - 750 meters. Contact: 8898970942. (B-17356)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**VASAI EAST**
Available NA Plots for Industrial Purpose. Rs. 11 Lakhs for 1000 sqft. for more details Call - 9869873769. (B-17357)

### ૨૦. ધંધાદારી જગ્યા

**''બોરીવલી વેસ્ટ''**
આઈ.સી. કોલોની ખાતે - રોડ ટચ - ૫૦૭ ચોરસ ફૂટ દુકાન + ૨૯૬ ચોરસ ફૂટ બંધ ગેરેજ, વેચાણ/ ભાડા માટે ઉપલબ્ધ - બેક ઓફિસ, એજન્સી, ટ્યુશન ક્લાસ, ક્લિનિક, ગોડાઉન વગેરે માટે યોગ્ય, શાંત વિસ્તાર - વધુ વિગતો માટે સંપર્ક કરો - વર્ધમાન રિયલ્ટર્સ - ૯૮૨૦૪૯૦૩૧૧. (બ્રોકરનું પણ સ્વાગત છે.) (૯૨૨-એ)

VIKHROLI (WEST), LAL Bahaddur Shashtri Marg, Indraprastha Commercial - Prime Office Space for Sale. 1200 Square Feet (Carpet), Second Floor, 12 Feet Height, Next to Big IT Park & Metro Station, Railway Station 7 Minutes Walk. Rs. 3.30 Cr. (Negotiable) Contact: Dinesh Motta (Owner) 9820155784. (B-17310)

### ૩૧. નાણાંકીય

**લોન ઉપલબ્ધ**
ફોર પ્રોપર્ટી, બિઝનેસ, પર્સનલ - કોલ - અંકુશ: 98198 73769. (બી-૧૭૩૪૪)

### ૩૨. જમીન - મિલકત

WEEKEND HOME PROJECT for Sale 25 NA Plots + 1 Bungalow & Clubhouse (Ready) on 2,09,000 sq.ft. Land. Prime Location: 73 kms from Statue of Unity / Kevadia, 32 kms from Vadodara Airport. High Growth Investment. Call: 99136 32165. (B-17342)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતીષ**
**જન્મતારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ ક્યા વર્ષમાં ક્યારે, માર્ગદર્શન ફી - આપના આશીર્વાદ. વાતો ન કરો રીઝલ્ટ માંગો. 7304586200. (૯૫૨-જી)**

**સમર્થ જ્યોતીષ**
**જન્મતારીખ સમય વોટ્સઅપ કરો. જીવનમાં મુંઝવતા કઠિનમાં કઠિન પ્રશ્નોનું માર્ગદર્શન. વાતો ન કરો રીઝલ્ટ માંગો. ફી આપના આશીર્વાદ. 9702993707. (૯૫૨-એફ)**

**શાસ્ત્રીજી**
જુના જાણકાર ઘેર બેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૩૨૬)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)


# જુહુ-ડીએન નગરમાં ૪૦૦થી વધુ ઈમારતોના પુનર્વિકાસનો માર્ગ આખરે મોકળો!

## ઈમારતની ઊંચાઈનો અવરોધ દૂર થયો

મુંબઈઃ જુહુમાં હાઇ ફ્રીક્વન્સી રડારને કારણે ૪૦૦ થી વધુ ઇમારતોના પુનર્વિકાસનું કામ અટકી ગયું હતું પરંતુ હવે તેને વેગ મળવાની શક્યતા છે. એરપોર્ટ ઓથોરિટીએ દરેક પુનર્વિકાસ પ્રોજેક્ટની અલગથી તપાસ કરવા અને ઇમારતની ઊંચાઈ નક્કી કરવા માટે એક અલગ સમિતિની રચના કરી છે. આ સમિતિ આ સંદર્ભમાં નિર્ણય લેશે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ૧૮ માર્ચે એક પરિપત્ર બહાર પાડ્યો હોવાથી ડીએન નગરમાં તમામ ઇમારતો અને જુહુ ગુલમહોર રોડ પર ૭૦ ટકા ઇમારતોના અટકેલા પ્રોજેક્ટ આગળ વધશે. હવે દરેક ઇમારતના પ્રપોઝલની ઊંચાઈ કેસ-બાય-કેસ આધારે મંજૂર કરવામાં આવશે. દહિસર અને ડીએન નગર વિસ્તારોમાં એરપોર્ટ ઓથોરિટીની જમીન પર ટ્રાન્સમીટર અને રીસીવર સ્ટેશનોની આસપાસ ઇમારતોની ઊંચાઈના નિયંત્રણોને કારણે ઘણા પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ અટકી ગયા છે. આ રડારને વૈકલ્પિક સ્થળોએ સ્થાનાંતરિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આનાથી જુહુ અને ડીએન નગર વિસ્તારોમાં પુનર્વિકાસનો માર્ગ મોકળો થવાની શક્યતા છે.

એરપોર્ટ વિસ્તારમાં ઇમારતોની ઊંચાઈ અંગે આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન તરફથી કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા નથી. એરપોર્ટ વિસ્તારમાં ઇમારતોની ઊંચાઈ પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

### ૭૧ લાખ બહેનો 'લાડકી' નથી

# અપાત્ર બહેનો પાછળ થયેલા ૨૧,૩૦૦ કરોડ રૂપિયાનું શું?

મુંબઈઃ મહાયુતી સરકારની બહુચર્ચિત 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ' યોજનામાં માર્ચ અંત સુધીમાં કરવામાં આવેલી ચકાસણીમાં ૭૧ લાખ બહેનો અપાત્ર ઠરી છે. સરકાર આ મહિલાઓને નવેમ્બર ૨૦૨૪થી દર મહિને ૧,૫૦૦ રૂ.ની આર્થિક સહાય આપી રહી હતી, જેનો માસિક ખર્ચ રૂ. ૧૦૬૫ કરોડ થતો હતો. છેલ્લા ૨૦ મહિનામાં આ અપાત્ર ઠરેલી બહેનો પાછળ સરકારે આશરે રૂ. ૨૧,૩૦૦ કરોડ ખર્ચ્યા છે. હવે પ્રશ્ન એ ઊભો થયો છે કે અપાત્ર ઠરેલી મહિલાઓ પર ખર્ચવામાં આવેલી આટલી મોટી રકમ સરકાર પરત મેળવશે કે જતી કરશે?

નવેમ્બર ૨૦૨૪ થી આ યોજનાની ચકાસણી ધીમે-ધીમે શરૂ થઈ હતી. તે દરમિયાન આ યોજનાનો ગેરફાયદો ઉઠાવનારાઓની સંખ્યા ઘણી મોટી હોવાનું સ્પષ્ટ થયું હતું. તેથી આ યોજનાના ડેટા ચકાસણી કરવી જરૂરી હતી. તે માટે 'લાડકી બહિણ'ની પાત્રતા અને અપાત્રતા ચકાસવા માટે બે વખત મુદત વધારીને માર્ચ ૨૦૨૬ સુધી કેવાયસી કરવામાં આવ્યું. અંદાજે ૧ કરોડ ૯૦ લાખ લાડકી બહેનોએ કેવાયસી કરાવ્યું, જેમાંથી એક કરોડ ૭૫ લાખ બહેનો પાત્ર ઠરી હતી. માર્ચના અંત સુધીમાં બે કરોડ ૪૭ લાખ લાડકી બહેનોમાંથી એક કરોડ ૭૫ લાખ પાત્ર બહેનોને બાદ કરતા ૭૧ લાખ પ્રિય બહેનો અયોગ્ય હોવાનું સ્પષ્ટ થયું છે.

છેલ્લા પાનાનું ચાલુ

## શિંદેના ઓપરેશન

રાઉતે દાવો કર્યો હતો કે અમારા એક પણ સાંસદને તોડી શકાશે નહીં. બીજી તરફ, કેટલાક એનસીપી (એસપી)ના નેતાઓએ છ સાંસદોને તોડવામાં આવશે તેવા દાવાને પણ ફગાવી દીધો હતો.

### ભાજપનો વાસ્તવિક ડર શું છે?

ભાજપના પક્ષના નેતાઓ ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર સાથે મોટી રાજકીય દુશ્મનાવટ લેવાની કોઈ ઇચ્છા ધરાવતા નથી. સૂત્રોએ જણાવ્યું છે કે કેન્દ્રમાં ભાજપના પક્ષના નેતાઓએ સ્પષ્ટ કરી દીધું છે કે જો શરદ પવારના જૂથના સાંસદો રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ)માં જોડાવા માગતા હોય, તો તેમણે સુનેત્રા પવારની એનસીપીમાં જોડાવું જોઈએ અને પછી જ કેન્દ્ર સરકારને ટેકો આપવો જોઈએ. રાજકીય વિશ્લેષકોના મતે, હાલમાં ભાજપને કેન્દ્રમાં પોતાની તાકાત વધારવાની જરૂર નથી. તેથી વધુ એક વખત પક્ષ તોડવા કરતાં ભાજપે કદાચ પોતાનું રાજકીય અસ્તિત્વ જાળવી રાખવું અને સાથી પક્ષોને નિયંત્રણમાં રાખવાનું વધુ મહત્વનું માન્યું હશે. એક અંદાજ એવો પણ છે કે ભાજપે નાયબ મુખ્ય પ્રધાન શિંદેના ઓપરેશન ટાઇગર અને ઓપરેશન તુતારી પર બ્રેક લગાવી દીધી છે. આ દરમિયાન, જો ભાજપે શિંદે જૂથના પ્રચાર પર બ્રેક લગાવી દીધી હોવા છતાં પણ શું તેમને કેન્દ્રમાં વધુ બે મંત્રી પદ આપવામાં આવશે? એ જોવું મહત્વપૂર્ણ રહેશે.

## દિલ્હીમાં ડિનર

સાંસદ નાગેશ આષ્ટિકર અને યવતમાલ-વાશિમના સાંસદ સંજય દેશમુખે આ ભોજન સમારંભમાં હાજરી આપી હતી. રાજ્યમાં સત્તા સંઘર્ષ અને બંને જૂથો વચ્ચેના તીવ્ર મતભેદો વચ્ચે ઠાકરે જૂથના સાંસદોની શિંદે જૂથના પ્રધાનોના ઘરે મુલાકાત રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ મુલાકાત અંગે મીડિયા સાથે વાત કરતા સાંસદ નાગેશ આષ્ટિકરે બધી અટકળોને ફગાવી દીધી છે. પ્રતાપરાવ જાધવના લગ્નની વર્ષગાંઠ હતી. તેમણે અમને આમંત્રણ આપ્યું હતું, તેથી અમે તેમને શુભેચ્છા પાઠવવા માટે તેમના ઘરે ગયા હતા, એવી આષ્ટિકરે સ્પષ્ટતા કરી. તેમણે એમ પણ કહ્યું કે, ૫-૧૦ મિનિટની મુલાકાતનો કોઈ રાજકીય અર્થ ન કાઢવો જોઈએ. અમે એક જ ગૃહના સભ્યો છીએ, તેથી આનંદ અને દુઃખમાં એકબીજાને મળવું એ મહારાષ્ટ્રની સંસ્કૃતિ છે.

## અશોક ખરાત

હતી કે તેઓ તેના વ્યક્તિગત જીવન વિશે કંઈ પણ જાણતા નથી. જોકે, જે પતસંસ્થા દ્વારા અશોક ખરાતે કરોડો રૂપિયાના વ્યવહારો કર્યા હતા, તે જ સંસ્થામાં રૂપાલી ચાકણકરની સગી બહેન પ્રતિભા ચાકણકરનું બેંક ખાતું હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું હતું કે પ્રતિભા ગણેશ ચાકણકરના નામે રહેલા આ ખાતામાંથી ૪૦ થી ૫૦ કરોડ રૂપિયાના વ્યવહારો થયા હતા.

### વધુ એક બળાત્કારના કેસમાં ખરાત સાત દિવસના પોલીસ રિમાન્ડ પર

નાશિક : મહારાષ્ટ્રના નાશિક જિલ્લાની એક કોર્ટે ગુરુવારે અશોક ખરાતને બીજા બળાત્કારના કેસમાં સાત દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલ્યો. ખરાત પર આરોપ છે કે તેણે ધાર્મિક વિધિઓના બહાને ૨૦૨૦ થી એક મહિલાનું અનેક વખત જાતીય શોષણ કર્યું હતું.

બીજા બળાત્કારના કેસમાં બુધવારે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ દ્વારા ધરપકડ કરાયેલા ખરાતને જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ બી.એન. ઈચપુરાણી સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે તેને આઠમી એપ્રિલ સુધી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

## ભૂતપૂર્વ સુરક્ષારક્ષક

લાગેલું તાળું તૂટેલું જોયું હતું. આથી તેમણે દેરાસરના ટ્રસ્ટીઓને બનાવની જાણ કરી હતી અને ત્યાર બાદ અંદર જઇને તપાસ કરાતાં ભગવાન સીમંધરસ્વામીની મૂર્તિ પરના દાગીના ચોરાયા હોવાનું જણાયું હતું. દરમિયાન ટ્રસ્ટના કાર્યકારી સભ્ય જયેશ જૈને આ પ્રકરણે કાલાચોકી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે તપાસ દરમિયાન ઘટનાસ્થળ સહિત ૨૦૦થી ૩૦૦ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાંના એક ફૂટેજમાં આરોપી નજરે પડ્યો હતો. આરોપી અગાઉ દેરાસરમાં સુરક્ષારક્ષક તરીકે કામ કરી ચૂક્યો હતો અને તે મધ્ય પ્રદેશ ભાગી છૂટ્યો હોવાનું તપાસમાં જણાયા બાદ પોલીસની ટીમ તેને પકડવા માટે મધ્ય પ્રદેશ રવાના કરવામાં આવી હતી. મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લામાં પહોંચેલી પોલીસ ટીમને માહિતી મળી હતી કે આરોપી તેના ગામમાં સગાના ઘરમાં છુપાયો છે. આથી પોલીસ ટીમ આરોપીના સગાના ઘરે પહોંચી હતી. પોલીસને જોઇ આરોપી તેના સગાના ઘરના છાપરા પરથી બીજા ઘરના છાપરા પર કૂદકો મારીના ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી તમામ દાગીના પણ જપ્ત કરવામાં આવ્યા હતા, એમ અધિકારીએ કહ્યું હતું.

## મુંબ્રામાં માનેલી

ચાલી રહી છે. આરોપી જયન શિવાનંદર નાયર (૫૧)ની માનેલી બહેનની અકબર શેખ, અબ્દુલ હસન શેખ અને અહમદ શેખે છેડતી કરી હતી, જેની જાણ જયન નાયરને થઇ હતી. આથી રોષે ભરાયેલો જયન ગુરુવારે સવારના રિવોલ્વર લઇને ઘટનાસ્થળે પહોંચી ગયો અને ત્રણેય જણ સાથે તેનો વિવાદ થયો હતો. વિવાદ ઉગ્ર બનતાં જયને રિવોલ્વર કાઢીને ત્રણેય જણ પર ગોળીબાર કર્યો હતો અને બાદમાં ત્યાંથી ફરાર થઇ ગયો હતો.

મુંબ્રા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અનિલ શિંદેએ જણાવ્યું હતું કે ગોળીબારમાં ઘવાયેલા ત્રણેયને મુંબ્રાની કાલસેકર હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં અકબર શેખનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. અકબરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે હત્યા, હત્યાનો પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી જયનની શોધ ચલાવી હતી અને તેને બાદમાં રિવોલ્વર સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો, એમ શિંદેએ જણાવ્યું હતું.

## શિંદે જૂથની ચોક્કસ

શિંદે જૂથમાં જોડાયા હોત, તો તેમના સાંસદોની સંખ્યા ૧૯ સુધી પહોંચી ગઈ હોત. જોકે, ભાજપે 'ઓપરેશન ટાઇગર' અને 'ઓપરેશન તુતારી'ને પહેલાથી જ લાલ ઝંડી આપી દીધી છે. વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું હતું કે કેન્દ્રીય પ્રધાન અમિત શાહ તેમની અગાઉની દિલ્હી મુલાકાત દરમિયાન એકનાથ શિંદેને મળ્યા ન હતા તેના પરથી કેટલાક સંકેત આપવામાં આવ્યા હતા.

## ભાજપની લાલ ઝંડી

ઉપયોગ કરી શકે છે. શિંદેએ ભૂતકાળમાં પણ ભાજપના નેતાઓ પર દબાણ યુક્તિઓનો ઉપયોગ કરવા માટે પોતાની રાજકીય શક્તિનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે રાજ્ય પ્રધાનમંડળમાં મહત્વપૂર્ણ પદો માટે રાજકીય દબાણની રમત રમી હતી. આ વાત સમજીને, દિલ્હીમાં પક્ષના નેતાઓએ શિંદેના ઓપરેશન ટાઇગર અને ઓપરેશન તુતારી પર બ્રેક લગાવી હોવાનું કહેવાય છે.

## દહિસર-મીરા

બિલબોર્ડ લગાવવામાં આવ્યા હતા, જ્યારે આ તૈયારીઓ અંતિમ તબક્કામાં હતી, ત્યારે જ હવે લોકાર્પણની તારીખ ત્રીજી એપ્રિલથી લંબાવીને છઠ્ઠી એપ્રિલ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે, નાયબ મુખ્ય પ્રધાનને કોઈ મહત્ત્વનું કામ આવી પડતા તેમજ અન્ય કેટલાક કારણોસર આ કાર્યક્રમ આગળ ધપાવવામાં આવ્યો છે. આથી પ્રવાસીઓએ હવે વધુ ત્રણ દિવસની રાહ જોવી પડશે.

## પહેલા પાર્થને

વળસે-પાટિલ, ચેતન તુપે, શેખર નિકમ, સુબોધ મોહિતે, સરોજ આહિરે, સના મલિક, જય પવાર અને ધીરજ શર્માનો ઉલ્લેખ સંગઠનાત્મક અને ચૂંટણી માળખા તરીકે કરવામાં આવ્યો છે. સુનિલ તટકરેનો ઉલ્લેખ પ્રદેશ પ્રમુખ તરીકે નથી કરવામાં આઆવ્યો અને પ્રફુલ પટેલનો પણ રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આના પછી એનસીપીમાં બે જૂથો પડી ગયા છે અને સુનેત્રા પવાર પટેલ-તટકરેને કદ પ્રમાણે વેતરી રહ્યા છે એવા સવાલો ઉઠી રહ્યા છે.

**પાર્થ કેન્દ્રમાં, જય પાર્ટી સંગઠનમાં**

અજિત પવારના અકાળ અવસાન પછી, સુનેત્રા પવારે પાર્ટીની જવાબદારી સંભાળી. તેઓએ રાષ્ટ્રીય અધ્યક્ષ પદની જવાબદારી સંભાળવા ઉપરાંત રાજ્યના પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન બન્યા. પાર્થ પવારને રાજ્યસભાના સાંસદ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, તે પછી હવે જય પવારને પાર્ટીમાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. પાર્થ પવાર સાંસદ બનશે અને રાજ્યસભામાં પાર્ટીનું પ્રતિનિધિત્વ કરશે, જ્યારે જય પવાર પાર્ટીના સંગઠનમાં કામ કરશે.

## મુંબઈને ૪૪૦ મિલ્યન

એવો ભૂકંપપ્રતિરોધક બાંધકામ કરવામાં આવવાનું છે. તેમ જ મિડલ વૈતરણાની માફક જ આ બંધ પર પણ વીજ ઉત્પાદનનો પ્રોજેક્ટ ઊભો કરવામાં આવવાનો છે. મુંબઈ મહાનગરપાલિકાએ ૨૦૧૪માં મિડલ વૈતરણા બંધનું બાંધકામ કર્યા બાદ નવો કોઈ બંધ અથવા પાણીપુરવઠાનો સ્રોત ઊભો કર્યો નહોતો. તેથી પાણીની માગણી અને પુરવઠામાં તફાવત વધી ગયો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં ગારગાઈ બંધ માટે ૪૩૭ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. પાલિકાની ચૂંટણી પહેલા ગારગાઈ બંધ માટે ટેન્ડર મગાવવામાં આવ્યા હતા અને હવે સત્તા સ્થાપના બાદ પહેલા મહિનામાં જ ભાજપ-શિંદે સેનાની યુતિએ સ્થાયી સમિતિમાં ગારગાઈ બંધના પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે.

સ્થાયી સમિતિની પહેલી બેઠકમાં ગારગાઈ બંધનો પ્રસ્તાવ મંજૂરી માટે આવ્યો હતો. જોકે અંદાજિત રકમ કરતા ૧૧ ટકા બોલી વધુ હોવાથી સ્થાયી સમિતિએ પ્રસ્તાવને ફેરવિચાર માટે મોકલ્યો હતો. વાટાઘાટ બાદ કૉન્ટ્રેક્ટરે ૧.૯૬ ટકા દર ઓછા કર્યા હોવાથી આ પ્રોજેક્ટને ખર્ચ કર સહિત ૩૪૫ કરોડ રૂપિયાથી ઘટી ગયો છે.

ગારગાઈ બંધ એ મુંબઈની નજીક રહેલા પાલઘર જિલ્લાના વાડા તાલુકામાં ઓગદે ગામ પાસે ગારગાઈ નદી પર બાંધવામાં આવવાનો છે. ગારગાઈ નદી પર ૩૯ મીટર ઊંચાઈનો ૯૭૯.૪ મીટર લંબાઈનો બંધ બાંધવામાં આવવાનો છે, પણ એ સાથે જ ગારગાઈથી મોડક સાગર જળાશય વચ્ચે અંદાજે ૧.૬ કિલોમીટર લંબાઈની વોટર ટનલનું બાંધકામ, હાઈડ્રો ટર્બીન, વૃક્ષોનું પ્રત્યારોપણ, અસરગ્રસ્ત ગામના પરિવારનું પુનર્વસન માટે પાયાભુત સુવિધાનો વિકાસના કામનો પણ સમાવેશ થાય છે.

### વિલંબને કારણે પ્રોજેક્ટનો ખર્ચ વધી ગયો

મુંબઈ મહાનગરપાલિકાએ ૧૯૯૪માં મુંબઈના પાણીપુરવઠા બાબતે અભ્યાસ કરીને એક્શન પ્લાન બનાવવા માટે ડૉક્ટર માધવરાવ ચિત્તળેની સમિતિ બનાવી હતી. આ સમિતિએ ગારગાઈ અને પિંજાણ અને મિડલ વૈતરણા આ ત્રણ બંધનો એક્શન પ્લાન મુંબઈ મહાનગરપાલિકાને તૈયાર કરી આપ્યો હતો. રાજ્ય સરકારે ૨૦૧૩માં ગારગાઈ બંધ પ્રોજેક્ટ મુંબઈ માટે હોવાનું જાહેર કર્યું હતું. જોકે આટલા વર્ષો સુધી આ પ્રોજેક્ટ રખડી પડયો હતો. પાલિકાએ ૨૦૧૦માં આ પ્રોજેક્ટનો ખર્ચ ૩,૧૦૫ કરોડ રૂપિયા નક્કી કર્યો હતો પણ વર્ષો સુધી અટવાઈ પડતા આ પ્રોજેક્ટની કિંમત હવે ૫,૦૫૧ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે.

### વન વિભાગ અને વાઈલ્ડ લાઈફની મંજૂરી બાકી

પાલિકાની સ્થાયી સમિતિ તરફથી મંજૂરી મળી ગઈ છે. જોકે પ્રશાસનને આ પ્રોજેક્ટ માટે હજી સેન્ટ્રલ વાઈલ્ડ લાઈફ બોર્ડ તેમ જ રાજ્ય અને કેન્દ્ર સરકારના વન વિભાગ પાસેથી મંજૂરીઓ મેળવવાની બાકી છે. પહેલા વર્ષમાં છ અસરગ્રસ્ત ગામનું સ્થળાંતર કરવા માટે મંજૂરી મેળવવામાં અને માળખાગત સુવિધાઓ ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. બીજા વર્ષથી બંધનું બાંદકામ અને ત્રીજા વર્ષે ઈલેક્ટ્રિકલ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં બંધના વીજળીના ખર્ચને સરભર કરવા માટે ૧,૨૦૦ કેવી હાઈડ્રોપાવર યુનિટનો પણ સમાવેશ થાય છે.

## હિન્દુ મરણ

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**
સિહોર નિવાસી હાલ પનવેલ ગં. સ્વ. પ્રીતીબેન (ઉં. વ. ૬૨) તા. ૧-૪-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે તે પંકજભાઇ મહેતાના પત્ની. તે અરુણાબેન પ્રવીણચંદ્ર મહેતાના પુત્રવધૂ. તે અંજલીબહેન ભાવિનકુમાર બધેકા તથા કાર્તિકના માતા. તે દીપ્તીબેન ભરતકુમાર દેસાઇ, જાગૃતીબેન યોગેશકુમાર મહેતા તથા કમલેશભાઇના ભાભી. તે સંગીતા કમલેશ મહેતાના જેઠાણી. તે પુષ્પાબહેન દીનમણીશંકર જોષીના દીકરી. તે હંસાબેન ચંદ્રશેખર ભટ્ટ, રેખાબેન કિશોરકુમાર ભટ્ટ તથા અનીલભાઇ અને દીપકકુમારના બેન. પ્રાર્થનાસભા તા. ૩-૪-૨૬, શુક્રવારે શ્રીવાંઝા જ્ઞાતીની વાડી, ઘનામલ સ્કૂલની સામે, હેમુકલાની મેઇન રોડ, કાંદિવલી (વેસ્ટ), સાંજે ૪થી ૬. લૌકિક પ્રથા બંધ છે.

**પટેલ**
પિજના, સ્વ. તુલસીદાસ અને ગં.સ્વ. મધુબેન પટેલના પુત્ર. મિનેશ, જયેશના નાના ભાઈ આશિષકુમાર પટેલ (ઉં. વ. ૫૮) ૨૮મીએ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌ. વ્ય. બંધ છે.

**દશા ઝારોળા વણિક**
ભાવનગર નિવાસી હાલ ભાયંદર, મૃદુલા મનસુખલાલ કાપડિયા (ઉં. વ. ૭૪) તે સ્વ. મીનાક્ષી કાંતિલાલ ગાંધી, સુશીલા સુરેશ મહેતા, વર્ષા (બિંદુ) દિનેશ મહેતા, સ્વ. પ્રદીપના બહેન. ૩૦/૩/૨૬ના રોજ દેવલોક પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**
વેરાવળ નિવાસી હાલ મીરારોડ, પ્રવિણચંદ્ર જેઠાલાલ દોશી (ઉં. વ. ૯૫) તે કમળાબેનના પતિ. કમલેશ, દક્ષા, હરેન્દ્ર, ભારતેન્દુના પિતા. અજેશકુમાર, બીના, માલિની, ભાવનાના સસરા. સ્વ. મુક્તાબેન દુર્લભજી ગાઠાણીના જમાઈ. કનક, કિશોર, સ્વ. જનક, અશ્વિનના બનેવી. ૧/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૪/૪/૨૬ના સાંજે ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, સર્વોદય હોલ, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**રાજપૂત ક્ષત્રિય**
ગામ વડાલા કચ્છ હાલ બોરીવલી, ગં.સ્વ. નિર્મલાબા મનુભા જાડેજા (ઉં. વ. ૮૩) મંગળવાર તા. ૩૧.૦૩.૨૬ના વૈકુંઠધામ પામ્યા છે. તે જયેન્દ્રસિંહ, હરદેવસિંહ, ગિરીરાજસિંહના માતૃશ્રી, હર્ષાબા, ઉષાબા અને રક્ષાબાના સાસુમા, કરણસિંહ, જીતરાજસિંહ, બીનાબા, સ્નેહાબા અને શ્રેયાબાના દાદીમા. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર-સુથાર**
ગામ ચોગઠવાળા હાલ ગોરેગામ, સ્વ. ધીરજ દાવડા (ઉં. વ. ૭૫) તા. ૩૦.૩.૨૬ને સોમવારે સ્વર્ગલોક પામ્યા છે. તે સ્વ. લાભુબેન જગજીવનદાસ દાવડાના સુપુત્ર. સ્વ. હસુમતીના પતિ. મયુરભાઈ તથા સ્વ. અંકિતભાઈના પિતાશ્રી. હીરના દાદા. મધુબેન, રમેશભાઈ, હંસાબેન તથા ઇલાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૩.૪.૨૬ને શુક્રવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦. સ્થળઃ શ્રી લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, અંબાજી મંદિર પાસે, કાર્ટર રોડ નંબર ૩, બોરીવલી (ઇસ્ટ), દાડા તથા લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ગુર્જર સુતાર**
મૂળ ગામ ભુજપુર હાલ મુંબઈ, મહેશભાઈ મહેન્દ્રભાઈ ગજજરના ધર્મપત્ની નયનાબેન (ઉં. વ.૭૩) તે સ્વ. કુસુમબેન વાલજીભાઇ લાલજીભાઈ કોન્ટ્રાકટરના દીકરી. ધીરેન તથા ભાવિકના માતુશ્રી. આરતી તથા પૂનમના સાસુ. રાજેશ તથા લીનાના ભાભી. ૩૧/૩/૨૬ રોજ નાસિક મુકામે અક્ષરધામ પામેલ છે. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે

**હાલાઈ લોહાણા**
ગામ કલાણા હાલ ઘાટકોપર, ડાહ્યાભાઈ ગોકળદાસ રાજા (ઉં. વ. ૮૫) તા. ૧-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબહેનના પતિ. સ્વ. કમળાબહેન નરસિહદાસ કોટકના જમાઈ. વિપુલભાઈ, રાજૂભાઈ, જયશ્રી અતુલકુમાર વિઠ્ઠલાણી, જ્યોતી દિપકકુમાર ગણાત્રાના પિતા. સ્વ. રામજીભાઈ, સ્વ. ઓધવજીભાઈ, સ્વ. મગનભાઈ, ગં.સ્વ. ગંગાબહેન, ગં.સ્વ. સવિતાબહેન, ગં.સ્વ. રમાબહેનના ભાઈ. સ્વ. નિપાબહેન, સુરભીબહેનના સસરા. ખુશ્બુ, વિધિ, વૈભવીના દાદા. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**
કેરીયાનાગસવાળા, હાલ કલકતા, સ્વ. ભોગીભાઈ વૃજલાલ મહેતાના પુત્ર લલીતભાઈ ભોગીલાલ મહેતા (ઉં. વ. ૬૯) તા. ૧/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ગં.સ્વ. જયશ્રીના પતિ. મિહિર તથા તેજશના પિતા. નીકીતાના સસરા. મુકેશભાઈ, સ્વ. યોગેશભાઈ તથા હેમંતભાઈના ભાઈ. સરેશવાળા મણીલાલ દુર્લભભાઈ દોશીના જમાઈ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**લોહાણા**
મૂળ ગામ જુનાગઢ હાલ બોરીવલી, નિપુણભાઈ (ઉં. વ. ૭૬) મંગળવાર તા.૩૧/૦૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. પ્રભાબેન પોપટલાલ મથુરાદાસ રાજાના દીકરા. સ્વ. મધુબેનના પતિ. શૈલેષભાઈ, જનકભાઈ, પુષ્પાબેન ગોરધનદાસ બાટવીયા, હેમાબેન મહેન્દ્રભાઈ તન્ના, કલ્પનાબેન પ્રકાશભાઈ ઠક્કરના ભાઈ. અનિષા દિપક રૂપારેલ, નમિષા આશિષ ચોટાઈ, દેવલ નિમેષ ઠક્કર, શિતલ રૂચિર દાવડા, આશિષના પિતાશ્રી. સ્વ. અમરશીભાઈ પોપટલાલ લાલના જમાઈ. પ્રાર્થનાસભા, શુક્રવાર, તા. ૦૩/૦૪/૨૬ના સાંજના ૪ઃ થી ૬ઃ૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી સંઘ, એલ.ટી. રોડ, બોરીવલી પશ્ચિમ.

**કપોળ**
નાગેશ્રીવાળા હાલ કાંદીવલી, સ્વ. મનુભાઈ જમનાદાસ મહેતાના ધર્મપત્ની અનસુયાબેન (ઉં. વ. ૯૯) તે ઉપેન્દ્ર-જયશ્રી, જગદીશ- ભાવના, અશોક-કોકિલા, પ્રકાશ- માયા, હંસા કિશનદાસ પારેખના માતા, સાવરકુંડલાવાળા હરખજી ભાણજીની દીકરી. ધર્મેશ- જેસલ, સંદીપ-સીમા, હર્ષ -પૂજા, નિશાંત- મોરની, મોહિત-મહેક, વિભા દીપેશ, અમી સમીર, તેજલ જીગ્નેશ, હેતલ આશિષ, હિરલ જયદીપ, પ્રીતિ જીમિત, પૂજા પ્રશાંત, પ્રિયલ -રાજના દાદી. તા. ૧-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૪-૨૬ને શનિવારે સાંજે ૫ થી ૭. લોટસ બેન્કવેટ, ચોથો માળ, રઘુલીલા મોલ, પોઈસર ડેપોની પાછળ, બોરીવલી વેસ્ટ.

**કપોળ**
અમરેલીવાળા હાલ ઘાટકોપર સ્વ. પ્રભુદાસ ધરમશી પારેખના પુત્ર સ્વ. પ્રતાપ પ્રભુદાસ પારેખના ધર્મપત્ની ગં. સ્વ. જસવંતીબેન (ઉં. વ. ૮૬) તે અમીતા, ભાવેશ, જીગીશાના માતુશ્રી. જયેન્દ્ર રાજેન્દ્ર પારેખ, શેફાલી, ગૌરાંગ શરદ મહેતાના સાસુ. રાજુલાવાળા સ્વ. ભાઇચંદ હરગોવિંદદાસ મહેતાના દીકરી. રાધાના દાદી તા. ૧-૪-૨૬ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૩-૪-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. પાટીદાર વાડી, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ).

**કચ્છી લોહાણા**
ગં. સ્વ. મંગલાબેન શામજી તન્ના (ઉં. વ. ૮૨) તે સ્વ. શામજી ગોવિંદજીભાઇ તન્નાના ધર્મપત્ની કચ્છ ગામ મોટી ધુફી હાલે મુલુંડવાળા મંગળવાર, તા. ૩૧-૩-૨૬ના રામશરણ પામ્યા છે. તે રાજુ, રમેશ, ભાવના, સ્વ. લતા અને પ્રીતિના માતોશ્રી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૩-૪-૨૬ના ઠે. સારસ્વત વાડી મુલુંડ (વેસ્ટ), સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**ધરણગામ ભાટિયા**
સ્વ. વિવેકાનંદ જીવનલાલ ભાટિયા (ઉં. વ. ૭૮) સ્વ. સૌ. સરલાબેનના પતિ. તથા સ્વ. નગીનદાસ મથુરાદાસ પારેખના જમાઇ. તથા સ્વ. નવનીતલાલ, વિજયસિંહ, સ્વ. નટવરલાલ , સ્વ. વિનયાનંદ, સ્વ. સુભાષ, ગં.સ્વ. લિલાવતીબેન, ગં. સ્વ. પ્રમિલાબેન અને ગં. સ્વ. ઉર્મિલાબેનના ભાઇ. સૌ. માનસી અને ડો. અજયના પિતા. રાજેશ વેદ તથા સૌ. અવનિબેનના સસરા. વેષ્ણવીના દાદા તથા પ્રાચીના નાના તે મંગળવાર, તા. ૩૧-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઉઠમણું : તા. ૩-૪-૨૬ શુક્રવારના સાંજે ૪થી ૫.

## પારસી મરણ

દોરાબ બરજોરજી ઇલાવિયા (ઉં. વ. ૭૩) તા. ૩૧-૩-૨૬ના ગુજરી ગયા છે. મરહુમ પરવીઝના પતિ. મરહુમ બરજોરજી અને મરહુમ પિરોજાના દીકરા. શહરીનાઝ મુનશીના પિતા. વાસ્પન મુનશીના સસરા. મરહુમ કેકી, દીનશૉ, મરહુમ ધન શાહેર, માણેક, મરહુમ ગુસ્તાદ, જહાંગીર, હિલ્લા બિલિમોરીયાના ભાઇ. ઠે. ૧૭, તારાચંદ બિલ્ડિંગ, પહેલો માળ, ફ્લેટ નં.૩, ગામડિયા કોલોની, તારદેવ, મુંબઇ-૭.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**
વઢવાણ નિવાસી હાલ (નવજીવન મુંબઇ-નાથાભવાનવાળા) સ્વ. જયાબેન વૃજલાલ વાડીલાલ શાહના સુપુત્ર કમલેશભાઇ (ઉં. વ. ૭૩) તા. ૧-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ગીતાબેનના પતિ. શ્રેણીક, નિકીતાના પિતા. ઝીનલ તથા કુમારભાઇના સસરા. તે સ્વ. દિનકરભાઇ, જીતુભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. સરોજબેન ચંદ્રકાંત દોશી, સર્યુબેન અજિતકુમાર ગોપાણીના ભાઇ. ધ્રાંગધ્રા નિવાસી સ્વ. નટવરલાલ વૃજલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩-૪-૨૬ શુક્રવારના સાંજે ૩.૩૦થી ૫.૩૦ ઠે. ધ પાટકર ઓડિટોરિયમ, ૧, એન. ટી. રોડ, એસ.એન.ડી.ટી. કોલેજ, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**
નાની તુંબડીના ભાઇલાલ કુંવરજી ખુથીયા (ઉં. વ. ૭૯) તા. ૩૧-૦૩-૨૬ના ન્યુ જર્સી, અમેરીકા મધ્યે દેહ ત્યાગ કરેલ છે. તે સ્વ. લીલબાઈ કુંવરજીના સુપુત્ર. હેમલતા ના પતિ. ડીમ્પુ, ઝીલ, કુંજના પિતા. તે સ્વ. મણીબેન ભવાનજી (ફરાદ્રી), સ્વ. ચુનીલાલ, સ્વ. ખીમજી (શાંતીલાલ), સ્વ. ઝવેરબેન (બચુ) (નાના આસંબીયા), સ્વ. ચંપકલાલ, સુંદરજી, સંસારપક્ષે હર્ષરત્ન મ. સા. ના ભાઈ. મોથારાના શીવજી આણંદજી સાગરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી.

ગુંદાલાના રમેશ કુંવરજી દેઢીયા (ઉં. વ. ૭૪) ૦૧-૦૪-૨૬ના અવસાન પામેલ છે. રતનબેન કુંવરજીના પુત્ર. ભારતીના પતિ. ખુશ્બુ, સ્વ. રાહુલના પિતા. સ્વ. પ્રવિણ, ચંદન, વિનેશના ભાઇ. ગામ હમીપર વિરજી દામજી માવના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ચેતન લધારામ ભાનુશાલી, સાહસી એપાર્ટમેન્ટ, બી/૧૦૨, બારદાન ગલી, બજારપેઠ, કલ્યાણ (વેસ્ટ), મુંબઇ.

કપાયાના લક્ષ્મીચંદ કુંવરજી ગોગરી (ઉં. વ. ૭૨) તા. ૩૦-૩-૨૬ના અવસાન પામેલ છે. ગંગાબેન કુંવરજી ઉકેડાના પુત્ર. ભાવના (ઝવેર) ના પતિ. હેમલ, અમીત, પ્રીતેશના પિતા. ભાણજીના નાના ભાઈ. પ્રતાપુરના લક્ષ્મીબેન તેજશી મોણશી ના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ, સંચાલિત શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦.

વાંઢ હાલે ડોંબિવલીના જયંતિલાલ નંદુ (ઉં. વ. ૮૪) તા.૩૧/૩ ના અવસાન પામેલ છે. મણીબાઈ કુંવરજી મેઘરાજના સુપુત્ર. વિમળાના પતિ. લક્ષા, નરેન, જાનકી, પલ્લવી, રાજાનંદુના પિતા. શામજી (ગાભુબાપા), ડોણના લધીબાઈ તલકશી છેડા, કોડાયના ગંગાબાઈ ભવાનજી સાવલા, લક્ષ્મીબેન એમ શાહના ભાઈ. ડોણના ઉમરબાઈ સુરજી ગોગરીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજા નંદુ, ૧/૪, ઘનશ્યામ ભુવન, ગુપ્તે રોડ, ડોંબિવલી (વેસ્ટ) ૪૨૧૨૦૨.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**
વાલાવડ નિવાસી હાલ કાંદિવલી (વેસ્ટ), કુ. ભ્રાન્તી (રૂપા) બેન (ઉં. વ. ૫૩) તે જયંતીલાલ રમણીકલાલ વોરા, તે સ્વ. પ્રમિલાબેન વોરાની પુત્રી. સ્વ. સોના, મનિષની બહેન. રીનાબહેનના નણંદ. પરીની ફઇબા. તા. ૩૧-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
બોરડા મહુવા નિવાસી હાલ અંધેરી, મનસુખલાલ કલ્યાણજી શાહ (ઉં. વ. ૯૨) તે સ્વ. હંસાબેનના પતિ. તે નીશા-ઉર્વીશ, ઇશાની-કૌશલના પિતાશ્રી. તે ઇશા, વીરેનકુમાર બીંજલ પ્રાતી જીનયના દાદા. તે સ્વ. પ્રભુભાઇ, સ્વ. ચીમનભાઇ, કાંતીભાઇ, સ્વ. વિનોદભાઇ, સ્વ. જશીબેન મોહનલાલ દોશી અને હિરાબેન રમણીકલાલ શાહના ભાઇ. તે ભગવાનદાસ બોડા-પોરબંદરવાળાના જમાઇ બુધવાર, તા. ૧-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# વિમાનની ટિકિટ કરતાં નવી મુંબઈ એરપોર્ટ પહોંચવું વધુ મોંઘું

મુંબઈઃ નવી મુંબઈ એરપોર્ટ પરથી ઉડાન ભરતા અને આગમન થતા વિમાનોની સંખ્યા ભલે વધી રહી હોય, પરંતુ સાર્વજનિક પરિવહન વ્યવસ્થાનો અભાવ જોવા મળી રહ્યો છે. નવી મુંબઈ એરપોર્ટથી અંધેરી જવા માટે એક મુસાફરે ઉબેર ટેક્સી માટે ત્રણ હજાર રૂપિયા ચૂકવવા પડ્યા હતા. વિમાનની ટિકિટ કરતા પણ નવી મુંબઈ એરપોર્ટથી મુસાફરી કરવી વધુ મોંઘી સાબિત થઈ રહી હોવાથી, મુસાફરો દ્વારા વધુ બસો અને મીટર ટેક્સીની માગ કરવામાં આવી રહી છે.

ગયા વર્ષે ૨૫ ડિસેમ્બરથી કાર્યરત થયા બાદ નવી મુંબઈ એરપોર્ટ પર વિમાનો અને મુસાફરોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. પરંતુ એરપોર્ટ પહોંચવા માટે લાગતો સમય અને વધતા ખર્ચને જોતા નવી મુંબઈ એરપોર્ટને પણ બેંગલુરુ એરપોર્ટ જેવી જ સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે, તેવી ભીતિ મુસાફરો વ્યક્ત કરી રહ્યા છે.

રતન શારદા નામના મુસાફરે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું કે, નવી મુંબઈ એરપોર્ટથી અંધેરી જવા માટે તેને ઉબેર ટેક્સીનું ૩,૦૦૦ રૂ. ભાડું ચૂકવવું પડ્યું. તેમણે આ સ્થિતિની સરખામણી બેંગલુરુ એરપોર્ટ સાથે કરતા કહ્યું હતું કે, ત્યાં પણ એરપોર્ટ સુધી પહોંચવું ખૂબ જ ખર્ચાળ અને સમય માગી લે તેવું છે. અન્ય મુસાફરોએ પણ આ મોંઘા પ્રવાસ અંગે સોશિયલ મીડિયા પર નારાજગી વ્યક્ત કરી છે.

અન્ય એક મુસાફરે જણાવ્યું હતું કે તેમને સામાન માટે એક કલાકથી વધુ અને કેબ માટે વધારાની ૩૦ મિનિટ રાહ જોવી પડી હતી. કેટલાક મુસાફરોએ પરિવહન સેવાઓની ખામીઓ પર પ્રકાશ પાડતા, સમગ્ર મુંબઈથી નવી મુંબઈ એરપોર્ટ સુધી નિયમિત અંતરે એસી બસો ચલાવવાની માગ કરી હતી. ■

## એક કલાકની મુસાફરી મિનિટોમાં

# બદલાપુર પૂર્વ-પશ્ચિમ મુસાફરી સરળ બનશે

થાણે : બદલાપુર પૂર્વ થી પશ્ચિમ જવું હવે સરળ બનવા જઈ રહ્યું છે. આ સંદર્ભમાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે અને કલ્યાણ-કર્જત રેલવે લાઇન પર એક નવો ફ્લાયઓવર બનાવવામાં આવશે. આ ફ્લાયઓવર બદલાપુર પશ્ચિમમાં બેરેજ રોડ પરથી રેલવે લાઇન પાર કરશે અને પૂર્વમાં ઔદ્યોગિક વસાહત નજીક હોપ પાવર હાઉસ એટલે કે બદલાપુર કર્જત રોડ સુધી જશે. આનાથી મુસાફરોનો સમય બચશે અને મુસાફરી પણ ઝડપી બનશે.

આ કામ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ કામ માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે ટેન્ડર મગાવવામાં આવ્યા છે. હાલમાં બદલાપુર પૂર્વ થી પશ્ચિમ જવા માટે એકમાત્ર ફ્લાયઓવર છે અને તેના પર કાયમ ટ્રાફિકજામ રહે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન આ સ્થળે મુસાફરોની સ્થિતિ ખૂબ જ ખરાબ હોય છે. આ કારણે શહેરમાં નવા ફ્લાયઓવરની ઘણા સમયથી માગ કરવામાં આવી હતી.

હાલમાં બદલાપુરના પ્રવેશદ્વાર બેલાવલીના શિવમંદિર તળાવથી કાર્મેલ સ્કૂલ સુધી એક ફ્લાયઓવર બનાવવામાં આવી રહ્યો છે. આ માટેની બધી પ્રક્રિયાઓ પણ પૂર્ણ થઈ ગઈ છે. આ ફ્લાયઓવર વાહનચાલકોને રાહત આપશે. તેનાથી અંબરનાથના ચિખલોલી વિસ્તાર અને અંબરનાથ તાલુકાના ગ્રામીણ વિસ્તારોના લોકોને પણ ફાયદો થશે.

શિવ મંદિર અને કાર્મેલ સ્કૂલ વચ્ચેના પુલથી કેટલાક વિસ્તારોને ફાયદો થશે. જોકે બદલાપુરના પૂર્વમાં ખારવાઈ અને પશ્ચિમમાં બેરેજ રોડથી મુસાફરી કરવા માટે એકમાત્ર હાલના ફ્લાયઓવરનો ઉપયોગ કરવો પડે છે. તેથી, રેલવે સ્ટેશન વિસ્તારમાં ભીડ કાયમ રહેવાની શક્યતા છે. આ માટે આ વિસ્તારમાં ફ્લાયઓવર બનાવવાની માગ કરવામાં આવી હતી. હાલમાં રમેશવાડી, રીતુ વર્લ્ડથી પૂર્વીય ખારવાઈ વિસ્તાર સુધી જવા માટે ચાર થી પાંચ કિલોમીટર લાંબો ચકરાવો લેવો પડે છે. ■

# દસમા અને બારમા ધોરણના વિદ્યાર્થીઓને મળશે માર્કશીટ અને સર્ટિફિકેટની સંયુક્ત કોપી

## નામ લખવાના ક્રમમાં, ફોટો કરેકશન માટે પણ અમુક ફેરફાર કરાયા

પુણેઃ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ દસમા અને બારમાના વિદ્યાર્થીઓને આપવામાં આવતી માર્કશીટ બાબતે એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. તે મુજબ હવે વિદ્યાર્થીઓને માર્કશીટ અને સર્ટિફિકેટ અલગ-અલગ આપવાને બદલે એકસાથે સર્ટિફિકેટ આપવામાં આવશે. આ સાથે જ, માર્કશીટ પર વિદ્યાર્થીનું પૂરું નામ સળંગ વિદ્યાર્થીનું નામ, પિતાનું નામ, અટક આ સ્વરૂપમાં દર્શાવવામાં આવશે.

રાજ્ય બોર્ડના સચિવ ડો. દીપક માલીએ આ સંદર્ભે તમામ વિભાગીય બોર્ડને પરિપત્રો જારી કર્યા હતા. રાજ્ય બોર્ડની એક્ઝિક્યુટિવ બોર્ડની બેઠકમાં પસાર થયેલા ઠરાવ મુજબ ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ની પરીક્ષાથી દસમા અને બારમા ધોરણની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને અલગ-અલગ આપવાને બદલે એકસાથે માર્કશીટ અને સર્ટિફિકેટ આપવામાં આવશે. જો ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ની પરીક્ષાની હોલ ટિકિટ પર જો ફોટો અસ્પષ્ટ હોય, તો ત્યાં નવો ફોટો લગાડીને આચાર્યની સહી લેવાની રહેશે. આવા વિદ્યાર્થીઓની માહિતી સુધારવા માટે બોર્ડની વેબસાઇટ પર 'ફોટો કરેક્શન' લિંક શરૂ કરવામાં આવી છે, જેથી માર્કશીટ પર સાચો ફોટો છપાઈને આવે.

શાળામાં જનરલ રજિસ્ટરથી લઈને સ્ટુડન્ટ પોર્ટલ સુધી બધા દસ્તાવેજો પર વિદ્યાર્થીનું નામ, પિતાનું નામ, અટકના રૂપમાં પૂરું નામ લખાય છે. જોકે, રાજ્ય બોર્ડના પ્રમાણપત્રમાં છેલ્લું નામ, વિદ્યાર્થીનું નામ, પિતાના નામના રૂપમાં લખાય છે. આ કારણે ક્યારેક ટેકનિકલ મુશ્કેલીઓ ઊભી થાય છે. તેથી, બોર્ડના પ્રમાણપત્ર પર નામ લખવાની પદ્ધતિ બદલવાની માગ કરવામાં આવી હતી. હવે બોર્ડે તેને બદલવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, માર્કશીટ અને પ્રમાણપત્ર એકસાથે આપવાનો નિર્ણય પણ ઉપયોગી છે. વિદ્યાર્થીના પહેલાથી દસમા ધોરણ સુધીના શિક્ષણ પૂર્ણ કરવા માટે પ્રમાણપત્ર આપવામાં આવે છે. જોકે ક્યારેક પ્રમાણપત્ર મેળવવામાં ઘણો સમય લાગે છે. ઘણીવાર વિદ્યાર્થીઓ સર્ટિફિકેટ પણ લેતા નથી. હવે સંયુક્ત સર્ટિફિકેટ આપવાથી અલગ પ્રિન્ટિંગ અને કાગળનો ખર્ચ ઓછો થશે. તે વિદ્યાર્થીઓ માટે પણ અનુકૂળ રહેશે, એમ ભૂતપૂર્વ આચાર્ય મહેન્દ્ર ગણપુલેએ જણાવ્યું હતું. ■

# પુણે, પિંપરી-ચિંચવડ જળબંબાકાર

પૂણેઃ મહારાષ્ટ્રના મહાનગર પૂણે અને પિંપરી-ચિંચવડમાં ચૈત્ર મહિનામાં અષાઢી માહોલ જોવા મળ્યો છે. ભારે વરસાદને કારણે શહેરના અનેક મુખ્યમાર્ગ પર નદી વહેતી હોય એટલું પાણી ભરાઈ ગયું હતું. જ્યારે જિલ્લા પંથકમાં આવેલા ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. પૂણેમાં બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવતા વરસાદ ખાબક્યો હતો. વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ શરૂ થતા અનેક મુખ્ય રસ્તાઓ જળમગ્ન થયા હતા. પાર્કિંગમાં પાણી ભરાઈ જતા ફોર-વ્હીલર્સ પાણીમાં તરવા લાગ્યા હતા. અનેક કાર બંધ પડી ગઈ હતી અને શહેરને જોડતા હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

પૂણેના સૌથી વ્યસ્ત વિસ્તાર એવા એએમ રોડ વિસ્તારમાં વરસાદ થતા હાલાત ખરાબ થઈ ગયા હતા. રસ્તાઓ જાણે તળાવ બન્યા હોય એવી સ્થિતિ ઊભી થતા અનેક વાહનો ઠપ થઈ ગયા હતા. ચૈત્ર મહિનામાં અષાઢી માહોલ જોવા મળતા ખેડૂતો ચિંતામાં મૂકાયા હતા. ગરમીમાંથી આંશિક રાહત મળતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

અનેક જગ્યાઓ પર પાણી ભરાઈ જવાને કારણે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. પાર્કિંગથી લઈને મેઈન રોડ સુધી પાણી જમા થતા મુશ્કેલી પડી હતી. ખાસ કરીને સાંજના સમયે ધંધા-વ્યવસાયમાંથી પરત આવતા લોકોને આ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. માત્ર પૂણે જ નહીં મહારાષ્ટ્રના અન્ય પ્રાંતમાં પણ વરસાદને કારણે વાતાવરણ ભેજવાળું થયું છે. તાપમાનનો પારો નીચે ઊતર્યો છે. હવામાનના નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર અચાનક વરસાદ થવા પાછળનું કારણ અરબ સાગરમાંથી આવતો ભેજ અને વાતાવરણમાં પવનની અસ્થિરતા જવાબદાર છે. સતત વરસાદ વરસતા જાણે ચોમાસું શરૂ થયું હોય એવો માહોલ જોવા મળ્યો.

### રાજ્યમાં આજે પણ કમોસમી વરસાદની ચેતવણી

હાલ રાજ્યમાં અનેક જિલ્લાઓ કમોસમી વરસાદ અને માવઠાની અસર હેઠળ આવી ગયા છે. પુણેમાં ભરઉનાળે પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈ છે ત્યારે હવામાન વિભાગે આજે પણ રાજ્યમાં કમોસમી વરસાદ અને માવઠાની ચેતવણી આપી છે.

ગુરુવારે દિવસ દરમ્યાન મુંબઈમાં વાદળિયું વાતાવરણ થઈ ગયું હતું અને વરસાદ પડે તેવો માહોલ સર્જાયો હતો. જોકે બપોર બાદ વાતાવરણ સામાન્ય થઈ ગયું હતું. એક તરફ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે ત્યારે મુંબઈ, થાણે અને પાલઘર તેમાથી બાકાત રહ્યા છે. ■

# પંદર લાખના કૉપર વાયર ચોરવા ગટરમાં ઊતરેલા બે ચોર પકડાયા

નવી મુંબઈઃ નવી મુંબઈમાં એમટીએનએલના પંદર લાખ રૂપિયાના કૉપર વાયર ચોરવા માટે ગટરમાં ઊતરેલા બે ચોરને પોલીસે રંગેહાથ પકડી પાડ્યા હતા. આરોપીઓની ઓળખ સલમાન ખાન અને અબ્દુલ ખાન તરીકે થઇ હોઇ તેઓ મુંબ્રાના રહેવાસી છે.

નવી મુંબઈના નેરુળ ખાતે સેક્ટર-૧૬ના પૂનમ ટાવર પરિસરમાં બુધવારે મળસકે એમટીએનએલના કૉપર વાયર કોઇએ કાપી નાખ્યા હોવાનું અધિકારીઓના ધ્યાનમાં આવ્યું હતું. કૉપર વાયર ચોરવા માટે તેને કાપવામાં આવ્યા હોવાની શંકાને આધારે અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને તેમણે ગટરનું ઢાંકણું ખોલતાં અંદર બે ચોર વાયર કાપતા નજરે પડ્યા હતા. આથી તેમણે નેરુળ પોલીસને આની જાણ કરી હતી, જેને પગલે પોલીસ સ્ટાફે ત્યાં આવી પહોંચ્યો હતો અને તેમણે બંને ચોરને તાબામાં લીધા હતા, જેમણે ૫૬૦ મીટર લાંબો વાયર કાપી નાખ્યો હતો અને તેની કિંમત પંદર લાખ રૂપિયા થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર બંને જણ રેકોર્ડ પરના આરોપી હોઇ તેમની વિરુદ્ધ ચોરીના અનેક ગુના દાખલ છે. બંને વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓએ કૉપર વાયર કાપી નાખતાં એ પરિસરમાં થોડા સમય માટે ટેલિફોન અને ઇન્ટરનેટ સેવા ખોરવાઇ ગઇ હતી. ■

## બાળકને પગેથી પકડીને જમીન પર પટક્યો

# આરોપી રિક્ષાચાલકની પોલીસ કસ્ટડી આવતી કાલ સુધી લંબાવાઇ

પાલઘરઃ પાલઘર જિલ્લાના વસઇમાં આવેલી હાઉસિંગ સોસાયટીમાં ચાર વર્ષના બાળકને પગેથી પકડીને હવામાં ફેરવ્યા બાદ બેરહેમીથી જમીન પર પટકવા બદલ ધરપકડ કરાયેલા રિક્ષાચાલકને ગુરુવારે સ્થાનિક કોર્ટમાં હાજર કરાતાં તેની પોલીસ કસ્ટડી ૪ એપ્રિલ સુધી લંબાવવામાં આવી હતી. આ ઘટનામાં ઘવાયેલા બાળકની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોઇ હવે તેની હાલત સ્થિર છે, એમ પોલીસે જણાવ્યું હતું.

વસઇ પશ્ચિમમાં આવેલી અનુપમ સોસાયટીમાં ૩૦ એપ્રિલે આ ઘટના બની હતી, જેમાં પિતા સાથે થયેલા ઝઘડાનું વેર વાળવા પુત્ર પર અમાનુષી હુમલો કરનારા રિક્ષાચાલક સંદીપ પવારની ધરપકડ કરવામાં આવી હતી. ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

આ ઘટનામાં ઘવાયેલા બાળકને સારવારાર્થે મીરા રોડની હોસ્પિટલના આઇસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાળક હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને જોખમથી બહાર છે.

વસઇ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર બાળકૃષ્ણ ઘાડીગાંવકરે જણાવ્યું હતું કે આરોપી સંદીપ પવારની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી તેને ગુરુવારે કોર્ટમાં હાજર કરાતો હતો. કોર્ટે તેની પોલીસ કસ્ટડી લંબાવી આપી હતી.

દરમિયાન સ્થાનિક વિધાનસભ્ય સ્નેહા દુબે પંડિતે આરોપી વિરુદ્ધ શક્ય તેટલી કડક કાર્યવાહીની માગણી કરી હતી. તેમણે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે આ મુદ્દે ચર્ચા કરી હતી અને ફડણવીસે ખાતરી આપી હતી કે આરોપીને આકરી સજા થશે. (પીટીઆઇ) ■

# ડોંબિવલીમાં દારૂ પીવડાવ્યા બાદ યુવતી પર ત્રણ જણે ગુજાર્યો સામૂહિક બળાત્કાર

ડોંબિવલીઃ થાણે જિલ્લાના ડોંબિવલીમાં પાર્ટી કરવાને બહાને ૨૨ વર્ષની યુવતીને ઘરે લઇ ગયા બાદ દારૂ પીવડાવી ત્રણ યુવકે તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. યુવતીએ આ પ્રકરણે ટિળકનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરીને પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરી હતી. ટિળકનગર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ચેતન ચવાણ, હેમંત ચવાણ અને ઉમેશ વર્મા તરીકે થઇ હતી. ત્રણેય આરોપી રિક્ષાચાલક છે અને તેમાંથી બે જણ પીડિતાને ઓળખે છે. ઘટનાને દિવસે પીડિતાને બંને આરોપી પોતાની સાથે લઇ ગયા હતા. પીડિતાને બાદમાં તેઓ ત્રીજા આરોપીના ઘરે લઇ ગયા હતા. અહીં પીડિતાને તેમણે દારૂ પીવડાવ્યો હતો અને બાદમાં તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટના બાદ પીડિતાએ હિંમત દાખવીને ટિળકનગર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■






# થાણેમાં ફ્લેટનો સ્લેબ તૂટી પડતા વૃદ્ધા જખમીઃ પાલિકાએ બિલ્ડિંગ ખાલી કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)



થાણેઃ થાણે (પશ્ચિમ)માં માજિવાડામાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની બિલ્ડિંગના પહેલા માળ પર આવેલા એક રૂમનો સ્લેબ તૂટી પડતા ૭૫ વર્ષના સિનિયર સિટિઝન મહિલા જખમી થયા હતા. બિલ્ડિંગ જોખમી શ્રેણીમાં આવતી હોવાથી તકેદારીના પગલારૂપે આખી બિલ્ડિંગ ખાલી કરાવી દેવામાં આવી હતી. થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ માજિવાડા ગામમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની વેલંકની નામની બિલ્ડિંગ આવેલી છે. લગભગ ૩૦થી ૩૫ વર્ષ જૂની બિલ્ડિંગના પહેલા માળે આવેલા રૂમ નંબર ૧૦૩નો સ્લેબ ગુરુવારે બપોરના લગભગ ૩.૫૫ વાગે તૂટી પડ્યો હતો, જેમા ઘરમાં રહેતા ૭૫ વર્ષના કિર્તી કવીલકરને માર લાગ્યો હતો.

આ બિલ્ડિંગ સીટુએ શ્રેણીમાં એટલે કે જોખમી શ્રેણીમાં આવતી હોઈ તેને તાત્કાલિક સુરક્ષાની દૃષ્ટિએ ખાલી કરાવી દેવામાં આવી હતી અને બિલ્ડિંગને સીલ કરી દેવામાં આવી છે. બિલ્ડિંગ કુલ ૧૨ ફ્લેટ આવેલા છે, જેમાં લગભગ ૪૦થી ૪૫ રહેવાસીઓ રહેતા હતા. થાણે પ્રશાસન દ્વારા રહેવાસીઓને તાત્પૂરતા સ્વરૂપમાં નજીક આવેલી થાણે પાલિકાની સ્કૂલમાં રહેવાની સગવડ કરી આપવામાં આવી હતી. ■

# પાંચ ટકા મુસ્લિમ ક્વોટા રદ કરવાના પગલાં સામેની અરજી પર હાઇ કોર્ટે મહારાષ્ટ્ર સરકારનો જવાબ માગ્યો

મુંબઈ : મુંબઈ હાઈ કોર્ટે ગુરુવારે મહારાષ્ટ્ર સરકારને મુસ્લિમ સમુદાય માટે શિક્ષણ અને નોકરીઓમાં પાંચ ટકા અનામત રદ કરવાના તેના નિર્ણયને પડકારતી અરજીનો જવાબ આપવાનો નિર્દેશ આપ્યો.

ન્યાયાધીશ આર.આઈ. ચાગલા અને અદ્વૈત સેઠનાની બેન્ચે રાજ્ય સરકારને ત્રણ અઠવાડિયામાં સોગંદનામા દ્વારા પોતાનો જવાબ દાખલ કરવા જણાવ્યું હતું અને આ મામલાની વધુ સુનાવણી ચોથી મેના રોજ મુલતવી રાખી હતી.

એડવોકેટ સૈયદ એજાઝ અબ્બાસ નકવી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં મહારાષ્ટ્રના સામાજિક ન્યાય અને વિશેષ સહાય વિભાગ દ્વારા ૧૭ ફેબ્રુઆરીના રોજ જારી કરાયેલા સરકારી ઠરાવને પડકારવામાં આવ્યો હતો, જેમાં તેને બંધારણનું ઉલ્લંઘન કરનાર અને મુસ્લિમ સમુદાયના હિતોની વિરુદ્ધ ગણાવવામાં આવ્યો હતો. નકવીએ સરકારના આ પગલાને જાતિગત ભેદભાવ ગણાવ્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ક્વોટા રદ કરવાના સરકારના નિર્ણય પાછળ કોઈ તર્ક નથી.

અરજી મુજબ જુલાઈ ૨૦૧૪ માં તત્કાલીન કોંગ્રેસ-એનસીપી સરકારે સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ શ્રેણી હેઠળ સરકારી નોકરીઓ અને શિક્ષણમાં મરાઠા સમુદાય માટે ૧૬ ટકા અને મુસ્લિમો માટે પાંચ ટકા અનામતની જાહેરાત કરી હતી. આ નિર્ણયને હાઇ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, જેમાં નોકરીઓ માટે અનામત રદ કરી હતી, પરંતુ શિક્ષણમાં મુસ્લિમ સમુદાય માટે પાંચ ટકા ક્વોટાને મંજૂરી આપી હતી.

૧૭ ફેબ્રુઆરીના સરકારી ઠરાવ મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત મુસ્લિમ સમુદાય માટે સરકારી અને અર્ધ-સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પાંચ ટકા અનામત સંબંધિત અગાઉના તમામ નિર્ણયો અને વટહુકમ જે ખાસ પછાત શ્રેણી (એ) હેઠળ સમાવિષ્ટ છે, તેને રદ કરવામાં આવ્યા છે.

નવા આદેશમાં જણાવાયું છે કે સરકારે ૨૦૧૪ ના અગાઉના નિર્ણયો અને પરિપત્રો રદ કર્યા છે અને ખાસ પછાત શ્રેણીમાં મુસ્લિમોને જાતિ અને નોન-ક્રીમી લેયર પ્રમાણપત્રો આપવાનું બંધ કરી દીધું છે. ■






# ગેસ સિલિન્ડરના કાળાબજારનો પર્દાફાશ

## ૧૩૨ સિલિન્ડર સહિત ચાર ગાડીઓ જપ્ત

નવી મુંબઈઃ અમેરિકા-ઇઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ભારતમાં એલપીજીની અછત સર્જાતા કાળાબજાર શરૂ થયા છે. પોલીસે વધુ ભાવે ગેસ વેચતા બે લોકોની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી ૧૩૨ સિલિન્ડર સહિત ચાર વાહન જપ્ત કર્યા હતા.

એક તરફ સરકાર આવા પગલાં લઈ રહી છે, ત્યારે બીજી તરફ વધુ પૈસા આપી સિલિન્ડર મળી રહ્યા હોવાથી કાળાબજારી થઈ રહી હોવાનું બહાર આવ્યું છે. નવી મુંબઈમાં આ પ્રકાર સામે આવ્યો છે અને આ મામલે વાશી પોલીસે ઈરફાન શેખ અને ફિરોઝ ટીટોના નામના બે વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

આ કાર્યવાહી એક એપ્રિલના રોજ કરવામાં આવી હતી. અનધિકૃત રીતે સિલિન્ડરનું વિતરણ થઈ રહ્યું હોવાની બાતમી મળતા જ જુહુ ગામના ગાવદેવી મેદાનમાં પોલીસે દરોડો પાડીને શંકાસ્પદ આરોપીઓની અટકાયત કરી હતી. તેમની પાસેથી ૮૦ ખાલી અને બાવન ભરેલા સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા હતા. ભરેલા ગેસ સિલિન્ડરની કિંમત ૨,૩૮,૯૨૨ રૂપિયા છે અને ખાલી સિલિન્ડરની ૩૪,૪૦૦ રૂપિયા છે, જે કુલ ૨,૭૩,૩૨૨ રૂપિયા બને છે. જેમાં ૯,૭૦,૦૦૦ રૂપિયાની કિંમતના ચાર વાહનોનો સમાવેશ થાય છે, આમ કુલ ૧૨,૪૩,૩૨૨ રૂપિયાનો માલ જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપીઓ વિરુદ્ધ આવશ્યક વસ્તુ અધિનિયમ ૧૯૫૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં બે શંકાસ્પદ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો હોવા છતાં આ એક મોટી સાંકળ હોઈ શકે છે. આમાં અન્ય કોણ કોણ સામેલ છે તેની પોલીસ તપાસ કરી રહી છે, તેવી માહિતી વાશી પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક શશિકાંત ચાંદેકરે આપી હતી. ■

# પામબીચ રોડ પરથી સાયન-પનવેલ હાઈવે પર જતા ફ્લાયઓવરનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈના વાશી સેક્ટર ૧૭માં આવેલા પામબીચ રોડ પરથી પુણે જવા માટે સાયન-પનવેલ હાઈવે સુધી ફ્લાયઓવર આર્મનું ગુરુવારે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નવી મુંબઈના પામબીચ રસ્તા પરથી પુણે જવા માટે બનાવવામાં આવેલો લિંક રોડ અત્યંત ઉપયોગી સાબિત થશે અને નવી મુંબઈ શહેરની રચનામાં રહેલી ત્રુટી દૂર કરવાનો આ પ્રોજેક્ટ બની રહેશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે.

પામબીચ રોડ પરથી સાયન-પનવેલ હાઈવે સુદી જવા માટે સેકટર ૧૭ વાશીમાં ૧૮ કરોડ ૩૨ લાખ રકમનો ખર્ચ કરીને ૨૯૦ મીટર લંબાઈનો અને ૬.૫૦ મીટર પહોળાઈનો આર્મ ફલાયઓવર બાંધવામાં આવ્યો છે. તેને કારણે વાશી પામબીચ સિટી બેન્ક પાસેના ચોકથી સીધું સાયન-પનવેલ હાઈવે જવું સરળ થઈ રહેશે. હાલ પામબીચ રોડ પરથી સાયન-પનવેલ હાઈવે જવા માટે સાનપાડાથી મોટો વળાંક લઈને જવુ પડે છે. તેથી આ આર્મ ફ્લાયઓવર નાગરિકોની ૧૦થી ૧૫ મિનિટનો સમય બચાવશે અને સાથે ઈંધણ પણ બચાવશે. ■

# ગાંધીધામ રેલવેમાં દેશભરમાં તાબડતોડ એલપીજી પહોંચાડવા રેકોર્ડબ્રેક ૪૧૩ રેકનું લોડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતની ઊર્જા સુરક્ષા સામે અનેક સવાલો ઊભા થયા હતા. જોકે, સ્ટ્રેટ ઓફ હોર્મુઝને પાર કરીને એલપીજી જહાજો સુરક્ષિત રીતે ભારતીય બંદરો પર લાંગર્યા બાદ હવે તેને દેશના ખૂણેખૂણે પહોંચાડવામાં પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝને નોંધપાત્ર સફળતા મેળવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ગાંધીધામ વિસ્તારમાંથી વિક્રમી ૪૧૩ જેટલા રેક ભરીને દેશભરમાં રવાના કરવામાં આવ્યા છે, જે અત્યાર સુધીનું સૌથી વધુ લોડિંગ છે.

રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ મુજબ, ગાંધીધામ વિસ્તારમાં એલપીજી લોડિંગની કાર્યક્ષમતામાં ધરખમ વધારો જોવા મળ્યો છે.

અગાઉના વર્ષે રેલવેએ મહત્તમ ૨૭૩ રેકનું લોડિંગ કર્યું હતું. તેની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષમાં ૪૧૩ રેકનો આંકડો હાંસલ કરીને અમદાવાદ ડિવિઝને પોતાના જ તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. આ સિદ્ધિ રેલવેની ઓપરેશનલ ક્ષમતામાં થયેલા જંગી વધારાને સૂચવે છે.

ગાંધીધામ વિસ્તાર એલપીજી સપ્લાય ચેઈન માટે દેશનું અત્યંત વ્યૂહાત્મક કેન્દ્ર બની રહ્યું છે. અહીંથી ઉત્તર અને મધ્ય ભારતના વિવિધ રાજ્યોમાં ઘરગથ્થુ અને ઔદ્યોગિક વપરાશ માટે ગેસનો જથ્થો મોકલવામાં આવે છે. રેલવેના આ મજબૂત નેટવર્કને કારણે દેશના આંતરિયાળ વિસ્તારોમાં પણ કોઈપણ અવરોધ વગર ઇંધણનો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

એલપીજી લોડિંગમાં આવેલો આ ઉછાળો માત્ર આંકડા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે રેલવેની સુરક્ષિત અને ઝડપી પરિવહન વ્યવસ્થાને પણ પ્રમાણિત કરે છે. પ્રતિકૂળ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ છતાં ભારતે ઘરઆંગણે ઈંધણની તંગી સર્જાવા દીધી નથી, જેમાં પશ્ચિમ રેલવેની આ કામગીરી કરોડરજ્જુ સમાન સાબિત થઈ છે.

# નવસારીના વાંસદા પંથકમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ, એક મહિનામાં નોંધાયો ૧૫મો આંચકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ફરી એકવાર ભૂકંપનો આંચકા અનુભવાયો હતો. આ વખતે ભૂકંપનું કેન્દ્ર દક્ષિણ ગુજરાત રહ્યું હતું. નવસારીના વાંસદા પંથકમાં વહેલી સવારે ૩.૪ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. વહેલી સવારે ૫:૨૭ વાગ્યા આસપાસ અચાનક ધરા ધ્રૂજી ઊઠી હતી. ખાસ કરીને વાંસદાના જૂજ ડેમ નજીકનાં ગામોમાં ભૂકંપનો વધુ અનુભવ થયો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા. જો કે સદનસીબે કોઇ જાનહાનિના અહેવાલ નથી. ગુજરાતમાં છેલ્લા એક મહિનામાં જ ભૂકંપના ૧૫ જેટલા આંચકા અનુભવાયા છે.

ગુજરાત તેની ભૌગોલિક સ્થિતિને કારણે ભૂકંપ માટે અત્યંત સંવેદનશીલ રાજ્ય માનવામાં આવે છે. ભારત સરકારના માપદંડો મુજબ, ગુજરાત ઝોન બે થી ઝોન પાંચ એમ ચાર અલગ-અલગ સિસ્મિક ઝોનમાં વહેંચાયેલું છે. સિસ્મિક ઝોન પાંચને સૌથી ખતરનાક ઝોન માનવામાં આવે છે. ગુજરાતનો કચ્છ જિલ્લો, ખાસ કરીને ભુજ, અંજાર, રાપર અને ભચાઉ આ ઝોનમાં આવે છે. જામનગર, રાજકોટ, મોરબી, અને સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને પાટણના કેટલાક ભાગો તેમજ અમદાવાદ શહેર અને તેની આસપાસનો વિસ્તાર ઝોન ચારની સરહદ પર ગણાય છે. ભૂકંપ માટે અત્યંત સંવેદનશીલ ગુજરાતમાં માર્ચ મહિનામાં સૌરાષ્ટ્ર-કચ્છના પેટાળમાં હલચલ જોવા મળી હતી. એક મહિનામાં ભૂકંપના ૧૫ જેટલા આંચકા અનુભવાયા છે.

# અદાણી પોર્ટ્સની સિદ્ધિ: ૫૦૦ મિલ્યન ટન કાર્ગો હેન્ડલિંગનો આંક પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિમિટેડએ ગત નાણાકીય વર્ષમાં ૫૦૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગની સિદ્ધિ હાંસલ કરી એક નવો ઇતિહાસ રચ્યો છે. આ સીમાચિહ્નરૂપ સફળતા ભારતની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતા અને વધતી જતી વૈશ્વિક વ્યાપારી તાકાતનું પ્રતિક માનવામાં આવે છે.

વર્ષ ૧૯૯૮માં એક માત્ર પોર્ટ સાથે શરૂ થયેલી અદાણી પોર્ટસની સફર આજે ભારત અને વિદેશમાં ફેલાયેલા ૧૯ પોર્ટ અને ટર્મિનલ્સના વિશાળ નેટવર્ક સુધી પહોંચી છે. કંપનીએ દેશના ઔદ્યોગિક વિકાસ અને નિકાસ ક્ષેત્રે પાયાની ભૂમિકા ભજવી છે. પ્રથમ ૧૦૦ મિલિયન ટન સુધી પહોંચવામાં કંપનીને ૧૬ વર્ષનો સમય લાગ્યો હતો, પરંતુ ત્યારબાદ કાર્યક્ષમતા અને વ્યૂહાત્મક વિસ્તરણને કારણે આ ગતિમાં અનેકગણો વધારો થયો છે. આ ઐતિહાસિક અવસરે પ્રતિભાવ આપતા અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, પોર્ટસ માત્ર વેપારના કેન્દ્રો નથી, પરંતુ તે રાષ્ટ્રીય આત્મવિશ્વાસ, સ્પર્ધાત્મકતા અને ઉજ્જવળ ભવિષ્યના પ્રવેશદ્વાર છે. ૫૦૦ મિલિયન ટનનો આ આંકડો ભારતની વિકાસગાથામાં અમારા અતૂટ વિશ્વાસનું પરિણામ છે.

તેમણે આ સફળતા માટે ગ્રાહકો, ભાગીદારો અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કરતા ઉમેર્યું કે, જેમ અદાણી પોર્ટસ પોતાની ક્ષમતા વિસ્તારી રહ્યું છે તેમ ભારતની સર્વશ્રેષ્ઠ ક્ષમતામાં પણ વધારો થઈ રહ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, અદાણી પોર્ટસ હવે આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧ બિલિયન ટન કાર્ગો હેન્ડલિંગના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક તરફ મક્કમતાથી આગળ વધી રહ્યું છે. કંપનીના વધતા વ્યાપ, ઓપરેશનલ સ્થિરતા અને ડિજિટલ કાર્યક્ષમતાને જોતા નિષ્ણાતો આ લક્ષ્યને હાંસલ કરવા માટે આશાવાદી છે. આ સિદ્ધિ માત્ર અદાણી ગ્રૂપ માટે જ નહીં, પરંતુ ભારતના ‘લોજિસ્ટિક્સ હબ’ બનવાનાં સપનાં માટે પણ અત્યંત મહત્ત્વની સાબિત થશે.

# પનીરમાં ઈન્ડસ્ટ્રિયલ એસિડ હોવાનો ચોંકાવનારો ખુલાસો, સુરતમાં પકડાયો હતો મોટો જથ્થો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છાશવારે નકલી પનીર પકડાય છે અને પનીરની ગુણવત્તા સામે સવાલો ઊભા થાય જ છે, પરંતુ સુરતથી પકડાયેલા ૧૪૦૦ કિલો પનીરના લેબોરેટરી રિપોર્ટ્સ ચોંકાવનારા છે.

પાંડેસરા વિસ્તારમાંથી ૧૪૦૦ કિલો પનીર પકડાયું હતું. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને આ જથ્થાને સબ-સ્ટાન્ડર્ડ જાહેર કર્યો હતો. આ સાથે ચોંકાવનારી વાત એ છે કે આ પનીરમાં કુદરતી દૂધની ચરબીને બદલે વનસ્પતિ તેલ અને ઔદ્યોગિક એસિડ હોવાનું બહાર આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૩જી માર્ચના રોજ ભીડભંજન સોસાયટીના એક યુનિટ પર દરોડા દરમિયાન એકત્રિત કરાયેલા નમૂનાઓ જાહેર આરોગ્ય લેબોરેટરીમાં ગુણવત્તા સાબિત કરવામાં નિષ્ફળ ગયા હતા. સુરત મનપાના ફૂડ સેફ્ટી ઓફિસરે જણાવ્યું હતું કે પનીરમાં દૂધની ચરબીનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળ્યું હતું. તેના બદલે, વનસ્પતિ તેલ, ખાસ કરીને પામ તેલનું બીટા-સિટોસ્ટેરોલનું ઊંચું સ્તર જોવા મળ્યું હતું. અધિકારીઓએ ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

આ સાથે પનીર બનાવતા સમયે ઔદ્યોગિક-ગ્રેડ એસિટિક એસિડનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું. સામાન્ય રીતે, સાઇટ્રિક એસિડ જેવા ફૂડ-ગ્રેડ એજન્ટોનો ઉપયોગ દૂધને દહીં કરવા માટે થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ખર્ચ ઘટાડવા માટે રાસાયણિક-ગ્રેડ એસિડનો ઉપયોગ આરોગ્યને લગતી ગંભીર સ્થિતિ ઊભી કરી શકે છે. જેમાં કિડનીને નુકસાન અને કોલોન કેન્સર જેવી લાંબા ગાળાની બીમારીઓનો સમાવેશ થાય છે.

આરોપી મહેશ શર્મા કથિત રીતે એનાલોગ પનીર બનાવતો હતો, જેમાં પામ ઓઈલ, મિલ્ક પાઉડર અને પાણીનો ઉપયોગ થતો હતો. આ પનીર અસલી પનીર જેવું જ લાગે છે અને ખાવાવાળી વ્યક્તિને ખબર પડતી નથી કે તે એનાલોગ પનીર ખાય છે. અસલી પનીર કિલોએ રૂ. ૪૦૦થી ૪૫૦ના ભાવે મળે છે જ્યારે આ પનીર રૂ. ૧૮૦થી રૂ. ૨૨૦ સુધીમાં મળી જાય છે. આ સાથે તપાસ દરમિયાન એવી જાણકારી પણ મળી હતી કે આરોપી પાસે એફએસએસએઆઈનું લાઇસન્સ છે, જેનું રજિસ્ટ્રેશન મહારાષ્ટ્રના વસઈમાં થયું છે, પરંતુ તે પાંડેસરામાં ગેરકાયદે પનીર બનાવતો હતો.

પોલીસે જણાવ્યું હતું કે આ કામગીરી લગભગ બે વર્ષથી ચાલી રહી હતી, શરૂઆતમાં ગણેશનગરમાં તે યુનિટ ચલાવતો હતો. આ યુનિટ દરરોજ લગભગ ૪૦૦ કિલો નકલી પનીરનું ઉત્પાદન કરતું હોવાનું કહેવાય છે. આ પનીર નાની ડેરીઓ અને રસ્તા પર ચાલતા ફૂડસ્ટોલ્સવાળાને તે વેચતો હતો.

દરોડા દરમિયાન, અધિકારીઓએ રૂ. ૨૮ લાખથી વધુ કિંમતના પનીર, પામ તેલ અને મશીનરી જપ્ત કરી હતી.

# ગૌચર જમીન વિવાદમાં અદાણી સેઝને મોટી રાહત: ગુજરાત હાઇ કોર્ટે જાહેરહિતની અરજી રદ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના બંદરીય મુંદરા સ્થિત અદાણી સ્પેશિયલ ઇકોનોમિક ઝોનને ફાળવવામાં આવેલી ગૌચર જમીનના વર્ષો જૂના વિવાદમાં અદાણી જૂથને મોટી કાયદાકીય સફળતા મળી છે. નામદાર સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશને ટાંકીને ગુજરાત હાઇ કોર્ટે આ મામલે થયેલી જાહેરહિતની અરજી (પી.આઈ.એલ)ને રદ કરી દેતાં જમીન પરના અદાણી કંપનીના હક્કો અબાધિત રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ,ગુજરાત હાઇ કોર્ટે ૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ ઑફ ઇન્ડિયા દ્વારા ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પસાર કરવામાં આવેલા આદેશના પરિપ્રેક્ષ્યમાં હવે આ પીઆઈએલ નં. ૧૭/૨૦૧૧ ટકી શકે તેમ નથી. સુપ્રીમ કોર્ટે અગાઉ ગુજરાત સરકારના ૪ જુલાઈ ૨૦૨૪ના જમીન પરત લેવાના આદેશને રદબાતલ ઠેરવ્યો હતો. આ જ ચુકાદાના પેરા નંબર ૭ને ધ્યાને રાખી હાઇ કોર્ટે પણ હવે કાયદાકીય મહોર મારી દીધી છે કે જમીન પરના તમામ હક્કો અદાણી પોર્ટ્સ પાસે સુરક્ષિત છે.

આ ચર્ચાસ્પદ બનેલા વિવાદની શરૂઆત વર્ષ ૨૦૦૫થી થઈ હતી. ગુજરાત સરકારે ગત ૧૫ જુલાઈ ૨૦૦૫ના રોજ નવીનાલ ગામની આશરે ૯,૩૪,૮૨૯ હેક્ટર ગૌચર જમીન અદાણી સેઝના વિકાસ માટે નિયત વળતર વસૂલ્યા બાદ ફાળવી હતી. બાદમાં કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા આ જમીનને ‘સેઝ’ તરીકે અધિસૂચિત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના આ નિર્ણય અને જમીન ફાળવણીના આદેશને વર્ષ ૨૦૧૧માં ગુજરાત હાઇ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. લાંબી કાયદાકીય લડત બાદ, સુપ્રીમ કોર્ટે અગાઉ કંપનીની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, જેને પગલે હવે હાઇ કોર્ટે પણ આ કેસનો સુખદ અંત આણ્યો છે. સુપ્રીમ કોર્ટ અને ત્યારબાદ હાઇ કોર્ટ તરફથી મળેલી આ મોટી રાહત બાદ અદાણી જૂથ દ્વારા ન્યાયતંત્રના નિર્ણયને આવકારવામાં આવ્યો છે. આ ચુકાદાથી મુંદરા સેઝના વિકાસલક્ષી કાર્યોમાં રહેલી કાયદાકીય અડચણો દૂર થઈ છે અને કંપની માટે આગળ વધવાનો માર્ગ મોકળો થયો છે.

# ગુજરાત સરકારે વડોદરાના ભાયલી વિસ્તારમાં અશાંતધારાનો કાયદો લાગુ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે ડભોઈ વિધાનસભા મતવિસ્તાર હેઠળના ભાયલી વિસ્તારના કેટલાક ભાગોમાં અશાંત વિસ્તાર અધિનિયમ (અશાંત ધારા) લાગુ કર્યો છે. હાલમાં ટાઉન પ્લાનિંગ (ટીપી) યોજનાઓ ત્રણ અને ચારમાં આ નવા કાયદાનો અમલ થશે.

ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા) દ્વારા રાજ્ય સરકારને કરવામાં આવેલી અનેક રજૂઆતો બાદ આ પગલું લેવામાં આવ્યું છે. તેમણે ૨૦૨૨ના ચૂંટણી પ્રચાર દરમિયાન સ્થાનિક લોકોને આ મામલે વચન આપ્યું હતું, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

મહેતાએ આ મામલે જણાવ્યું હતું કે આ કાયદો વિસ્તારમાં સલામતી અને સુરક્ષા વધારશે. તેમણે ઉમેર્યું કે ભવિષ્યમાં સમગ્ર ભાયલી વિસ્તારને અશાંત વિસ્તાર કાયદા હેઠળ લાવવાના પ્રયાસો ચાલુ રહેશે.

# યુદ્ધ લંબાતા મોરબીના સિરામિક ઉદ્યોગનું વેકેશન પણ લંબાયુ, મે સુધી મોટાભાગના યુનિટ્સ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પશ્ચિમ એશિયાના યુદ્ધનો સૌથી પહેલો માર મોરબીના સિરામિક ઉદ્યોગ પર પડ્યો હતો. ગેસના ઊંચા ભાવ અને અછતને કારણે ઉદ્યોગ લગભગ યુદ્ધ શરૂ થયાના દસેક દિવસમાં જ ધીમો પડી ગયો હતો. ત્યારબાદ ૨૫ જેટલા દિવસ માટે બંધ કરવાનું જાહેર કર્યું હતું. હજુ સ્થિતિ રાબેતામુજબ ન થતા વેકેશન લંબાવવાનો નિર્ણય એકમોએ એકસમાટો લીધો છે અને ૧ મે સુધી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.

સૂત્રોએ આપેલી માહિતી અનુસાર ઈરાન યુદ્ધની અસર ગુજરાતના મોટાભાગના વેપાર ધંધા પર પડી છે. મોરબીના સિરામિક વોલ ટાઇલ્સના કારખાનામાં ગેસના અભાવ અને ઊંચા ભાવને કારણે વેકેશન લંબાવવામાં આવ્યું છે. સિરામિક વોલ ટાઇલ્સ એસોસિએશનની બેઠકમાં ૧ મે, ૨૦૨૬ સુધી કારખાના બંધ રાખવાનો સામૂહિક નિર્ણય લેવામાં આવ્યો છે.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે જેની મોરબીના સિરામિક ઉદ્યોગ પર માઠી અસર પડી છે. મોરબીના સિરામિક ઉદ્યોગમાં વપરાતો પ્રોપેન ગેસ અગાઉ મળતો બંધ થયો હતો જેથી ૪૫૦ જેટલાં કારખાનાં બંધ થઈ ગયા હતા, ત્યારબાદ નેચરલ ગેસ પણ પૂરતા પ્રમાણમાં મળતો ન હોવાથી ઉદ્યોગકારોની મુશ્કેલી વધી ગઈ હતી. યુદ્ધ પહેલા જે નેચરલ ગેસ રૂ. ૪૧ પ્રતિ ક્યુબિક મીટરના ભાવે મળતો હતો, તેનો ભાવ હાલમાં રૂ. ૯૨ થી રૂ. ૯૪ થયો છે. ટેક્સ સાથે આ ભાવ રૂ. ૧૦૪ થી રૂ. ૧૦૫ પ્રતિ ક્યુબિક મીટર પહોંચવાની શક્યતા છે.

મોરબીમાં ૧૬૧ જેટલા વોલ ટાઇલ્સના કારખાના છે તે તમામ ઉદ્યોગકારોની મીટિંગ મળી હતી. જેમાં યુદ્ધના કારણે ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાને રાખીને સિરામિક કારખાનોઓ અગાઉ ૧૫ એપ્રિલ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, તેમાં વધુ ૧૫ દિવસનો વધારો કરીને આગામી ૧ મે સુધી તમામ કારખાના બંધ રાખવા માટેનો નિર્ણય કરાયો હતો. આવી જ રીતે પાર્કિંગ ટાઈલ્સ, પોરસોલીન ટાઈલ્સ અને ડબલ ચાર્જ ટાઈલ્સ બનાવતા યુનિટ પણ ૧ મે સુધી બંધ રાખવામાં આવશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, મોરબીના સિરામિક ઉદ્યોગમાં વપરાતા નેચરલ ગેસનો ભાવ ઘણો વધી ગયો છે. અગાઉ જે ગેસ ૪૧ રૂપિયાના ભાવથી મળતો હતો તે હવે ટેક્સ સાથે ૧૦૪ થી ૧૦૫ રૂપિયાના ભાવે મળે તેવી શક્યતા છે. આ ભાવથી ગેસ મેળવીને જો કારખાના ચાલુ કરવામાં આવે અને સિરામિક પ્રોડક્ટ ઉપર ભાવ વધારો કરવામાં આવે તો માર્કેટમાં પ્રતિસાદ મળે તેવું હાલ લાગતું નથી. જેથી પ્લાન શરૂ કરવાના બાદલે ગેસના ભાવ ઘટે અને સરકાર વેટમાં રાહત આપે ત્યારે ૧ મેથી પ્રોડક્શન શરૂ કરવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા નકલી તબીબો સામે રાજ્ય સરકાર કાયદો લાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના આંતરિયાળ વિસ્તારોમાં ઝોલાછાપ નકલી તબીબોનો રાફડો ફાટ્યો છે. અનેક નકલી તબીબો મેડિકલ પ્રેક્ટિસ કરતા ઝડપાયા પણ છે. જો કે હવે નિર્દોષ નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા નકલી ડૉક્ટરો અને લેભાગુ તત્ત્વો સામે રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે કાર્યવાહી કરવાની તૈયારીઓ કરી લીધી છે. રાજ્ય સરકાર આ નકલી ડૉક્ટરો સામે કડક કાયદો લાવવા વિચારી રહી છે.

રાજ્યમાં આયુર્વેદના નામે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા અને યોગ્ય ડિગ્રી વગર તબીબી પ્રેક્ટિસ કરતા તત્ત્વો સામે હવે રાજ્ય સરકાર કડક વલણ અપનાવવા જઈ રહી છે. સુરત ખાતે આયુર્વેદિક ડૉક્ટરો દ્વારા યોગગુરુ પ્રદીપ જોટંગિયા અને અન્ય નકલી ડૉક્ટરો વિરુદ્ધ કરવામાં આવેલી રજૂઆત બાદ રાજ્યના આરોગ્યપ્રધાન પ્રફુલ પાનસેરિયાએ ગંભીરતા દાખવી કડક કાર્યવાહીની ખાતરી આપી હતી.

પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આગામી સમયમાં નકલી ડૉક્ટરો સામે કડક કાયદો લાવી રહી છે.

વિધાનસભા સત્ર દરમિયાન આ અંગેના કાયદામાં જરૂરી સુધારા કરવામાં આવશે. હાલમાં ચૂંટણી આચારસંહિતા અમલી હોવાથી, તે પૂર્ણ થતાની સાથે જ આવા તત્ત્વો સામે તપાસ અને કડક ડ્રાઈવ શરૂ કરવામાં આવશે. તમામ આયુર્વેદિક ડૉક્ટરોએ ફરજિયાતપણે નોંધણી કરાવવી પડશે. જે લેભાગુ તત્વો પાસે ડિગ્રી કે રજિસ્ટ્રેશન નથી તેમને બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં. નકલી ડૉક્ટરોને જેલના સળિયા પાછળ ધકેલવા માટે સરકાર વધુ કડક કાયદો અમલી બનાવશે.

પ્રફુલ પાનસેરિયાએ નાગરિકોને અપીલ કરી હતી કે, સર્પ ડંખ કે હાર્ટ એટેક જેવી ગંભીર સ્થિતિમાં અંધશ્રદ્ધામાં ન ફસાવું. લેભાગુ તત્વો પાસે જવાને બદલે તાત્કાલિક સરકારી કે માન્ય હૉસ્પિટલમાં જ લાયકાત ધરાવતા ડૉક્ટરો પાસે જ સારવાર લેવી યોગ્ય છે.

# અમદાવાદમાં એએમટીએસની બસે બળદગાડાને ટક્કર મારતા લોકો વીફર્યા, બસમાં તોડફોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં મનપા સંચાલિત એએમટીએસ બસચાલક દ્વારા ફરી અકસ્માત થયો હતો. અહીંના પૂર્વીય ભાગના કૃષ્ણનગર વિસ્તારમાં વિજય પાર્ક તરફ જતા માર્ગ પર બસચાલકે બળદગાડાને હડફેટે લીધું હતું. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ અનુસાર પુરપાટ ચાલતી બસે રસ્તા પર જઈ રહેલા બળદગાડાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વૃદ્ધને ઈજા થઈ હતી અને બળદ પણ ઘાયલ થયો હતો. વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

દરમિયાન વારંવાર આવી ઘટના બનતી હોવાથી લોકો રોષે ભરાયા હતા અને બસમાં તોડફોડ કરી હતી. ટોળું વિફરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થિતિ પર નિયંત્રણ મેળવ્યું હતું તેમ જ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# દ્વારકામાં વરસાદી માહોલ, જામનગર પંથકમાં પણ વાતાવરણ પલટાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદની આગાહી કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકામાં સવારથી વાતાવરણ પલટાયું હતું અને વરસાદ વરસ્યો હતો. દ્વારકામાં અમુક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. કમોસમી વરસાદની અસર દ્વારકા સાથે, ઓખા, મીઠાપુર અને જામનગર પંથકમાં પણ જોવા મળી હતી. લાલપુરમાં કરા પડ્યા હતા અને ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. કચ્છના ભુજમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનના રૂપમાં ત્રણ સિસ્ટમ સક્રિય થતાં તેની અસરના ભાગરૂપે ગુજરાતના હવામાનમાં પલટાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા દોઢેક મહિનાથી અમુક સમયના અંતરે વરસાદી માહોલ ઊભો થઈ જાય છે.

વાતાવરણની આ વિષમતા ખેડૂતોને ખૂબ જ નડી રહી છે. આ સાથે બદલાતું હવામાન બીમારીઓ પણ લાવી રહ્યું છે. રાજ્યના અમુક ભાગોમાં સખત ગરમીનો અનુભવ થાય છે. હજુ આજે પણ રાજ્યના અમુક ભાગોમાં વરસાદી વાતાવરણ રહેશે તેવી આગાહી છે.

# અમદાવાદના દાણીલીમડામાં અને ભાવનગરના લોંગડી ગામમાં ફૂડ પોઈઝનિંગ, અસરગ્રસ્તોની તબિયત લથડતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના દાણીલીમડા વિસ્તારમાં ૭૦ લોકોને મંગળવારે ફુડ પોઈઝનિંગ થવાના કારણે ઝાડા ઊલટી થતા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મળતી વિગત મુજબ, દાણીલીમડાની શક્તિ સોસાયટીના એક પરિવારને ત્યાં લગ્નપ્રસંગ હોવાથી કાંકરિયા પિકનિક હાઉસ ખાતે જમણવાર રાખવામાં આવ્યો હતો. આ જમણવારમાં ચીકન ઉપરાંત ફીશ, હલવો, દહીંવડા અને છાશ સહિતની વાનગી પીરસવામાં આવી હતી. આ વાનગી ખાધા પછી ઝાડા ઊલટીની અસર થતા બહેરામપુરાની ચેપી રોગની હૉસ્પિટલ ખાતે ૪૬, શીફા હૉસ્પિટલ ખાતે ૨૦ તથા એલ.જી. હૉસ્પિટલ ખાતે ત્રણ મળી કુલ ૭૦ લોકોને સારવાર આપવી પડી હતી.

ભોજન લીધાના માત્ર ચાર કલાકના ટૂંકા ગાળામાં જ મહેમાનોની તબિયત લથડવા લાગી હતી અને તેમને હૉસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. ઘટનાની ગંભીરતાને જોતા મનપાના આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

ફૂડ વિભાગ દ્વારા લગ્ન પ્રસંગમાં પીરસાયેલી મટન બિરયાની, ડ્રાયફ્રૂટ હલવો, ચિકન, ફિશ અને માવાના સેમ્પલ લઈને લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. પાણી પૂરું પાડનાર વોટર જગ સપ્લાયર અને યજમાનના ઘરેથી પણ પાણીના નમૂના લેવામાં આવ્યા હતા. મનપાના આરોગ્ય વિભાગ દ્વારા આ મામલે ગંભીર નોંધ લઈને કેટરિંગ સર્વિસ આપનાર કેટરર વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી.

આ જ પ્રકારની ઘટના ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના લોંગડી ગામમાં બની હતી. લોંગડી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને તિથિ ભોજન લીધા બાદ ફૂડ પોઈઝનિંગની (ખોરાકી ઝેર) અસર થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અંદાજે ૧૫૦થી ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓની તબિયત લથડતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# કડીમાં રોડની બાજુમાં રાત્રે નિદ્રાધીન શ્રમિક પરિવારના બે બાળક પર જેસીબી ફરી વળ્યું

અમદાવાદ: મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ગુરુવારે ૨ એપ્રિલના રોજ રાત્રે અકસ્માતની ઘટના બની હતી. કલ્યાણપુર નજીક રોડની બાજુમાં નિદ્રાધીન શ્રમિક પરિવારના બે માસૂમ બાળકો પર બેફામ જેસીબી ફરી વળતા બંનેના કરુણ મોત નિપજ્યા હતા. આ અકસ્માતને પગલે શ્રમિક પરિવારમાં શોકનો માહોલ ફરી વળ્યો હતો.

મળતી માહિતી મુજબ, કડીના કલ્યાણપુર પાસે આવેલી શિવશક્તિ જિનિંગની સામેના માર્ગ પર આ અકસ્માત સર્જાયો હતો. એક શ્રમિક પરિવાર મજૂરી બાદ થાકીને રોડ નજીક સૂતો હતો. આ દરમિયાન રાત્રિના અંધકારમાં પૂરપાટ ઝડપે આવતા એક જેસીબીના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને જેસીબી સૂતેલા પરિવાર પર ચડાવી દીધું હતું.


જેસીબીના તોતિંગ ટાયરો નીચે આવી જવાથી આ પરિવારના બે માસૂમ બાળકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે બાળકોને બચાવવાની કોઈ તક મળી ન હતી. આસપાસના લોકો દોડી આવ્યા હતા.

# ગુજરાતને માર્ચ ૨૦૨૬માં જીએસટી આવક ₹ ૭,૩૫૨ કરોડ, અંદાજે ૧૮.૭ ટકાનો વધારો

અમદાવાદ: ગુજરાત સરકારના સ્ટેટ જીએસટી વિભાગની માર્ચ ૨૦૨૬ દરમિયાનની આવકમાં મોટો ઉછાળો નોંધાયો છે. ચાલુ વર્ષે વિભાગની કુલ આવકમાં ૧૮.૭ ટકાનો માતબર વધારો નોંધાયો હોવાનું બહાર આવ્યું છે. સત્તાવાર માહિતી મુજબ, માર્ચ ૨૦૨૬માં રાજ્યને જીએસટી હેઠળ કુલ રૂ.૭,૩૫૨ કરોડની આવક થઈ છે, જે ગયા વર્ષની સમાન અવધિમાં મળેલી રૂ.૬,૧૯૦ કરોડની સરખામણીએ અંદાજે ૧૮.૭ ટકા વધુ છે.

રાજ્યને માર્ચ ૨૦૨૬માં વેટ હેઠળ રૂ.૨,૭૧૪ કરોડ, વિજળી શુલ્ક હેઠળ રૂ.૧,૩૨૮ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ.૨૪ કરોડની આવક થઈ છે. આમ, તમામ મુખ્ય કર સ્રોતો દ્વારા રાજ્યને કુલ રૂ.૧૧,૪૧૮ કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

વાર્ષિક આંકડાઓ પર નજર કરીએ તો નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યને જીએસટી હેઠળ કુલ રૂ. ૮૧,૪૧૦ કરોડની આવક થઈ છે, જે અગાઉના વર્ષ કરતાં ૧૧.૧ ટકા વધુ છે.


ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
*T&C Apply
Limited Edition Sailing

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ


૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by: adani

|| મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય ||

આજે દિવસ બીજો

## બોરીવલી ભક્તિરંગે રંગાયું



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરી**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા



SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

### આજે ખાસ પધારશે



વૈષ્ણવ હૃદયસમ્રાટ
વૈષ્ણવાચાર્યશ્રી
૧૦૮ યદુનાથજી
મહોદયશ્રી
(કડી-અમદાવાદ)

પ્રવચન 3.00 થી 3.30 વાગ્યે

### ★ આજે

પદ્મશ્રી કૈલાસ ખેરનો ‘કૈલાસા’
કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

### સંગીત જલસો

**૪ એપ્રિલ**



ગીતા રબારીનો સંગીત જલસો

**૬ એપ્રિલ**



મૈથિલી ઠાકુરનો સંગીત કાર્યક્રમ

**૭ એપ્રિલ**



કીર્તિદાન ગઢવીનો ડાયરો

### કથા–કાર્યક્રમ

**પાંચમી એપ્રિલઃ કૃષ્ણ જન્મ**

★ દીપક રમેશ મહેતા

**છઠ્ઠી એપ્રિલઃ રુક્મિણી વિવાહ**

કન્યા પક્ષઃ શીતલ બિરેન સંઘવી
વર પક્ષઃ તૃપ્તિ ધર્મેશ ગાંધી

**આઠમી એપ્રિલઃ પૂર્ણાહુતિ યજ્ઞ**

★ ૮૪ બેઠકજીના દર્શન
★ ગોવર્ધન પરિક્રમા-દૈનિક દર્શન
★ માતુશ્રી કલાવતી ધરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) હસ્તે
★ શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી

### માતૃભાષા ભાગવત સપ્તાહમાં પધારનારા સંતો

**ચોથી એપ્રિલ**



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજસાહેબ

**છઠ્ઠી એપ્રિલ**



શ્રી વલ્લભકુળભૂષણ વૈષ્ણવાચાર્ય
પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮
શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી

**સાતમી એપ્રિલ**



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય
દ્વારકા શારદાપીઠાધીશ્વર
જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ
સરસ્વતીજી મહારાજ

### આયોજક : મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

### જીવંત પ્રસારણ

મુંબઈ સમાચાર
YouTube ગુજરાતી

આસ્થા
वसुधैव कुटुंबकम् ॥ Sandipani ॥
धर्म संदेश
आस्था भजन

**વિશેષ આભારઃ**

★ શ્રી સંજય ઉપાધ્યાય
★ શ્રી અસીત કુમાર મોદી
★ શ્રી જે. ડી. મજેઠિયા
★ શ્રી સંજય છેલ
★ શ્રી મુકેશ મહેતા
★ શ્રી ભૂપેન્દ્ર મહેતા
★ શ્રી વિપુલ પારેખ
★ શ્રી વિરલ ચિતલિયા
★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
Showglitz Events & Entertainment Private Limited
JVM CHARITABLE FOUNDATION
MUNJAL
HEM AGARBATTI
RUDRAAMAR GROUP
RAJSHREE BUILDERS Building A Future Into Every Home
hitech events & exhibition
ARVINDBHAI KHATRI SONS
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
APAR ADVERTISERS PRIVATE LIMITED
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

માતૃભાષા ભાગવત સપ્તાહ
૨ એપ્રિલથી ૮ એપ્રિલ



## જે ભાષામાં સપનું આવે એ માતૃભાષાઃ પૂજ્ય ભાઈશ્રી

# ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહનો દબદબાભેર શુભારંભ

મુંબઈઃ માયાવી નગરી મુંબઈ બુધવારે કૃષ્ણમય બની ગયું અને આવું બનવા માટે જવાબદાર હતું ‘મુંબઈ સમાચાર’ અને એના દ્વારા આયોજિત પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની અમૃતવાણીમાં શરૂ થયેલું માતૃભાષા ભાગવત્ સપ્તાહ.

બોરીવલીની ચીકુવાડીસ્થિત સ્વ. બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ ખાતે ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહનું આયોજન થઈ રહ્યું હોય અને માહોલના બને તો જ નવાઈ. પરમ પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની અમૃતવાણીએ હજારો શ્રદ્ધાળુઓના હૃદયને ભક્તિભાવથી તરબતર કરી નાખ્યું હતું.

બીજી એપ્રિલથી આઠમી એપ્રિલ સુધી ચાલનારા ‘મુંબઈ સમાચાર’ આયોજિત આ માતૃભાષા ભાગવત્ સપ્તાહનો પ્રારંભ થયો હતો પ્રમોદ મહાજન ગ્રાઉન્ડ (શંકર મંદિરની બાજુમાં)થી વાજતેગાજતે પોથીની શોભાયાત્રાથી. ખરી બપોરે એક કલાક સુધી વૈષ્ણવો પરંપરાગત વસ્ત્રોમાં માથે પોથી લઈને ઢોલ નગારાના તાલે નાચતા નાચતા સ્વ. બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલની સનાતન નગરી પહોંચ્યા ત્યારે એમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને પોથીને પોંખવામાં આવી હતી. ‘હાથીઘોડા પાલખી, જય કન્હૈયા લાલ કી’ના જયઘોષ સાથે સમગ્ર માહોલ કૃષ્ણમય બની ગયો હતો.

‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવેએ મુખ્ય મનોરથી પરિવાર, સહ મનોરથી પરિવાર, વિશેષ મહેમાનો, પોથી યજમાનો અને બહોળી સંખ્યામાં હાજર રહેલા ભાવિકોને આવકાર આપ્યો હતો. ત્યારબાદ મુખ્ય મનોરથી સૌરભ મહેતા (સ્કાયલાઈન ઈન્ફ્રા ફોર્જ) અને સહ મનોરથી રમેશભાઈ પારેખ (ગાંધાર ગ્રૂપ ઓફ કંપનીઝ)ના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ માતૃભાષા ગુજરાતીમાં હૂંફાળું સ્વાગત કરતાં જય શ્રીકૃષ્ણ કરતાં સનાતન નગરીમાં ઉપસ્થિત ભક્તજનો હૈયે હિલોળે ચઢ્યા હતા. ભાઈશ્રીએ માત્ર મુંબઈ જ નહીં, દેશના અને એશિયાના સૌથી જૂના અખબાર ‘મુંબઈ સમાચાર’ની અનોખી પહેલને બિરદાવી હતી અને ‘મુંબઈ સમાચાર’એ ગુજરાતી જ નહીં પણ દેશની તમામ ભાષાઓને પોંખવાનું ઉત્તમ કાર્ય કર્યું છે. આજના ડિજિટલ યુગમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની સાથે સાથે મહત્વ પણ જાળવી રાખ્યું છે. આજની યુવાપેઢીને કદાચ ખ્યાલ નથી પણ આપણામાંથી મોટાભાગના લોકોની સવાર ચ્હા-કોફીની સાથે સાથે અખબાર સાથે થાય છે અને મહત્ત્વની વાત એ છે કે સમાચારની પ્રામાણિકતા માટે સામાન્ય વાચકોને મુંબઈ સમાચાર પર સંપૂર્ણ ભરોસો છે.

નવાં ઘણાં અખબારો અને સામાયિકો પ્રગટ કરવાની પહેલ કરે છે, પરંતુ ટકી શકતાં નથી એવી સ્થિતિમાં ‘મુંબઈ સમાચાર’નો ધ્વજ ૨૦૦ વર્ષથી વધુ સમય સુધી લહેરાતો રહ્યો છે એ ગર્વની વાત છે. માતૃભાષા ભાગવત સપ્તાહની ભાવનાને મહત્ત્વ આપતા એમણે પ્રથમ મરાઠીમાં, ત્યાર બાદ હિંદીમાં નાનકડું વકતવ્ય આપતાં હાજર રહેલા તમામ ભાવિકોએ એને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ એમની અમૃતવાણીમાં કથાનો આરંભ કર્યો હતો. એમના આજના કથા પ્રવાહમાં કેન્દ્રમાં માતૃભાષા હતી અને એમની વાણીમાંથી ભાષાના પ્રભુત્વનું મહત્ત્વ સતત સમજાવ્યું હતું. ભાષા, ભાવ, ભૂષા, ભોજન અને ભૂમિ આ તમામનું રસપાન કરાવ્યું હતું. રાધે ગોવિંદ ભજો રાધેની ધૂન પર ભાવિકો, ભક્તજનો ડોલી ઊઠ્યા હતા અને મન મૂકીને નૃત્ય કર્યું હતું. સમગ્ર માહોલ ભક્તિમય બની ગયો હતો.

માતૃભાષા ભાગવત્ સપ્તાહમાં ઉપસ્થિત મહાનુભાવોમાં બોરીવલીના વિધાનસભ્ય સંજય ઉપાધ્યાય, ભૂતપૂર્વ નગર સેવિકા બીના દોશી, લોકપ્રિય ટીવી સિરિયલના નિર્માતા અસીતકુમાર મોદી, પ્રસિદ્ધ કવિ અને મુશાયરાના મશહૂર સંચાલક શોભિત દેસાઈ, જાણીતા નાટ્યકર્મી વિપુલ વિઠલાણી, લાઈફોગ્રાફીના સર્જક રજની આચાર્ય, કેડાઈ એમસીએચઆઈ થાણેના વાઈસ પ્રેસિડન્ટ જિતેન્દ્રભાઈ મહેતા, ઘાટકોપરના અગ્રણી રાજેશભાઈ ઠક્કર, ટ્રાન્સમીડિયાના જશ્મીનભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ■

## માતૃભાષાને ટકાવી રાખવા અખબારોને ટકાવી રાખવા પડશેઃ પૂજ્ય ભાઈશ્રી

૨૦૦ વર્ષ ટકી રહેવું કંઈ નાનીસૂની વાત નથી. દરેક ભાષાને ટકાવી રાખવા, નવી પેઢી સુધી પહોંચતી કરવા અખબારોએ ટકી રહેવું પડશે. માતૃભાષાના સંવર્ધન માટે એમણે મજબૂતીથી ટકી રહેવું પડશે. ભાષા એ સંસ્કૃતિનું ઘર છે.અંગ્રેજીમાં ગરબાની રચના કરીને રિધમ પર દાંડિયા રમી શકાય પણ એમાં ગુજરાતીપણું તો બિલકુલ નહીં રહે. ગરબો ગુજરાતી વિના તો અધૂરો લાગે.

જે ભાષામાં આપણને સપનું આવે એ આપણી માતૃભાષા. તકલીફના સમયમાં જે મા યાદ આવે, ઈશ્વર યાદ આવે, ઠેસ વાગતા જે ભાષામાં ઉદ્ગાર નીકળે એ આપણી માતૃભાષા, ભાવ, ભોજન, ભાષા જે ધરતી પર તમે જન્મ્યા, એ તમારી માતૃભૂમિ, જે ખોરાક ખાઈને આપણે મોટા થયા હોઈએ એ આપણને નડે નહીં. આપણા શરીર માટે સૌથી હિતકર છે. મા કોઈ દિવસ નડે નહીં અને પિતૃઓ તો ક્યારેય નડે નહી. પિતૃઓ સહિષ્ણુ હોય. એ નડે એ વાત મગજમાંથી કાઢી નાખો. ■






























## એસી ડોમની ઠંડી જોઈને સ્વેટર-શાલ લાવવાનો અનુરોધઃ પૂજ્ય ભાઈશ્રી

‘મુંબઈ સમાચાર’ના આયોજનની ખોબલે ખોબલે પ્રશંસા કરી તેમણે કહ્યું હતું કે ભાગવત્ સપ્તાહનું આયોજન એપ્રિલની કાળઝાળ ગરમીમાં પણ કાશ્મીરનો ઠંડીનો અહેસાસ કરાવી રહ્યું છે. એસી ડોમ સહિતની સુવિધાજનક ભાગવત્ સપ્તાહના આયોજન બદલ હું મુંબઈ સમાચાર અને ભાવિકોને અભિનંદન આપું છું અને પ્રણામ કરું છું. આ સાથે જ એમણે ભાવિકોને બીજા દિવસથી સ્વેટર અને શાલ લઈને આવવાનું સૂચન કર્યું હતું. ■









મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમેરિકન ચેસ પ્લેયરે ગુસ્સો ઠાલવતાં કહ્યું, ‘અમે બધા શું ઈરાનમાં ફરતા મોસાદના એજન્ટ જેવા છીએ?’

નવી દિલ્હીઃ સાયપ્રસ દેશમાં વિશ્વના ટોચના ચેસ ખેલાડીઓની ‘ધ કૅન્ડિડેટ્સ’ નામની ટૂર્નામેન્ટ ચાલી રહી છે જેમાં આયોજક ફિડે એટલે કે ઇન્ટરનૅશનલ ચેસ ફેડરેશન તમામ ખેલાડીઓને જે છેતરપિંડી વિરોધી સિસ્ટમમાંથી પસાર થવાની ફરજ પાડી રહ્યું છે એ બાબતમાં અમેરિકાના વર્લ્ડ નંબર-ટૂ ચેસ ખેલાડી હિકારુ નાકામુરાએ આક્રોશ ઠાલવ્યો છે અને એક નિવેદનમાં તેણે ઇરાન તેમ જ ઇઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદનો ઉલ્લેખ કરીને સૌને ચોંકાવી દીધા હતા.



અમેરિકાનો હિકારુ નાકામુરા અને તેની ઈરાની પત્ની અતૌસા પૉસ્ર્કાશિયાન

ફિડેના અધિકારીઓએ સાયપ્રસમાં ચેસના ખેલાડીઓને ઍન્ટિ-ચીટિંગ સિસ્ટમના ભાગરૂપે ટૂર્નામેન્ટના સ્થળે ઠેકઠેકાણે સ્કૅનર તથા મશીન બેસાડ્યાં છે. પરિણામે, ખેલાડીઓએ વારંવાર આ સ્કૅનર અને મશીનની સિસ્ટમમાંથી પસાર થવું પડે છે.

## નાકામુરાની પત્ની ઈરાનની છે

નાકામુરા મૂળ જાપાનનો છે અને તેણે અમેરિકાનું નાગરિકત્વ મેળવ્યું છે. નવાઈની વાત એ છે કે તેની પત્ની અતૌસા પૉસ્ર્કાશિયાન ઇરાનની છે. ૩૭ વર્ષની અતૌસા પણ વિશ્વની ટોચની મહિલા ચેસ ખેલાડીઓમાં ગણાય છે. નાકામુરા ૩૮ વર્ષનો છે. બન્નેએ ૨૦૨૩માં લગ્ન કર્યાં હતાં. અતૌસાએ ૨૦૨૨માં ઇરાન છોડ્યું હતું અને ત્યારથી અમેરિકામાં જ રહે છે. તેમને એક સંતાન છે.

## આટલી બધી ચકાસણી શું કામ?

નાકામુરા ‘ધ કૅન્ડિડેટ્સ’ નામની જે ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યો છે એમાં ભારતના કેટલાક ટોચના પ્લેયર્સ પણ ભાગ લઈ રહ્યા છે. નાકામુરાએ પોતાની યુટ્યૂબ ચૅનલ પર કહ્યું છે કે ‘આવી મોટી ઇવેન્ટમાં કોઈ ખેલાડી જાણી જોઈને કોઈ પ્રકારનો વિલંબ કરે, રમતી વખતે છેતરપિંડી કરે એવી બધી વાતો વાહિયાત છે. તેમના પર નજર રાખનારા ઘણા અધિકારીઓ છે. ખેલાડીઓને ગેમ પહેલાં અને ગેમ પછી સ્કૅનથી ચકાસવામાં આવે છે. એક તરફ મેટલ ડિટેક્ટરો છે, બીજી બાજુ સ્કૅનર છે. અમે બધા શું ઇરાનમાં ફરી રહેલા (ઇઝરાયલી જાસૂસી સંસ્થા) મોસાદના એજન્ટ છીએ? એ તો યાદ રાખો કે અમે બધા ચેસ ખેલાડી છીએ.’ ■

હૈદરાબાદે કોલકાતાને ૬૫ રનથી હરાવ્યું

# મલિન્ગા મૅજિકઃ બે રનઆઉટ, બે વિકેટ, એક કૅચ

કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં સનરાઇઝર્સ હૈદરાબાદે (૨૦ ઓવરમાં ૮/૨૨૬) યજમાન કોલકાતા નાઇટ રાઇડર્સ (૧૬ ઓવરમાં ૧૦/૧૬૧)ને ૬૫ રનથી હરાવીને બે પૉઇન્ટ સાથે ખાતું ખોલાવ્યું હતું અને પૉઇન્ટ્સ-ટેબલમાં રાજસ્થાન, બેંગ્લૂરુ, દિલ્હી, મુંબઈ, પંજાબની હરોળમાં આવી ગયું હતું. શ્રીલંકાના એશાન મલિન્ગાએ કમાલનું પર્ફોર્મ કર્યું હતું. તેણે અંગક્રિશ રઘુવંશી (બાવન રન, ૨૯ બૉલ, બે સિક્સર, છ ફોર) તેમ જ કૅમેરન ગ્રીન (બે રન)ને રનઆઉટ કર્યા હતા, કૅપ્ટન અજિંક્ય રહાણે (આઠ રન)નો કૅચ ઝીલ્યો હતો તેમ જ રમણદીપ સિંહ (૧૦ રન) તથા એક સમયના સૌથી ડૅન્જરસ ઓપનર સુનીલ નારાયણ (૧૨ રન)ની વિકેટ પણ લીધી હતી. કોલકાતાની ઇનિંગ્સમાં ચારેય કોર ઈમ્પેક્ટ પ્લેયર મલિન્ગા છવાઈ ગયો હતો.



મૂળ પોરબંદરના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટ (૩-૦-૨૧-૩)નું પણ હૈદરાબાદને જિતાડવામાં મોટું યોગદાન હતું. મલિન્ગા ઉપરાંત નીતીશ રેડ્ડીએ બે અને હર્ષ દુબેએ એક વિકેટ લીધી હતી. ૧૪મી ઓવરમાં રિન્કુ સિંહે (૩૫ રન, પચીસ બૉલ, એક સિક્સર, ચાર ફોર) નીતીશ રેડ્ડીના બૉલમાં વિકેટ ગુમાવી એ સાથે કોલકાતાના વિજયની આશા ખૂબ ઓસરી ગઈ હતી.

કિવી ઓપનર ફિન ઍલન (૨૮ રન, સાત બૉલ, બે સિક્સર, ચાર ફોર) મહિના પહેલાં આ જ મેદાન પર વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકા સામે અણનમ ૧૦૦ રનની મૅચ-વિનિંગ ઇનિંગ્સ રમ્યો હતો, પણ ગુરુવારે હૈદરાબાદ સામે ટૂંકી આક્રમક ઇનિંગ્સ રમીને આઉટ થયો હતો. તેની પ્રથમ મહત્ત્વની વિકેટ સ્પિનર હૈદરાબાદના હર્ષ દુબેએ લીધી હતી.

એ પહેલાં, હૈદરાબાદે પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ખાસ કરીને ચાર બૅટ્સમેનના સાધારણ છતાં ઉપયોગી પ્રદર્શનથી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૨૬ રન કર્યા હતા. હૈદરાબાદના ૨૨૬ રન આ વખતની આઇપીએલનો સર્વોચ્ચ સ્કોર હતો. ૧૯મી ઓવર સુધી હૈદરાબાદની ઇનિંગ્સમાં છ વિકેટે ૨૦૦-પ્લસ રન થયા હતા, પરંતુ કોઈની પણ હાફ સેન્ચુરી નહોતી. જોકે ૨૦મી ઓવરમાં હિન્રિક ક્લાસેને હાફ સેન્ચુરી પૂરી કરી હતી. તે એ ઓવરમાં આઉટ થયો હતો.

ક્લાસેને ૩૫ બૉલમાં એક છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી બાવન રન કર્યા હતા અને ઝિમ્બાબ્વેથી આવેલા પેસ બોલર બ્લેસિંગ મુઝરબાનીના બૉલમાં વિકેટ ગુમાવી બેઠો હતો. એ ઓવરના અંતિમ બૉલમાં મુઝરબાનીએ શિવાંગ કુમારની પણ વિકેટ લીધી હતી. ટ્રૅવિસ હેડે ૪૬ રન, અભિષેકે ૪૮ અને નીતીશ કુમારે ૩૯ રન કર્યા હતા.

મુઝરબાનીએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. ■

# દિલ્હી સામેની હાર બાદ ગોયેન્કા શું પંત પર ગુસ્સે થયા હતા?

નવી દિલ્હીઃ આઈપીએલ ૨૦૨૬ના પ્રથમ મુકાબલામાં લખનઊનો દિલ્હી સામે પરાજય થયો હતો. પાવરપ્લેમાં ફક્ત ૨૬ રનમાં ૪ વિકેટ ગુમાવ્યા બાદ દિલ્હીએ જે રીતે વાપસી કરીને ૧૪૨ રનનો લક્ષ્યાંક મેળવી લીધો એ વાપસી અકલ્પનીય હતી. લખનઊની હાર બાદ ફ્રૅન્ચાઇઝીના માલિક સંજીવ ગોયેન્કા ટીમના કેપ્ટન રિષભ પંત તેમ જ હેડ-કોચ જસ્ટિન લૅન્ગર પર લાલઘૂમ થયા એવો વીડિયો અને ફોટો હાલ વાઇરલ થયો હતો.



આ વાતચીત વિશે ટીમના ચાહકોમાં અનેક પ્રકારની અટકળો થઈ રહી હતી. શું કૅપ્ટન પંત ઓપનિંગમાં રમ્યો એ બદલ ગોયેન્કા ગુસ્સે હતા? શું આ કોઈ રણનીતિને લઈ ચર્ચા હતી કે હારને લઈ નારાજગી તેનો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો. જોકે મીડિયામાં લોકો સંજીવ ગોયેન્કાના વર્તનની ટીકા કરી રહ્યા હતા એવામાં તેમણે ‘એક્સ’ પરની પોસ્ટમાં પંત પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ઓપનર પંત સાત રનના પોતાના સ્કોર પર રનઆઉટ થઈ ગયો હતો. ગોયેન્કાએ પોસ્ટમાં લખ્યું, ‘આ એક લાંબી સીઝન છે, અને કંઈક મહત્ત્વનું કરવાના પ્રયાસમાં આવી ક્ષણો આવતી રહે છે. મને અમારા કેપ્ટન અને ટીમ પર સંપૂર્ણ વિશ્વાસ છે કે તેઓ મજબૂત રીતે પ્રદર્શન કરશે. અમે વધુ મજબૂત રીતે કમબેક કરીશું.’ ■

યુદ્ધ સહિતનાં પરિબળોની અસર?

# ફિફાએ અમેરિકાના વર્લ્ડ કપની ટિકિટનો ભાવ બે લાખ રૂપિયા વધારી દીધો!

ઝુરિકઃ અમેરિકા એક તરફ પશ્ચિમ એશિયામાં ઇઝરાયલ સાથે મળીને એક મહિના કરતાં પણ વધુ સમયથી ઇરાન સામે ભીષણ યુદ્ધમાં ઊતર્યું છે ત્યાં બીજી તરફ અમેરિકામાં જ અઢી મહિના પછી યોજાનારા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ માટે સ્ટેડિયમોમાં તડામાર તૈયારીઓ થઈ રહી છે અને આ માહોલમાં ફિફાએ ટોચની કૅટેગરીવાળી ટિકિટના ભાવમાં બે લાખ રૂપિયાનો તોતિંગ વધારો કર્યો છે. આ ભાવ વધારો યુદ્ધ સહિતનાં પરિબળોની અસરને કારણે કરવામાં આવ્યો એવું નકારી ન શકાય.

૧૧મી જૂનથી ફૂટબૉલ વર્લ્ડ કપની મૅચો ખાસ કરીને અમેરિકામાં તેમ જ કૅનેડા અને મેક્સિકોના સ્ટેડિયમોમાં રમાશે. આ વખતે સૌથી વધુ ૪૮ દેશ ભાગ લઈ રહ્યા છે અને વર્લ્ડ કપનાં મેમ્બર રાષ્ટ્રોમાં આ નવો વિક્રમ છે. બુધવારે તમામ ૪૮ દેશના નામ નક્કી થઈ ગયા ત્યાર પછી અગાઉ અડચણને કારણે અટકાવવામાં આવેલું ટિકિટોનું વેચાણ ફરી શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં તો ૭૨માંથી ૧૭ લીગ મૅચો માટેની ટિકિટનું જ વેચાણ શરૂ કરાયું છે. નૉકઆઉટ રાઉન્ડની ટિકિટોનું વેચાણ હજી શરૂ નથી કરાયું.

નંબર-વન કૅટેગરીની એક ટિકિટનો ભાવ બે મહિના પહેલાં ૮,૬૮૦ ડૉલર (આશરે ૮.૦૮ લાખ રૂપિયા) હતો જે હવે વધારીને ૧૦,૯૯૦ ડૉલર (અંદાજે ૧૦.૨૩ લાખ રૂપિયા) કરવામાં આવ્યો છે. અન્ય બે કૅટેગરીની ટિકિટનો ભાવ પણ વધારવામાં આવ્યો છે.

૧૯મી જુલાઈએ અમેરિકામાં ન્યૂ જર્સીમાં ઈસ્ટ રુધરફર્ડના સ્ટેડિયમમાં રમાનારી ફાઇનલ માટેની બીજી કૅટેગરીની એક ટિકિટનો ભાવ અગાઉ ૫,૫૭૫ ડૉલર (૫.૨૦ લાખ રૂપિયા) હતો જે વધારીને ૭,૩૮૦ ડૉલર (૬.૮૮ લાખ રૂપિયા) નક્કી કરવામાં આવ્યો છે. ત્રીજી કૅટેગરીની એક ટિકિટનો ભાવ ૪,૧૮૫ ડૉલર (૩.૯૦ લાખ રૂપિયા)થી વધારીને ૫,૭૮૫ ડૉલર (૫.૩૯ લાખ રૂપિયા) કરાયો છે. ■

# લખનઊની મૅચમાં પ્રિન્સ યાદવ અને ટ્રિસ્ટેન સ્ટબ્સ વચ્ચે ચકમક

લખનઊઃ દર વર્ષે આઇપીએલમાં હરીફ ટીમના કોઈને કોઈ ખેલાડી વચ્ચે હળવી ચકમકની ઘટના બનતી જ હોય છે, ક્યારેક એ ઘટના ગંભીર સ્વરૂપ પણ લઈ લેતી હોય છે અને બુધવારે લખનઊમાં એક એવો જ બનાવ બન્યો જે થોડી જ ક્ષણોમાં શાંત પડી જતાં સૌને નિરાંત થઈ હતી. એ ઘટના લખનઊના પેસ બોલર પ્રિન્સ યાદવ અને દિલ્હીના મિડલ-ઑર્ડર બૅટ્સમૅન ટ્રિસ્ટેન સ્ટબ્સ વચ્ચેની હતી.



બન્યું એવું કે દિલ્હીને જીતવા માટે માત્ર ૧૪૨ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો ત્યાર બાદ પાંચમી ઓવર માંડ અડધી થઈ હતી ત્યાં સુધીમાં દિલ્હીએ માત્ર ૨૬ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. અક્ષર પટેલના સુકાનમાં રમતી દિલ્હી માટે હાલત ત્યારે બહુ ખરાબ હતી. ખુદ અક્ષર પણ પૅવિલિયનમાં પાછો આવી ગયો હતો અને દિલ્હીની ટીમને સાઉથ આફ્રિકન બૅટ્સમૅન ટ્રિસ્ટેન સ્ટબ્સ પાસે મોટી અપેક્ષા હતી.

જોકે પાંચમી ઓવરમાં લખનઊના પેસ બોલર પ્રિન્સ યાદવ અને સ્ટબ્સ વચ્ચે થોડી સામાસામી થઈ હતી. પ્રિન્સના ઑફ સ્ટમ્પની બહારના બૉલને સ્ટબ્સે સારી રીતે ડિફેન્ડ કર્યો હતો. કોણ જાણે શું થયું કે પ્રિન્સ એ બૉલ ફેંક્યા બાદ ફૉલો-થ્રુમાં પાછા જતાં પહેલાં સ્ટબ્સ સામે ઘૂરક્યો હતો. જોકે સ્ટબ્સે પણ આગળ આવીને પ્રિન્સ સામે આંખ બતાવીને જવાબ આપવાની કોશિશ કરી હતી. પ્રિન્સ પાછો તો જતો રહ્યો, પણ પછી સ્ટબ્સે સમીર રિઝવી સાથે મળીને બાજી છેક સુધી સંભાળી રાખી હતી અને ૧૧૯ રનની ભાગીદારીથી તેમણે દિલ્હીને રોમાંચક વિજય અપાવ્યો હતો. પ્રિન્સ યાદવે પથુમ નિસન્કા અને અક્ષર બન્નેની મહત્ત્વની વિકેટ લીધી હતી.

સ્ટબ્સે ૩૨ બૉલમાં અણનમ ૩૯ રન અને સમીર રિઝવીએ ૪૭ બૉલમાં અણનમ ૭૦ રન કર્યા હતા. મૂળ ઉત્તર પ્રદેશના બાવીસ વર્ષીય બૅટ્સમૅન સમીર રિઝવીને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો. ■

# વાહ, ધોની પ્રૅક્ટિસ કરવા આવી ગયો! વહેલો રમવાનો છે કે શું?

ચેન્નઈઃ ક્રિકેટ-લેજન્ડ મહેન્દ્રસિંહ ધોનીની આ કદાચ છેલ્લી આઇપીએલ છે અને ૨૮મી માર્ચે ટૂર્નામેન્ટ શરૂ થઈ એ પહેલાં જ તેણે પગની ઈજાને કારણે પહેલા લગભગ બે અઠવાડિયાં ન રમવાનું નક્કી કર્યું હતું, પરંતુ ગુરુવારે તેને ચેન્નઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમના મેદાન પર જોઈને સૌને આશ્ચર્ય થયું હતું. ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ખેલાડીઓને તો સ્વાભાવિક રીતે ધોનીની પ્રૅક્ટિસ વિશેની જાણ હશે જ, પરંતુ સ્ટેડિયમમાં હાજર ધોનીના ચાહકોને આશ્ચર્ય થયું હતું.




શુક્રવારે ચેન્નઈમાં સીએસકે અને પંજાબ કિંગ્સ (પીબીકેએસ) વચ્ચે મૅચ છે અને એ માટે ખેલાડીઓ આ ગ્રાઉન્ડ પર પ્રૅક્ટિસ કરી રહ્યા છે.

ચેન્નઈના સ્ટેડિયમમાં હાજર પંજાબના કેટલાક ખેલાડીઓએ પણ ધાર્યું નહીં હોય કે શુક્રવારે તેઓ સીએસકે સામે જે મૅચ રમવાની છે એના ખેલાડીઓ સાથે સીએસકેનો કિંગ ધોની પણ પ્રૅક્ટિસ કરશે. ધોની કિટબૅગ લઈને મેદાન પર આવ્યો હતો અને થોડા બૉલ રમ્યો હતો.

સોમવારે ગુવાહાટીમાં રાજસ્થાન રૉયલ્સ સામેની મૅચમાં સીએસકેની ટીમ ખૂબ નબળી પુરવાર થઈ હતી અને પરાજિત થઈ હતી. ઋતુરાજ ગાયકવાડના સુકાનમાં સીએસકેએ ફક્ત ૧૨૭ રન કર્યા હતા અને રાજસ્થાને ૧૨.૧ ઓવરમાં વૈભવ સૂર્યવંશીના બાવન રનની મદદથી બે વિકેટે ૧૨૮ રન કરીને વિજય મેળવી લીધો હતો. જોકે શુક્રવારે સીએસકેએ બૅટિંગ અને બોલિંગ બન્નેમાં ખૂબ સુધારા સાથે રમવું પડશે. ધોની સોમવારે ગુવાહાટીમાં નહોતો, પણ શુક્રવારે રમશે નહીં તો પણ ડગઆઉટમાં બેસીને ગાયકવાડ, વિકેટકીપર સંજુ સૅમસન તેમ જ બીજા ખેલાડીઓને માર્ગદર્શન જરૂર આપશે. ■

# મુંબઈગરા આનંદો! અમદાવાદ જેવું વિશાળ ક્રિકેટ સ્ટેડિયમ બનવાનું છે, એકસાથે ૧,૦૦,૦૦૦ પ્રેક્ષકો માણી શકશે મૅચની મોજ

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલીટન રિજયન (એમએમઆર)માં એક લાખ સીટની ક્ષમતાવાળું વિશાળ ક્રિકેટ સ્ટેડિયમ બનવાનું છે અને એ સંબંધમાં આ સ્ટેડિયમના વિકાસ કાર્યને વેગ આપવા વિશે ચર્ચા કરવા મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ના પ્રમુખ અજિંક્ય નાઇક તાજેતરમાં રોડ-મેપ નક્કી કરવા સંબંધમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેમ જ રાજ્ય સરકારના બીજા ટોચના અધિકારીઓને મળ્યા હતા. શક્યતઃ નવી મુંબઈ-સ્થિત આ પ્રકલ્પ ફડણવીસના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવી રહ્યો છે.


એમસીએના પ્રમુખ અજિંક્ય નાઇક તાજેતરમાં સૂચિત સ્ટેડિયમ સંદર્ભમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા.

નાઇક સિટી ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન ઑફ મહારાષ્ટ્ર (સિડકો)ના મૅનેજિંગ ડિરેક્ટર વિજય સિંઘલ તથા અન્ય ટોચના અધિકારીઓને પણ આ મેગા પ્રૉજેક્ટ સંબંધમાં ચર્ચા માટે મળ્યા હતા.

આ સ્ટેડિયમ મુંબઈના હાર્દ ક્ષેત્રમાં બનશે એવી પણ અગાઉ ચર્ચા હતી. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં શ્રી નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ૧,૩૨,૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે. વાનખેડે સ્ટેડિયમમાં ૩૩,૦૦૦-પ્લસ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે.

આ વર્લ્ડ ક્લાસ સ્ટેડિયમ બનવા સાથે મહારાષ્ટ્ર વૈશ્વિક ખેલજગતના નકશામાં મહત્ત્વનું સ્થાન જમાવશે.

અજિંક્ય નાઇકે જણાવ્યું હતું કે ‘વિશાળ સ્ટેડિયમ બનાવવાની આ પહેલ મહારાષ્ટ્ર રાજ્યની ખેલકૂદ સંબંધિત અર્થવ્યવસ્થા માટે એક નવો પંથ કંડારશે.

આ સ્ટેડિયમ ખેલાડીઓના પર્ફોર્મન્સના વિકાસ માટે નવી ઉચ્ચ સ્તરીય તકો ઊભી કરશે, પાયાના સ્તરેથી ઊભરતી ટૅલન્ટને નવી ઓળખ અપાવશે તેમ જ ક્રિકેટ સાથે સ્પર્શતી સમગ્ર અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે.’

નવું સ્ટેડિયમ ખેલકૂદ સાથે સંકળાયેલા પર્યટન ઉદ્યોગને પણ વેગ આપશે, મોટી આંતરરાષ્ટ્રીય ઇવેન્ટને મુંબઈ તરફ આકર્ષશે તેમ જ સમગ્ર મુંબઈ પ્રદેશને જાગતિક ખેલકૂદ સ્તરે વધુ લોકપ્રિય બનાવશે. ■

# આજે ચેન્નઈ-પંજાબનો જંગઃ ચહલને છઠ્ઠી વાર સૅમસનની વિકેટ લેવી છે!

ચેન્નઈઃ આજે અહીં (સાંજે ૭.૩૦ વાગ્યાથી) આઇપીએલના બે ‘કિંગ્સ’ વચ્ચે ટક્કર છે. પંજાબ કિંગ્સના સ્પિનર યુઝવેન્દ્ર ચહલની નજર ચેન્નઈ સુપરકિંગ્સના ઓપનર સંજુ સૅમસન પર રહેશે. ચહલે ભૂતકાળમાં સૅમસનને ૧૨માંથી પાંચ ઇનિંગ્સમાં આઉટ કર્યો છે એટલે હવે છઠ્ઠી વખત તેનો શિકાર કરવાની તક નહીં છોડે. ચેન્નઈની હોમ-ગ્રાઉન્ડ પર આ વખતે પહેલી જ મૅચ છે અને ચેન્નઈવાસીઓ પહેલી વખત ટી-૨૦ વર્લ્ડ કપના સુપરસ્ટાર સૅમસનને તેમની ટીમ વતી રમતો જોશે.

એક તરફ ચેન્નઈનો આક્રમક બૅટ્સમૅન ડેવાલ્ડ બ્રેવિસ ઈજાને લીધે રમશે કે કેમ એમાં શંકા છે ત્યારે બીજી બાજુ પંજાબને બે દિવસ પહેલાં ગુજરાત સામે અણનમ ૭૨ રન કરીને રોમાંચક વિજય અપાવનાર કૂપર કૉનોલી પર પૂરો ભરોસો છે. ■

# ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા દિવ્યાંગ ક્રિકેટરોની ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના દ્વારા ફિઝિકલી ચૅલેન્જડ ક્રિકેટ ખેલાડીઓ માટે ભવ્ય ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જિમખાનાના ચૅરમૅન રજનીકાંત શાહ, કારોબારી ટ્રસ્ટી મનોજ અજમેરા, સેક્રેટરી મુકેશ બદાણી તથા પરેશ શાહ, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો હંમેશાં રમતગમતને પ્રોત્સાહન આપવા તત્પર રહે છે.


બુધવારે ટૂર્નામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે શ્રીમતી રેખા અજિત વાડેકર, કરસન ઘાવરી, જૉલી જિમખાનાના ચૅરમૅન રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાણી તેમ જ મૅનેજિંગ કમિટીના મેમ્બર્સ.

બુધવાર, પહેલી એપ્રિલના રોજથી ઑલ ઇન્ડિયા ક્રિકેટ અસોસિએશન ફૉર ફિઝિકલી ચૅલેન્જડ પ્લેયર્સના સહયોગથી આ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટ આજે (૩ એપ્રિલ) સુધી ચાલશે, જેમાં કુલ છ ટીમ (વેસ્ટ ઝોન, નૉર્થ ઝોન, સાઉથ ઝોન, ઈસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન અને બોર્ડ પ્રેસિડેન્ટ્સ ઇલેવન) ભાગ લઈ રહી છે. ટૂર્નામેન્ટની ફાઇનલ આજે બપોરે ૨.૦૦ વાગ્યાથી રમાશે.

ઉદ્ઘાટન સમારોહમાં ભૂતપૂર્વ ભારતીય પેસ બોલર અને ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ કરસન ઘાવરી તથા ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન અજિત વાડેકરનાં પત્ની શ્રીમતી રેખા અજિત વાડેકરની વિશેષ હાજરી રહી હતી. જિમખાનાના અધ્યક્ષ રજનીકાંત શાહે જણાવ્યું હતું કે ‘આવી ટૂર્નામેન્ટનું આયોજન કરવા માટે જિમખાના હંમેશાં તૈયાર રહે છે.’

ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન શ્રીમતી રેખા અજિત વાડેકર, કરસન ઘાવરી અને ચૅરમૅન રજનીકાંત શાહ દ્વારા રિબન કટિંગ અને શ્રીફળ વધેરીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચૅરમૅન રજનીકાંત શાહ, સેક્રેટરી મુકેશ બદાણી તથા પરેશ શાહ, સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર પરાગ ગાંધી, જોઇન્ટ સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર પ્રશાંત કારિયા અને ધર્મેશ મહેતા, ક્રિકેટ ઇન્ચાર્જ નિશિથ ગોળવાલા, કારોબારી સભ્યો નલિન મહેતા અને ગૌરવ મોદી તેમ જ ક્રિકેટ અસોસિએશનના ઉપ-પ્રમુખ વિનોદ દેશપાન્ડે, સેક્રેટરી વિનાયક ધોત્રે સહિત અનેક મહાનુભાવો અને છ ટીમના ખેલાડીઓ હાજર રહ્યા હતા.

પ્રમુખ કરસન ઘાવરીએ લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ‘જિમખાના આવી ટૂર્નામેન્ટનું આયોજન આગળ પણ કરતું રહે એવી અપેક્ષા છે.’ તેના પ્રતિભાવમાં ક્રિકેટ ઇન્ચાર્જ નિશિથ ગોળવાલાએ જણાવ્યું હતું કે ‘જિમખાના અને એની સમગ્ર ટીમ હંમેશાં આવા કાર્યક્રમો માટે તૈયાર છે.’ ■

# ઝિમ્બાબ્વેનો ક્રિકેટર પરિવારને મળ્યો એટલે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે કડક નિયમ બનાવવો પડ્યો!

લાહોરઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) દ્વારા આયોજિત પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ગયા અઠવાડિયે શરૂ થઈ એ પહેલાંથી જ વિવાદમાં રહી છે અને લગભગ દરરોજ કોઈને કોઈ વિવાદ બનતો જ રહ્યો છે જેમાં એક બનાવને પગલે તો હદ થઈ ગઈ! ઝિમ્બાબ્વેના ઑલરાઉન્ડર સિકંદર રઝા અને પાકિસ્તાનના ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીએ પીએસએલનો કાયદો તોડ્યો એટલે પીસીબીએ કડક માર્ગરેખા જાહેર કરવી પડી છે.

પીએસએલની તમામ આઠ ટીમના ખેલાડીઓ જે હૉટેલમાં રહે છે એ હૉટેલના આઠમા માળ પરની રૂમમાં થોડા દિવસ પહેલાં સિકંદર રઝાએ પોતાના કેટલાક સંબંધીઓ અને મિત્રોને બોલાવ્યા હતા. આફ્રિદી લાહોર કલંદર્સ ટીમનો કૅપ્ટન છે અને સિકંદર એ જ ટીમમાં છે. સિકંદરે કાનૂનનો ભંગ કર્યો એ બદલ કૅપ્ટન આફ્રિદીને પણ કસૂરવાર ગણવામાં આવી રહ્યો છે.



સિકંદરે એક મુલાકાતમાં કહ્યું, ‘હું જન્મે પાકિસ્તાની છું. ટૂર્નામેન્ટ દરમ્યાન સલામતીના કારણસર હું હૉટેલની બહાર ન જઈ શકું તો મારા નજીકના કઝિન્સને અને મિત્રોને તો બોલાવી જ શકુંને!’ સિકંદરે એક ઇ-મેઇલમાં હૉટેલની રૂમમાં સંબંધીઓને આવવા દેવા બદલ ક્રિકેટ બોર્ડનો આભાર માન્યો હતો.

જોકે ક્રિકેટ બોર્ડના ધ્યાનમાં આવી છૂટ અપાઈ હોવાનું ધ્યાનમાં જ નહોતું. થોડા જ કલાકો બાદ પીસીબીએ સિકંદરના આ કાનૂનભંગને ગંભીરતાથી લઈને પીએસએલના તમામ આઠ ફ્રૅન્ચાઇઝી માટે નિયમ બનાવ્યો છે કે ‘હવે પછી કોઈ પણ ખેલાડી કે અધિકારી હૉટેલમાં પત્ની, માતા-પિતા, ભાઈ કે બહેનને જ મળી શકશે અને એ માટે પણ ખેલાડી-અધિકારીએ ૨૪ કલાક પહેલાં બોર્ડની મંજૂરી માગવી પડશે. નિયમનો ભંગ થશે તો કડક પગલાં ભરાશે.’ ■

# મેટિની

# રાકેશ બેદીઃ તળેટીથી શિખર પર...

## એક પાત્રની પ્રભાવી સફળતાએ ૭૧ વર્ષની ઉંમરે આ અભિનેતાને જબરી પ્રસિદ્ધિ સાથે એકદમ વ્યસ્ત કલાકાર બનાવી દીધો છે

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**



૪૫ વર્ષ પહેલા આવેલી 'ચશ્મે બદ્દુર' ફિલ્મ જો તમે જોઈ હશે તો ઓમી શર્માનું પાત્ર તમને યાદ રહી ગયું હોવાની સંભાવના બળવત્તર છે. ૪૫ વર્ષ પછી એ જ એક્ટર 'ધુરંધર' અને 'ધુરંધરઃ ધ રિવેન્જ'ના પાકિસ્તાની રાજકારણી જમીલ જમાલીના પાત્રથી દર્શકોના ચિત્તતંત્ર પર જડાઈ ગયો છે. એટલું જ નહીં, ૪૫ની સંખ્યાને એક્ટરના પાત્ર સાથે અનોખો સંબંધ પણ ફિલ્મમાં જોવા મળે છે. ઓમી શર્માથી જમીલ જમાલી સુધીની યાત્રા કરનારા અવ્વલ દરજ્જાના અભિનેતા રાકેશ બેદી અચાનક એકદમ વ્યસ્ત કલાકાર બની ગયા છે. વાત આટલેથી અટકતી નથી. આદિત્ય ધરની સિક્વલમાં રાકેશ બેદીનો ડાયલોગ 'મેરા બચ્ચા હૈ તૂ' સોશ્યલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો હોવાથી એનો છેડો પકડી અનેક બ્રાન્ડ પોતાના પ્રમોશન માટે અભિનેતાની લોકપ્રિયતા વટાવી ખાવા માટે તલપાપડ છે. ફિલ્મમાં રમૂજ લાવવા માટે અજમાવાયેલો નુસખો હવે મોટા પૈસા રળી આપતો માર્કેટિંગ ટ્રેન્ડ બની ગયો છે.

'શોલે'ના ગબ્બર સિંહે અમજદ ખાનની કારકિર્દીને જે વળાંક આપ્યો એવું જ કંઈક બંને 'ધુરંધર' ફિલ્મના જમીલ જમાલીના પાત્રથી રાકેશ બેદીના જીવનમાં બની રહ્યું છે અને એ પણ ૭૧ વર્ષની ઉંમરે.

આમ તો રાકેશ બેદી કંઈ અજાણ્યું નામ નથી. ૧૯૮૪ - ૮૫ની અફાટ લોકપ્રિયતાને વરેલી 'યે જો હૈ જિંદગી'માં સ્વરૂપ સંપટના ભાઈ રાજાના રોલથી પ્રભાવ પાડનાર અભિનેતા ચારેક દાયકાથી ભારતીય ટેલિવિઝન અને સિનેમા ઉદ્યોગમાં ખૂબ જ જાણીતો અને આદરણીય ચહેરો છે. કોમિક પાત્ર માટે અફલાતૂન ટાઈમિંગની સેન્સ ધરાવતો અને સપોર્ટિંગ રોલ્સમાં ખીલી ઊઠતા એક્ટર તરીકે એની નામના છે. જો કે હકીકત એ છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં વીસેક ફિલ્મમાં પિતા કે અન્ય વરિષ્ઠ વ્યક્તિનું પાત્ર ભજવનાર આ કલાકાર ઉડીને આંખે વળગ્યો નથી. 'ધુરંધર' અને 'ધુરંધરઃ ધ રિવેન્જ'થી વિંગમાં રહેતો કલાકાર સ્ટેજ પર આવી ગયો છે. તળેટીમાં આંટા મારતો કલાકાર શિખર સુધી પહોંચી ગયો છે. હવે એની કારકિર્દીનો નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે.

બંને ફિલ્મને મળેલી ધૂંઆધાર સફળતા અને એમાં જમીલ જમાલીના પાત્રને અનોખી રીતે સાકાર કરવામાં રાકેશ બેદીએ જીવ રેડી દીધો હોવાથી ફર્સ્ટ ગિયરમાં આગળ વધી રહેલી ગાડી એકદમ ટોપ ગિયરમાં સડસડાટ દોડવા લાગી છે. એને સાઈન કરવામાં નિર્માતાઓમાં ગજબની ઉત્સુકતા જોવા મળી રહી છે. વાત માત્ર હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પૂરતી સીમિત નથી રહી.

સાઉથના તમિલ અને તેલુગુ ફિલ્મ મેકરો પણ અનોખા રોલ સાથે એક્ટરનો સંપર્ક કરી રહ્યા છે. મળી રહેલા અસાધારણ પ્રતિસાદથી એક વાત ફરી એકવાર સ્પષ્ટ થઈ છે કે પ્રતિભા અને દ્રઢ મનોબળ હોય તો આજે નહીં તો આવતી કાલે કે પરમ દિવસે પણ તમે ધ્યાનમાં આવ્યા વગર નથી રહેતા. રાકેશ બેદીનો પ્રવાસ દરેક પેઢીના આશાસ્પદ કલાકાર માટે પ્રેરણા પૂરી પાડે છે. આજની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં યુવા વર્ગ અને ટ્રેન્ડની બોલબાલા છે ત્યારે અભિનેતાની પ્રગતિ પ્રતિભા - આવડતને ઉંમર સાથે કોઈ નિસ્બત નથી એ સિદ્ધ કરે છે. થાકવાનું નહીં, અટકવાનું નહીં અને પોતાની આવડતમાં ડગમગવાનું નહીં કારણ કે સફળતા કોઈ પણ ક્ષણે બારણે ટકોરા મારશે. એવે સમયે જો તમે ઊંઘતા હશો તો પતી ગયું, પણ જાગતા હશો અને સજજ હશો તો જમીલ જમાલી જેવું જ બીજું કોઈ તમને આમંત્રણ આપવા હાજર થઈ જશે.

આઈઆઈટી ગ્રેજ્યુએટ બનવાના સપનાનું ફિંડલું વાળી રંગભૂમિના એક્ટર બનવાનું ખ્વાબ જોનારા રાકેશ બેદીની ફિલ્મોમાં કોમિક પાત્રો સુધીની સફર આસાન તો નહોતી જ. ટેલન્ટની સરખામણીએ અભિનેતાને સશક્ત રોલ મળ્યા જ નહીં. જોકે, આદિત્ય ધરની ૨૦૧૯ની ફિલ્મ 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' તેમના માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. દિગ્દર્શકને દાદ દેવી પડે કે કોમિક રોલ માટે વધુ જાણીતા એક્ટરના અભિનય કૌશલની બીજી બાજુ આપણને દેખાડી. પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓફિસર-રાજકારણી તરીકે મિસ્ટર બેદી સ્મરણમાં રહી ગયા. એનું જ એક્સ્ટેંશન જમીલ જમાલી છે. દર્શકોને હસાવવા ઉપરાંત પણ કમાલની અભિનય આવડત છે એ રાકેશ બેદીએ દેખાડી દીધું છે.


સોશ્યલ મીડિયા પર રાકેશ બેદીના અનેક નાના મોટા ઈન્ટરવ્યૂ વાયરલ થયા છે. એકે ઈન્ટરવ્યૂમાં તેમને સવાલ કરવામાં આવ્યો કે 'તમારો પ્રવાસ ૪૫ વર્ષનો રહ્યો છે. ૪૫ વર્ષ પહેલાના રાકેશ બેદીને જો તમારે એક સલાહ આપવાની હોય તો તમે શું કહેશો?' સવાલના જવાબમાં રાકેશ બેદીએ આગવા અંદાજમાં પહેલા તો એટલું જ કહ્યું કે 'લગે રહો મુન્નાભાઈ' અને પછી વાતનો વિસ્તાર કરી જણાવ્યું કે 'મારે લખેલો એક શેર છે કે' 'ફિઝાએં (મુશ્કેલ પરિસ્થિતિ) ઉમ્રભર કી કટી ઈસ ઉમ્મીદ મેં કે ફૂલ ખિલે મેરે નામ કા ઈસ બહાર મેં'. આ ફિલ્મ ઈન્ડસ્ટ્રી અનિશ્ચિતતાથી ભરેલી છે. દરેક કલાકાર, દરેક દિગ્દર્શક પૂરી શ્રદ્ધા અને ટેલન્ટ સાથે પોતાના દરેક કામમાં ઓતપ્રોત થઈ જતો હોય છે પણ ક્યારે ક્યુ ચક્ર ફરી જાય એ કોઈ નથી જાણતું. હા, દરેક જણ એવા એક બોલની રાહ જોતો હોય છે જેમાં એ સિક્સર ફટકારી દે.

યસ, મિસ્ટર રાકેશ બેદી, જમીલ જમાલીના પાત્રમાં તમે સિક્સર મારવામાં સફળ રહ્યા છો. રાહ જોતા નવા કોન્ટ્રેક્ટ એની રસીદ છે. ■

### અભિનેતાનું ગુજરાતી કનેક્શન...

આજે જમીલ જમાલીની ચારે તરફ બોલબાલા છે, પણ આદિત્ય ધરની જ 'ઊરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'માં તેમણે ભજવેલો નાનકડો પણ પ્રભાવી રોલ છેલ્લ ૧૮ વર્ષથી લોકોને ખડખડાટ હસાવતી 'તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા' ટીવી સિરિયલના નિર્માતા અસિત કુમાર મોદીની પારખુ નજરમાં આવી ગયો. તારક મહેતાના ખડૂસ બોસ બાબુલાલના પાત્ર માટે અસિત ભાઈએ રાકેશ બેદીની પસંદગી કરી. બાબુલાલનું પાત્ર સિરિયલમાં સતત નજરે નથી પડતું, પણ જ્યારે જ્યારે આવે છે ત્યારે મોજ કરાવે છે. સિરિયલ હિન્દીમાં છે પણ એની મૂળ વાર્તા, એના લેખક અને નિર્માતા અસિત મોદી તેમજ મુખ્ય અભિનેતા દિલીપ જોશી (જેઠાલાલ) સહિત અન્ય કલાકાર ગુજરાતી છે. અભિષેક જૈનની ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ' માં પણ રાકેશ બેદીએ દૌલતરામ ચૈનાણીનું પાત્ર ભજવ્યું હતું. સિવાય તેમણે બે મરાઠી ફિલ્મ પણ કરી છે જેમાંથી 'વન રૂમ કિચન'માં તેઓ ગુજરાતી બ્રોકરના રોલમાં હતા અને 'ટ્રિપલ સીટ'માં તેમનું પાત્ર હતું જહાંગીર ઈરાનીનું.





**સ્ટાર-ચાર-કલાકાર**
**સંજય છેલ**

# પાંચ નદીઓનું રુદનઃ પંજાબી પોપમ્યુઝિકની મસ્તી ને મોતલીલા

'બુલ્લેયા કી જાણા મેં કૌણ, ના મેં મોમન વિચ મસીતાં, ના મેં વિચ કુફર દીયાં રીતાં...'

સૂફી શાયર બુલ્લે શાહ, ક્યારેક આવું સુંદર ગીત પંજાબની પવિત્ર પાંચ નદીઓના કિનારે ગાતા. જે પવન ક્યારેક બાબા ફરીદની માનવતા ને આધ્યાત્મિક કાફીઓ લઈને વહેતો હતો, એ આજે રુદન, નશાના ધુમાડા ને રાઈફલોના અવાજથી બોઝિલ છે. ત્યારે લોકકવિઓ અહંકાર છોડીને પ્રેમની વાત કરતા, આજે પંજાબનાં ખેતરોમાં મોહબ્બતની નહીં પણ મોતના સોદાગરોની પકડ છે. ત્યાંના પોપકલ્ચરમાં જે લય ગુંજે છે, તેમાં વેરનું ઝેર એવું ભળ્યું છે કે સૂર ને શસ્ત્રની ભેદરેખા ભૂંસાઈ ગઈ છે. નશીલું પોપસંગીત યુવાનોના દિલોદિમાગમાં વસી ગયેલું છે, જેમાં લવ નહીં લોહી છેઃ જીપ ખડી મેરે થાણે દે વિચ, બદલા લેણા જટ્ટા...

(મારી જીપ પોલીસ સ્ટેશનની બહાર ઊભી છે ને આ જાટ યુવાન પોતાનો બદલો લઈને જ રહેશે.)

હો જિન્ના દે હથ્થાં વિચ ખેલદીયાં રાઈફલાં, ઓહ ના દે પિસ્તોલ બોલદે...

(જેમના હાથમાં રાઈફલો રમે છે, ત્યાં શબ્દો મરી જાય છે અને માત્ર પિસ્તોલનો અવાજ ગુંજે છે.)

પંજાબમાં કલાકારો ને ગેંગસ્ટરોનો નાતો નવી વાત કે નવો ટ્વિસ્ટ નથી, પણ દાયકાઓની લોહિયાળ પરંપરા છે. પંજાબ પોલીસના નિવૃત્ત આઈપીએસ અધિકારીએ પોતાનું નામ આપ્યા વિના હચમચાવનારો કિસ્સો કહેલોઃ

એક જાણીતો ગાયક મારી ઓફિસે આવ્યો અને તેની આંખોમાં મોતનો ડર હતો. રડતા રડતા કહ્યું કે કેનેડાથી એક ગેંગસ્ટરનો ફોન આવ્યો છે કે જો હું તેના કહેવા મુજબ ગીત નહીં ગાઉં ને તેની ગેંગનું ગૌરવ નહીં વધારું, તો મારા વૃદ્ધ પિતાને ખેતરમાં જ ગોળી મારી દેવામાં આવશે.

ગાયકો હવે કલાકારો નથી, ગેંગસ્ટરો માટે 'કેશ મશીન' ને સામાજિક પ્રચારના હથિયાર બની ગયા છે આ કળા+ક્રાઇમનાં મૂળિયાં ૨૦૦૪-૦૫ થી છે, જ્યારે પંજાબમાં રિયલ એસ્ટેટનો વ્યવસાય ફેલાયો. જમીનોના ભાવ વધવા સાથે જ 'બાહુબલિ' ગેંગસ્ટર કલ્ચર જનમ્યું. પોતાની 'બેનામી મૂડી' (Stray Capital) ને મિલકતો બચાવવા ગેંગ્સનનો ઉપયોગ શરૂ થયો. આ કાળું નાણું જ્યારે કેનેડા ને અમેરિકાના હવાલા મારફતે પંજાબી સંગીત ઉદ્યોગમાં ઠાલવવામાં આવ્યું, ત્યારે કલાને ગુનાખોરીનો એવો સનસનીખેજ સંગમ થયો જેણે આખેઆખી પેઢીને ભરડામાં લઇ લીધી.

'નશામુક્તિ કેન્દ્ર' ચલાવતા સામાજિક કાર્યકર કહે છેઃ પંજાબના યુવાનોના સપનાં છીનવી લેવાયાં છે.. બલ્કે કેનેડાથી આવતા ડૉલર ને સરહદ પારથી આવતા ડ્રગ્સની નદીઓએ પંજાબી યુથની નસોમાં ઝેર ભરી દીધું. જ્યારે ખેતી ભાંગી પડી, ત્યારે આ વિદેશી ડૉલર ને હથિયારો જ તેમને 'હીરો' જેવા લાગવા માંડ્યા.

જે શહીદ ભગતસિંહે આઝાદી, વૈચારિક ક્રાંતિ ને ખેડૂત-મજદૂરના ઉત્થાનનું સપનું જોયેલું, એ આજે 'ગન કલ્ચર'ના નકલી ગ્લેમર નીચે કચડાઈ ગયું છે. જે ધરતીએ ફાંસીએ ચઢતા શહીદો આપ્યા, ત્યાં આજે યુવાનો ગેંગસ્ટરોની તારીફમાં સોશ્યલ મીડિયા પર સ્ટેટસ મૂકે છે. ક્રાંતિકારી કવિ પાશ (અવતાર સિંહ સંધુ), જેમણે કલમની સત્તાનાં સિંહાસનો હચમચાવેલા, એમની હત્યા ૨૩ માર્ચ ૧૯૮૮ના રોજ ખાલિસ્તાની ઉગ્રવાદીઓ દ્વારા કરવામાં આવી હતી. યોગાનુયોગ એ ભગતસિંહનો શહીદ દિન હતો. કવિ પાશે લખેલુંઃ

સૌથી ખતરનાક હોય છે, આપણાં સપનાઓનું મરી જવું.

કવિ પાશનું લોહી હજુ સુકાયું નહોતું, ત્યારે જલંધર પાસે પંજાબી સંગીતનું સૌથી મોટું 'સ્ટેજ એન્કાઉન્ટર' થયેલું. સુપરસ્ટાર ગાયક ચમકિલા હજુ ગાડીમાંથી ઊતરીને સ્ટેજ પર જતો હતો, ત્યાં જ AK- ૪૭ થી સજ્જ બુકાનીધારીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો. ગાયકની છાતી ને પત્નીના કપાળમાં ગોળીઓ વાગી ને હજારોની ભીડ સામે પંજાબનો પોપ્યુલર અવાજ ખતમ! હત્યારાઓએ લાશ પર એક ચિઠ્ઠી ફેંકી ને હવામાં ગોળીબાર કરી ભાગી ગયા. એ લોહીના ડાઘા હજુ પંજાબના સંગીત પરથી આજે સિદ્ધુ મૂસેવાલા સુધી વિસ્તર્યા છે.

સિદ્ધુ મૂસેવાલા, જે 'મૂસા' ગામના એક સામાન્ય ખેડૂતનો દીકરો હતો, તેણે પંજાબી સંગીતને વૈશ્વિક સ્તરે પહોંચાડ્યું. તેનાં ગીતોમાં ખેતરોની ધૂળ અને જટ્ટ (જાટ) હોવાનું ગૌરવ હતું, પણ સાથે જ હથિયારોનો અતિરેક પણ હતો. ૨૯ મે, ૨૦૨૨ના મૂસાવાલાની નિર્મમ હત્યા કરવામાં આવી, આખું પંજાબ સ્તબ્ધ થઈ ગયું. પિતા બલકૌર સિંહ જ્યારે પોતાની મૂછોને વળ આપીને દીકરાના ન્યાય માટે આજેય લડે રાખે છે, ત્યારે એ દ્રશ્ય પથ્થરદિલને પણ રડાવી દે છે. પંજાબના ગ્રામીણ યુવાને કહેલું, સિદ્ધુનાં ગીતો અમને જોશ આપતા, પણ ખબર નહોતી કે સિદ્ધુ લોહીમાં લથબથ થઈને પાછો આવશે. આ ઘટનાએ સાબિત કર્યું કે ૬૦ના દાયકાના જગ્ગા ડાકુને લોકગાયકોએ 'ગરીબોનો બેલી' કહીને જે ગૌરવ અપાવ્યું હતું, તે આજે લોરેન્સ બિશ્નોઈ જેવા ગેંગસ્ટરો માટે સામાજિક સ્વીકૃતિનો માર્ગ બની ગયું છે.

આજે પંજાબી કવિ શિવકુમાર બટાલવીની વેદના ખોવાઈ ગઈ છેઃ માયે ની માયે, મેં ઇક શિક્રરા યાર બણાયા, ચૂરી કુટ્ટ પાવાં, ઓહ ખાંવદા નાહીં, ઓહનું દિલ દા માસ ખવાય્આ...

(હે મા! મેં એક બાજને મારો મિત્ર બનાવ્યો, હું તેને લાડુ ખવડાવું છું પણ તે ખાતો નથી, તેને તો મારા દિલનું માંસ ખાવું છે...)

પંજાબમાં ૨૦૦૪ પછી આવેલી 'નશાની લહેર' એ યુવાનોની નસોમાં ઝેર ભરી દીધું છે. એક સામાજિક કાર્યકરના શબ્દોમાં કહીએ તોઃ 'પંજાબમાં હવે માતાની લોરીઓ હાલરડાં નહીં, પણ ગેંગ વોરના કિસ્સાઓ સંભળાય છે. જો ડ્રગ્સ બંધ થાય તો અનેક નેતાઓનું ફંડિંગ બંધ થઈ જાય...'

આવી હિંસાનો પડછાયો માત્ર પંજાબ પૂરતો નથી હોતો. ગુજરાતના પોરબંદરના ઇતિહાસમાં ડોન સરમણ મુંજા જાડેજાની હત્યાની ઘટના આબેહૂબ આવી જ હતી. ગોંડલના મેદાનમાં જ્યારે મુંબઇની આઇ.એન.ટી નાટ્યસંસ્થાના ગુજરાતી કલાકારો જેમ કે અરવિંદ જોશી, સરિતાબેન જોશી વગેરેની હાજરીમાં ડાયરો દરમિયાન રાત્રિના અંધારામાં લોકલ ડોન સરમણ મુંજાની ગોળીબારમાં હત્યા થયેલી. કલાકારોની આંખ સામે વહેલું એ લોહી ને પંજાબમાં કલાકારો પર થતા હુમલા.

આ બંને ઘટનાઓ સાબિત કરે છે કે જ્યારે અપરાધ જગત ગ્લેમર ને સંગીત સાથે ભળે છે, ત્યારે કલાએ ભોગવવું પડે છે...

આજે રાજકારણમાં ગાંધી કે સાહિત્યમાં ટાગોર, જેવા કોઈ મહાનાયકો નથી રહ્યા જે આજની પેઢીને સાચી દિશા ચીંધી શકે. જો પંજાબ ફરીથી ગુરુ નાનકસાહેબની વાણી કે કવિ પાશની સંવેદના તરફ પાછું નહીં વળે તો પંજાબનું યુથ ક્યાં જઇ અટકશે? ૫ પવિત્ર નદીનું પંજાબ, આજે છઠ્ઠી નદીઃ

'લોહીની નદી', વહાવી રહી છે. પંજાબે ફરીથી બુલ્લે શાહની એ ફકીરી કે ભગતસિંહની દેશભક્તિ તરફ પાછા વળવું પડશે, નહીંતર એ ડ્રગ્સ ડૂબેલા સંગીતમાં માત્ર 'મોતના મરસિયાં' જ બચશે. ■



**સાત્વિકમ્ શિવમ્**


**અરવિંદ વેકરિયા**

# ન આસ્તિક-ન નાસ્તિક... એ જ હોય છે વાસ્તવિક માણસ!

મુળરાજ રાજડાએ વિકટિમ અંગ્રેજી નાટક પરથી ગુજરાતીકરણ કરીને આખું નાટક મને આપી દીધું, અને જરૂર પડે તો કોઈની પણ પાસે ફેરફાર કરાવવાનું પ્રેમથી કહ્યું. જો કઈ અટકી પડે તો હાલોલ-બરોડા ફોન કરવા નંબર પણ આપ્યો. આમ મુળુભા બરોડા જાય તો પાછળ ડિરેક્ટર તરીકે મને કોઈ તકલીફ ન પડે એની પૂરી તકેદારી રાખી હતી. મહેન્દ્ર બોહરા સાથે પણ સંબંધને આંચ ન આવે એવી વ્યવસ્થા કરેલી. સાચા માણસની આ તો ખાસિયત હોય છે. સાચો માણસ ન આસ્તિક હોય છે ન નાસ્તિક, એ દરેક પળે વાસ્તવિક હોય છે એનો આ પુરાવો. સામે છેડે રાજેન્દ્ર શુકલ પણ પોતાની રીતે નાટક મઠારવાનો હતો. બાકી કોઈએ લખેલું નાટક પોતે શા માટે સુધારે? મહેનતાણું આપીશ કે નહિ અને આપીશ તો કેટલું આપીશ એ પણ નક્કી કર્યા વગર, માત્ર મિત્રભાવે આખી વસ્તુ સંભાળી લીધી. બંને માટે કહી શકાય કે એવું ના લખો કે લખેલાં શબ્દો વજનનાં ભાવે વેંચાય જાય, એવું લખો કે જ્યાં નામ લખાય અને વાતનું વજન વધી જાય. મારે માટે આ બંનેએ વજન વધારી દીધું હતું. જાણે ઋણાનુબંધ દ્રઢ થયું ...

રાજેન્દ્ર તો કોલેજકાળથી સાથે. સંઘર્ષ પણ લગભગ સાથે. બંનેને એકબીજાની અપેક્ષાઓ પણ ઓછી, હક વધારે. મિત્ર ખરા અર્થમાં. વરસાદમાં પલળેલા ચહેરા ઉપરથી આંસુ શોધી કાઢે એ મિત્ર.

રાજેન્દ્ર તો બે દિવસ પછી બે-પાત્રો ઉમેરીને મળવાનો હતો એ પહેલાં ત્રણ કલાકાર વિશે મારું મગજ ધમધમતું થઈ ગયેલું. હજી બરાબર ગોઠવાતું નહોતું. ત્યાં બીજા બે પાત્રની પણ ગોઠવણ કરવાની હતી, જે રાજેન્દ્ર ઉમેરવાનો હતો. રાજેન્દ્ર બે દિવસ પછી મળશે ત્યારે નક્કી વિચારી ને આવશે એવો વિશ્વાસ હતો. શરીરમાં જે કામ શ્વાસ કરે છે, સંબંધમાં એ કામ વિશ્વાસ કરે છે.



મુળરાજ રાજડા

બીજા દિવસે બપોરે જ રાજેન્દ્રનો ફોન આવ્યો. સાંજે હિન્દુજા થિયેટરમાં નીચે મળવાનું નક્કી થયું. હિન્દુજા એટલે જે. અબ્બાસનો દરબાર... નટવર પંડ્યા, શરદ શર્મા, ભૌતેષ વ્યાસ વગેરે રાતના ત્યાં લગભગ મળે. એમનો રોજનો નિયમ.

હિન્દુજાનું શટર પડે પછી મંડળી ચર્નીરોડ સ્ટેશનના એક નંબરનાં પ્લેટફોર્મ ઉપર બેસવાનું. ત્યાંથી દાદર... ત્યાં વડાપાંઉ અને ચાની જયાફત. ટૂંકમાં 'મીટિંગ પ્લેસ' માટે આદર્શ.

સાંજે હું ૫ વાગે હિન્દુજા પહોંચી ગયો. હિન્દુજાની નીચે જ કેન્ટિન, અમે ત્યાં બેઠાં. મારી તાલાવેલી વધુ હતી. શું અને કેમ બે-પાત્ર ઉમેર્યા હશે? રાજેન્દ્રએ વાંચનનાં શ્રી ગણેશ કર્યા.

આખું નાટક એક બેઠકમાં પૂરું કરી નાખ્યું. એણે બે-પાત્ર એવી ખૂબીથી ઉમેરી દીધા હતા કે મુળુભાને પણ ખ્યાલ ન આવે. જે હ્યુમરની જરૂર હતી એ આ પાત્ર દ્વારા પીરસાય ગઈ હતી. મુળુભાએ ત્રણ કલાકારો વચ્ચેનાં 'વન-લાઈનર' તો લખ્યાં જ હતાં એમાં આ ઉમેરાયા.

મારું ઉકળાટ કરતું મન આ નવસંસ્કરણ વાંચીને શાંત થયું.

હવે મૂળ અને અગત્યનું કામ, પાત્રવરણી. દિનકર જાની મને, સનત અને ડેઇઝીને લઇ બનાવવા માગતા હતાં. પણ ડેઇઝી ચાલી જતાં એ વાત જ અટકી પડેલી. હવે જયારે મેં મંચન કરવાનું નક્કી કર્યું ત્યારે મારે માત્ર ડિરેક્ટ કરવું છે એ નિરધાર સાથે શરૂ કરવાનું વિચાર્યું. આમ પણ હું ડિરેક્ટ કરું ત્યારે અદાકારી કરવાનું ટાળું છું. પાત્રોમાં એક સ્ત્રી અને ચાર જેન્ટ્સ, જેમાં એક હીરો અને એક ઇન્સ્પેક્ટરનાં પાત્રો મજબૂત જોઈએ. બાકીના જે બે ઉમેરેલા એ સ્ટોરી સાથે લીંક થયેલ પરંતુ એમનું કામ 'બોઝીલ' કથાવસ્તુને 'હળવાશ' આપવા પૂરતું સીમિત હતું એટલે એમાં વિશેષ ધ્યાન રાખવાની બહુ જરૂર નહોતી.

બે દિવસમાં બધું ફાઈનલ થવું જોઈએ. 'જેમ થશે એમ થશે. કલાકારો મળે એના ઉપર બધો આધાર, તું પણ શોધ..હું પણ શોધું. પાછા એવા મળવા જોઈએ કે બીજા કોઈ નાટકથી નડે નહિ. બાકી જલ્દી જલ્દી કરીને પત્તર ન ખાંડતો... થશે, બે દિવસ આમ કે આમ'. રાજેન્દ્ર ઉવાચ. એમ એ મિત્ર ભલે સ્પષ્ટવક્તા. બાકી આજકાલ સાચું બોલવું તો દૂર, લોકો સાચું સાંભળવાનું પણ પસંદ નથી કરતાં.

બે દિવસ પછી મળવાનું નક્કી કરી છૂટા પડ્યા. આ બધી વાતો મેં મુળુભાને કરી, એમને કોઈ વાંધો નહોતો.. બીજે દિવસે મુળુભાએ કહ્યું હતું એમ મેં મહેન્દ્ર બોહરા સાથે વાત કરી થોડા પૈસા એડવાન્સ મંગાવી લીધા. મને ૧૦૦૦૦/- નક્કી કરેલ સ્થળ પર આવીને આપી ગયા.



બીજે દિવસે ફરી હું અને રાજેન્દ્ર શુકલ મળ્યા. વિચારોની આપ-લે કરી. કલાકારોની 'અવેલિબિલિટી' ખાસ વિચારી. નાટક શરૂ કર્યા પછી બીજા કોઈ કમિટમેન્ટ નડવા ન જોઈએ. એવું કઈ થાય તો ફિલ્મી નિર્માતા-મહેન્દ્ર બોહરાને સમજાવવું ભારે પડી જાય અને મુળુભા ક્યારે બરોડાથી આવે એ નક્કી નહિ. બહુ વિચાર કર્યા પછી ત્રણ મુખ્ય પાત્રો નક્કી કર્યા. દીપક દવેનું નાટક બંધ થવામાં હતું. એની સાથે વાત થઈ તો એને વાંધો નહોતો. મુખ્ય પાયો ફાઈનલ થઈ ગયો. ત્યારે રક્ષા દેસાઈનું નામ પણ સારું. સ્ત્રી પાત્ર માટે એની સાથે નક્કી કર્યું. ઇન્સ્પેક્ટરનું પાત્ર જે મારે માટે દિનકર જાની ઇન્સ્ટીટ કરતાં હતા એને માટે 'બહુરુપી'નો જૂનો જોગી સુનીલ શાહને નક્કી કરી લીધો. એ ફિલ્મોમાં સહાયક-દિગ્દર્શક તરીકે ફરજ બજાવતો હતો. હમણાં ફ્રી હતો એટલે એ પણ નક્કી થઈ ગયો. બે વધારાના ઉમેરેલાં પાત્રોમાં ધર્મેશ મહેતા (આજે તો no1 ફિલ્મ ડિરેક્ટર છે.) અને લગભગ કનુ જોશી. નક્કી કરેલ સ્ટારકાસ્ટ સાથે રિહર્સલ શરૂ કર્યા. થોડા દિવસ બધું બરાબર ચાલ્યું. વચ્ચે મુળુભાનો ફોન પણ આવી ગયો. આખી બિના એમને જણાવી દીધી. વેરી ગુડ.. તમારું કામ અટક્યું નહિ એ સારું થયું. એવો સકારાત્મક જવાબ પણ આપ્યો. થોડા દિવસ પછી દિનિયાર કોન્ટ્રેક્ટર પ્રોડક્શનનાં નવા નાટકનું અમારી બાજુમાં જ મુહૂર્ત થયું, જેનાં લેખક હતા, પ્રવીણ સોલંકી અને દિગ્દર્શક હતા કાંતિ મડિયા...અને એક દિવસ..! ■

**ડબ્બલ રિચાર્જ**

*શિક્ષકઃ (ભુરાને) એ...ક્લાસમાં સૂઈ જાય છે કે શું ?*

*ભૂરો : અરે...નહિ ! ગુરુત્વાકર્ષણને કારણે માથું બેંચ ઉપર પડી જાય છે.*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# આફ્રિકા મેં હિન્દ: વિદેશીઓનું જુઠ્ઠાણું... દેશીના ગુણગાન

## છેક ૧૯૪૦માં આફ્રિકામાં ફિલ્માંકન થયેલા ચિત્રપટમાં કાઠિયાવાડી લોકોની કુશળતાની વાત માંડવામાં આવી હતી

ફિલ્મોમાં ભારતનું ચિત્રણ અને ભારતીય ફિલ્મોનું વિદેશમાં ફિલ્માંકન આ બંને રસ અને સંશોધનના વિષય છે. આઝાદી પહેલાં બ્રિટિશ શાસનમાં આપણા પર સેન્સરશિપની તલવાર તોળાતી રહી હતી. એટલું જ નહીં, નાણાકીય પીઠબળના અભાવે દેશી ફિલ્મોનું વિદેશમાં શૂટિંગ પણ દૂરની વાત હતી. આમ પણ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી મુખ્યત્વે મુંબઈ, કલકત્તા અને મદ્રાસ પૂરતી સીમિત હતી. એ જમાનામાં વિદેશમાં જો કોઈ ભારતીય ફિલ્મનું શૂટિંગ થયું હોય તો પણ એના કોઈ પુરાવા ઉપલબ્ધ નથી.

૧૯૪૦માં રિલીઝ થયેલી હિન્દી ફિલ્મ 'આફ્રિકા મેં હિન્દ' એમાં અપવાદ છે. ફિલ્મના દિગ્દર્શક હતા હિરેન્દ્ર કુમાર બસુ, જે ફિલ્મ નિર્માતા - દિગ્દર્શક તરીકે જાણીતા હતા. ૧૯૩૦થી ૧૯૫૦ દરમિયાન બસુએ બંગાળી અને હિન્દીમાં વીસેક ફિલ્મ બનાવી હતી. ૧૯૩૮માં રાષ્ટ્રીય નેતા શેઠ ગોવિંદદાસે આફ્રિકામાં ભારતીય લોકોએ કેળવેલા સંપર્ક વિશે ફિલ્મ બનાવવા મિસ્ટર બસુને આમંત્રણ આપ્યું હતું.

આ ફિલ્મની પ્રમુખ ખાસિયત એ હતી કે એમાં સૌપ્રથમ યુરોપિયન લોકો આફ્રિકાના લોકો સાથે સંપર્ક કેળવી આગળ વધ્યા હતા એ વાતનો છેદ ઉડાડી એમાં ભારતીય અને ખાસ તો કાઠિયાવાડી લોકો અગ્રસર હતા એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. જાણવા જેવી વાત એ છે કે ૧૯૩૦ના દાયકામાં આફ્રિકામાં 'ટારઝન ધ એપ મેન'નું શૂટિંગ થયા પછી 'અંધારિયા ખંડ' તરીકે ઓળખાતા આફ્રિકામાં ફિલ્માંકનમાં વેગ આવ્યો. આપણે ત્યાં સુધ્ધાં 'તૂફાની ટારઝન' અને 'ટારઝન કી બેટી' જેવી ફિલ્મો બની જેની કથાની પાર્શ્વભૂમિ આફ્રિકા હતી, પણ મુખ્યત્વે બજેટના અભાવે એનું શૂટિંગ ભારતમાં જ કરવું પડ્યું હતું.

હિરેન્દ્ર કુમાર બસુએ આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાતની વિગતે રજૂઆત થઈ છે. બસુએ જણાવ્યું હતું કે 'શેઠ ગોવિંદદાસજી સાથે મારે વર્ષો જૂનો પરિચય હતો. તેમણે મારું એક અત્યંત મહત્ત્વની બાબત પર ધ્યાન દોરતા કહ્યું હતું કે વિદેશમાં ભારતીયોએ મેળવેલી સિદ્ધિઓની માહિતી પદ્ધતિસર જાળવવામાં આપણે ચોકસાઈ ન રાખી હોવાથી યુરોપિયનો તેમનો કક્કો ખરો કરવા, પોતાનું નામ ઝળહળતું રાખવા ઈતિહાસ સાથે ચેડાં કરતા હતા. ૧૯૩૧માં હોલિવૂડમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ટ્રેડર હોર્ન'નો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે જીવના જોખમે આફ્રિકાના લોકો સાથે સંપર્ક સાધનારા યુરોપિયોનો સર્વપ્રથમ હતા એવું એ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું હતું.' પણ આ કથા સત્યથી વેગળી હતી. ભારતીયોની સિદ્ધિ દુનિયાની નજરમાં ન આવે એ માટે આવું કરવામાં આવી રહ્યું હતું.

પછી હિરેન્દ્ર બસુ એક એવી વાત કરે છે જે જાણી ગુજરાતીઓ ગર્વ અનુભવશે, એના કોલર ટાઈટ થઈ જશે. ગોવિંદદાસજીએ મને એ જણાવ્યું કે હકીકતમાં તો આફ્રિકાના લોકો સાથે સંપર્ક કરી વેપારધંધો શરૂ કર્યો હતો ભારતીય લોકોએ,' હિરેન્દ્ર બસુ ઉમેરે છે : 'પશ્ચિમ ભારતના કાઠિયાવાડી લોકો મીઠું, સોય - દોરા અને વિવિધ મસાલા જેવી ચીજવસ્તુઓ તેમની સાથે લઈ જતા. એ વસ્તુઓ આપી કાઠિયાવાડી વેપારીઓ રોકડ રકમ લેવાને બદલે વસ્તુની સામે વસ્તુ લેતા, જૂની બાર્ટર સિસ્ટમ અનુસાર. ભારતીય મસાલા અને સોય - દોરા જેવી વસ્તુના બદલામાં આફ્રિકાના જંગલના આદિવાસીઓ હાથીદાંત, હીરા, બીજા રત્નો, સોનાની ભસ્મ અને બીજી વન્ય સામગ્રી લઈ આવતા.'




શેઠજીની વાત સાંભળી હિરેન્દ્ર કુમાર બસુ ચોંકી ગયા. આ કથા ફિલ્મ બનાવવા માટે જબરદસ્ત છે એનો ખ્યાલ એમને આવી ગયો. ગોવિંદદાસજી હતા વેપારી, પણ સ્વાતંત્ર્યપૂર્વ પહેલાના. પૈસા કમાઈ લેવા સાથે દેશદાઝ ધરાવતા અને દેશનું નામ કઈ રીતે રોશન થાય એ માટે બનતી કોશિશ કરવા માટે પૈસા અને સમય ખર્ચવામાં માનતા વેપારી હતા. શેઠજીએ આફ્રિકામાં ભારતીય લોકોની પ્રવૃત્તિ પર આધારિત એક ફિલ્મ બનાવવા બસુ બાબુને આમંત્રણ આપ્યું. આફ્રિકાના પોતાની ઓળખાણનો ઉપયોગ કરી તેમણે ફિલ્મ તૈયાર કરવા માટે પૈસા અને અન્ય જરૂરિયાતનો બંદોબસ્ત કરી આપ્યો.એ પછી બસુ ફિલ્મના કલાકારો અને અન્ય કસબીઓ સાથે ૧૯૩૯ના જાન્યુઆરીમાં રવાના થઈ કેન્યાના મોમ્બાસા શહેર પહોંચ્યા. જોકે, ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદનો સામનો કર્યો હતો એમ જ ઈસ્ટ આફ્રિકાની સંસ્થાનવાદી સરકારની રંગભેદની નીતિનો અનુભવ બસુને થયો.

ફિલ્મનું શૂટિંગ નૈરોબીમાં કરવાનું હતું. નૈરોબી મોમ્બાસાથી ૫૦૦ માઈલ દૂર હોવાથી યુનિટના કેટલાક સભ્યો કારને બદલે ટ્રેનમાં મુસાફરી કરવા માગતા હતા, પણ આફ્રિકામાં વ્યવસ્થા સંભાળનારા એક પટેલભાઈએ સાફ સાફ કહી દીધું કે બધા લોકોએ થર્ડ ક્લાસમાં મુસાફરી કરવી પડશે, કારણ કે એક યુરોપિયન જો એમાં દાખલ થયો હશે તો કોઈ પણ ભારતીયને ફર્સ્ટ ક્લાસમાં બેસવા નહીં દે. ૧૮૯૩માં ગાંધીજીને પણ સાઉથ આફ્રિકામાં પીટરમેરીટઝબર્ગ સ્ટેશન પર ફર્સ્ટ ક્લાસમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા એવું જ.

આવા અનુભવ - આવી પરિસ્થિતિ અને વાતાવરણમાં હિરેન્દ્ર કુમાર બસુએ ફિલ્મનું શૂટિંગ શરૂ કર્યું. શૂટિંગ દરમિયાન બસુની મુલાકાત ફિલ્મના શૂટિંગ માટે આવેલી પ્રખ્યાત અમેરિકન ફિલ્મ નિર્માણ કંપની 'મેટ્રો ગોલ્ડવિન મેયર' - એમજીએમના યુનિટ સાથે થઈ. વાતચીત અને એમની કામ કરવાની શૈલીથી બસુ ખૂબ જ પ્રભાવિત થયા. તેમની પાસે ફિલ્મ મેકિંગની અદ્યતન સામગ્રી (હરતી ફરતી લેબોરેટરી, જનરેટર, લાઈટ્સ, રિફ્લેક્ટર્સ વગેરે) હોવાથી જંગલમાં પ્રકાશ ન પહોંચતો હોય એવી જગ્યાએ પણ તે ફિલ્માંકન કરી શકતા હતા.

અલબત્ત, સાહસવૃત્તિ અને દેશાભિમાનને કારણે અને 'કુછ કરકે દિખાના હૈ' એ વૃત્તિ સાથે બસુ અને એમના યુનિટના સભ્યો ઉત્સાહભેર વિષમ વાતાવરણમાં કામ કરતા રહ્યા. બસુના સહાયક દિગ્દર્શક બેનર્જીબાબુએ ટીમના સભ્યોનો ઉત્સાહ વધારી કહ્યું કે 'આપણી હિંમત અને આવડત એમના કરતાં ચડિયાતા છે. આપણી પાસે એમની સરખામણી એક ટકો સાધન સામગ્રી છે, પણ તેમ છતાં તેમના સિનેમા સાથે જોરદાર મુકાબલો કરવામાં પાછા નહીં પડીએ.' વિવિધ મુશ્કેલીઓ આવી હોવા છતાં દ્રઢ મનોબળના જોરે જેમતેમ કરી ફિલ્મનું શૂટિંગ પૂરું થયું. અંતે બસુ દિગ્દર્શિત 'આફ્રિકા મેં હિંદ' ૧૯૪૦માં રિલીઝ થઈ. પૂર્ણપણે આફ્રિકાના લોકેશન પર શૂટિંગ થયું હોય એવી આ પ્રથમ ભારતીય ફિલ્મ હતી. ફિલ્મમાં વિદેશમાં ભારતીયોની અવહેલનાની સાથે સાથે આપણા કાઠિયાવાડી વેપારીઓની કુનેહની વાત પણ વણી લેવામાં આવી હતી. ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# સાઉથ વર્સેસ બોલિવૂડ નેરેટિવનો 'ધી એન્ડ'?

## કોણ જીતી રહ્યું છે કે પછી કોઈ પણ નહીં?

છેલ્લાં થોડાં વર્ષોમાં ઇન્ડિયન સિનેમા વિશે એક બહુ સરળ અને સુવિધાજનક નેરેટિવ ચાલી રહ્યું હતું. બોલિવૂડ ખતમ થઈ ગયું છે... સાઉથ ઇન્ડસ્ટ્રી હવે ડોમિનેટ કરી રહી છે અને ફ્યુચર માત્ર પેન-ઇન્ડિયા સિનેમાનું છે...

સાંભળવામાં આ વાત મજાની લાગે, ચર્ચા માટે પણ પરફેક્ટ લાગે અને મીડિયા માટે તો ગોલ્ડમાઈન. હકીકતમાં સિનેમા ક્યારેય એટલું સીધું નથી હોતું. છેલ્લાં બે વર્ષમાં જે બદલાવ આવ્યો છે, તે એક વાત સ્પષ્ટ કરે છે કે સાઉથ વર્સેસ બોલિવૂડ જે ચર્ચા ચાલી રહી હતી તે હકીકતમાં એક ફેઝ-તબક્કો હતો. પરસેપ્શન, ટાઈમિંગ અને થોડા મોટા હિટ્સના કારણે એ વધારે મોટી લાગી.







આ બદલાવ ત્યારે શરૂ થયો જ્યારે બોલિવૂડ પોતાની સૌથી કમજોર સ્થિતિમાં હતું. પેન્ડેમિક પછી હિન્દી ફિલ્મ્સ થિયેટરમાં દર્શકોને ખેંચવામાં મુશ્કેલી અનુભવી રહી હતી.

ઘણી ફિલ્મ્સ ખૂબ અર્બન હતી અને ઘણી એવી હતી કે જે માસ ઓડિયન્સ સાથે જોડાઈ શકતી નહોતી. બીજી તરફ 'આર.આર.આર.', 'કેજીએફ ચેપ્ટર ૨' અને 'પુષ્પા ધ રાઈઝ' જેવી ફિલ્મ્સ માત્ર હિટ નહોતી રહી, પરંતુ એક ઇવેન્ટ બની ગઈ. આ ફિલ્મ્સ ભાષાની બાઉન્ડરી પાર કરીને હિન્દી બેલ્ટ સુધી પહોંચી ગઈ અને એમાં સૌથી મહત્ત્વની વાત એ કે થિયેટરનો અનુભવ ફરી જીવંત કર્યો. તેથી લોકોનું સીધું માનવું હતું કે સાઉથ ઇન્ડસ્ટ્રી ઓડિયન્સને વધુ સારી રીતે સમજે છે.







જોકે અહીં એક મહત્ત્વની વાતની ઘણીવાર અવગણના થાય છે. આ ફિલ્મ્સ એક્સેપ્શનલ હતી, સામાન્ય નથી. દરેક 'આર.આર.આર.' પાછળ ઘણી સાઉથ ફિલ્મ્સ એવી પણ હતી જે પોતાના રીજન બહાર પહોંચી જ નથી. ૨૦૨૪માં જ 'ઇન્ડિયન ૨' જેવી મોટા બજેટ અને અપેક્ષાઓ ધરાવતી ફિલ્મ દર્શકોને ખેંચી શકી નહોતી. 'કંગુવા' જેવી હાઈ-સ્કેલ ફિલ્મ પણ અપેક્ષા મુજબ ચાલતી નહોતી. 'વેટ્ટૈયાન' પાસે સ્ટાર પાવર હોવા છતાં તેની કમાણી મધ્યમ રહી. તેલુગુ ફિલ્મ્સ જેમ કે 'ધ ફેમિલી સ્ટાર', 'મિસ્ટર બચ્ચન' અને 'ડબલ ઇસ્માર્ટ' સ્પષ્ટ રીતે ફ્લોપ સાબિત થઈ.




પછી ૨૦૨૩માં સ્થિતિ અચાનક બદલાઈ ગઈ. 'પઠાણ' માત્ર સફળ ફિલ્મ નહોતી, તેણે હિન્દી સિનેમાના થિયેટર બિઝનેસને ફરીથી જીવંત કર્યો. ત્યારબાદ 'ગદર ૨' આવી, જેણે નોસ્ટેલ્જિયા અને માસ સેંટિમેન્ટને ખૂબ અસરકારક રીતે ઉપયોગ કર્યો. ત્યારબાદ 'જવાન' આવી, જે એક સ્ટેપ આગળ ગઈ.

ખાસ વાત એ હતી કે આ ફિલ્મ સાઉથના ડિરેક્ટર એટલી દ્વારા બનાવવામાં આવી હતી અને તેમાં સાઉથ સ્ટાઈલ સ્ટોરીટેલિંગ અને બોલિવૂડ સ્ટારડમનું મજબૂત મિશ્રણ હતું. આ એક સાચી પેન-ઇન્ડિયા બ્લોકબસ્ટર બની. ત્યારબાદ 'એનિમલ' આવી, જેનાથી સાબિત થયું કે વિવાદાસ્પદ કન્ટેન્ટ પણ જો મજબૂત રીતે રજૂ થાય તો દર્શકોને થિયેટર સુધી ખેંચી શકે છે.

આ ટ્રેન્ડ અહીં અટક્યો નથી. ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન 'સ્ત્રી ૨' જેવી ફિલ્મે હોરર અને કોમેડીનું મિશ્રણ કરીને બોક્સ ઓફિસ પર સફળતા મેળવી. 'ફાઇટર' જેવી ફિલ્મે સ્કેલ અને વિઝ્યુઅલ્સના આધારે દર્શકોને આકર્ષ્યા. સાથે સાથે 'સૈયારા' અને 'ધુરંધર' જેવી ફિલ્મ્સએ પણ બતાવ્યું કે જો ફિલ્મનો અનુભવ મજબૂત હોય, તો દર્શકો હિન્દી સિનેમામાં ફરી વિશ્વાસ મૂકે છે.

'ધુરંધર'એ તો સાઉથ અને બોલિવૂડના બે પરસેપ્શન એટલે કે માસ અને ક્લાસ ને સિંગલ સ્ક્રીન ને મલ્ટીપ્લેક્સનું માસ્ટર ફ્યુઝન કરીને સૌને પ્રભાવિત કર્યા. અને 'ધુરંધર'ની સફળતાનાં કારણે જ 'કેજીએફ' સ્ટાર યશની 'ટોક્સિક'ને પાછળ ઠેલવવામાં આવી છે.

જો ૨૦૨૩થી ૨૦૨૫ વચ્ચે સાઉથ ઇન્ડસ્ટ્રીને ધ્યાનથી જોવામાં આવે, તો ત્યાં પણ મિશ્ર પરિણામો જોવા મળે છે.

'સાલાર', 'રાજા સાબ', 'ઠગ લાઇફ' અને 'અઘથિયા' જેવી ફિલ્મ્સ બોક્સ ઓફિસ પર સફળ થઈ નહોતી. 'કુબેરા' જેવી ફિલ્મ્સને સમીક્ષકોની પ્રશંસા મળી, પરંતુ તે બોક્સ ઓફિસ પર સફળતા મેળવી શકી નહોતી. આથી સ્પષ્ટ થાય છે કે માત્ર મોટું બજેટ અને સ્ટાર પાવર હવે સફળતાની ગેરંટી નથી.

આ બધું મળીને એક મહત્ત્વની વાત સ્પષ્ટ કરે છે. ઇન્ડિયન ઓડિયન્સ કોઈ એક ઇન્ડસ્ટ્રીને લોયલ નથી. તે સારા અનુભવને વફાદાર છે. જ્યારે બોલિવૂડ મજબૂત ઇમોશન અને એન્ટરટેઇનમેન્ટ સાથે આગળ આવ્યું, ત્યારે દર્શકો પાછા આવ્યા. જ્યારે સાઉથ ફિલ્મ્સએ નવીનતા વગર ફોર્મ્યુલા રિપીટ કર્યો, ત્યારે દર્શકો થોડા દૂર થયા. અને દર્શકો ઇન્ડસ્ટ્રી નહીં, પણ ઇન્ડિયન સિનેમાને લોયલ છે.

બોલિવૂડમાં પણ એક મહત્ત્વનો બદલાવ આવ્યો છે. હવે ફિલ્મ્સ માસ અપીલ ધરાવતી હોવામાં સંકોચ અનુભવતી નથી. ડ્રામા, એલિવેશન અને હીરો મોમેન્ટ્સને ખુલ્લેઆમ સ્વીકારવામાં આવી રહ્યા છે. સાથે સાથે ઇમોશનલ કનેક્ટ જાળવવાનો પ્રયાસ પણ કરવામાં આવે છે, જે પહેલાના બોલિવૂડને વિશેષ બનાવતો હતો.

મીડિયાએ પણ સાઉથ વર્સેસ બોલિવૂડ ચર્ચાને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે, કારણ કે ટકરાવ હંમેશાં આકર્ષક લાગે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આજે ડિરેક્ટર્સ, એક્ટર્સ અને ટેકનિશિયન્સ વિવિધ ઇન્ડસ્ટ્રીઝમાં સ્વતંત્ર રીતે કામ કરી રહ્યા છે. દર્શકો તો આ ચર્ચાથી આગળ વધી ગયા છે. આજે તે મલયાલમ થ્રિલર, તેલુગુ સ્પેક્ટેકલ અને હિન્દી ડ્રામા બધું જ જુએ છે, ઘણી વખત એક જ પ્લેટફોર્મ પર.

તો હવે પ્રશ્ન એ છે કે સાઉથ વર્સેસ બોલિવૂડ નેરેટિવ હજુ પણ યોગ્ય છે? જવાબ છે- ના... તમને શું લાગે છે? ■

**લાસ્ટ શોટ**

*એક એનાલિટિક્સ રિપોર્ટ કહે છે કે ૨૦૨૪માં માત્ર તમિળ ફિલ્મ ઇન્ડસ્ટ્રીને જ લગભગ હજાર કરોડનું નુકસાન થયું હતું.*

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## નકલ ને અક્કલ વચ્ચે અંતર ખરું?




જે ફિલ્મને લીધે અક્ષય કુમારની 'ભૂત બંગલા'ને એક અઠવાડિયું મોડું આવવું પડ્યું એ જ ફિલ્મની તે કોપી કરવા જઈ રહ્યું છે. આ ફિલ્મના મેકર્સ અનુસાર ૬ એપ્રિલે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થશે. આમ તો ૧૦ એપ્રિલે 'ભૂત બંગલા' આવવાની હતી, પણ હવે તે 'ધુરંધર ધ રિવેન્જ'ની અદભુત અને ઐતિહાસિક સફળતાને કારણે એને ૧૭ એપ્રિલ પર ખસેડવામાં આવી છે, પરંતુ 'ભૂત બંગલા'ના મેકર્સ પોતાની રિલીઝને નડેલી ફિલ્મની જ એક વાતની કોપી કરી રહ્યાં છે. પોતાની ફિલ્મની થિયેટર રિલીઝનાં એક દિવસ પહેલાં તેનો પેડ પ્રિવ્યુ રાખવામાં આવ્યો છે... એકદમ 'ધુરંધર સ્ટાઈલ!'. વાત જાણે એમ છે કે 'ધુરંધર'નાં પહેલાં ભાગે દેશભરમાં ગજબની હલચલ મચાવી દીધી હતી. એને લીધે જ એનાં બીજા ભાગની બધા અતિશય ઉત્કંઠાથી રાહ જોઈ રહ્યાં હતાં. આ ઉત્કંઠાને રોકડી કરવા માટે જ આદિત્ય ધર આણી કંપનીએ 'ધુરંધર'નાં બીજાં ભાગનો પેડ પ્રિવ્યુ ગોઠવ્યો હતો જેમાં તે સફળ રહ્યા. બીજી તરફ, 'ભૂત બંગલા'ની આવી કોઈ હાઈપ આજે દેખાઈ નથી રહી. અક્ષય કુમારની છેલ્લી ઘણી ફિલ્મો બોક્સ ઓફિસ પર પાણી પણ નથી માગી શકી. એવામાં ક્યાંક આ 'બ્રેવાડો'નો 'ફિયાસ્કો' ન થઇ જાય...

## બોલિવૂડ પર યુદ્ધનાં ઓછાયા



શાહરુખ ખાન – અક્ષય કુમાર

હાલમાં ચાલી રહેલાં અમેરિકા + ઇઝરાયલ વિરુદ્ધ ઈરાનનાં યુદ્ધમાં ભારત એક ટકો પણ સામેલ નથી, પરંતુ આપણે ઊંચે જીવે છીએ. આપણાં બધા પર ગેસ સિલીન્ડર કે પેટ્રોલ-ડીઝલની તંગી-તકલીફ ઝળુંબી રહી છે. આ કટોકટીમાંથી બોલિવૂડ કેમ બાકાત રહી જાય? આ યુદ્ધને કારણે ફક્ત બોલિવૂડ જ નહીં, પરંતુ ભારતીય ફિલ્મ ઉદ્યોગને તકલીફ પડી છે.

આ યુદ્ધનો પ્રથમ ભોગ બની યશની 'ટોક્સિક'. યશનાં ફેન્સ આરબ દેશોમાં ઢગલાબંધ સંખ્યામાં છે. હવે યુદ્ધ ચાલુ થતાં જેવા દુબઈ, અબુધાબી વગેરે સ્થળો પર બોમ્બમારો શરૂ થયો કે યશની 'ટોક્સિક' પાછળ ખેંચાઈ ગઈ. આમ તો એ 'ધુરંધર' સાથે રિલીઝ થવાની હતી, પરંતુ યુદ્ધને લીધે હવે તે પછીથી રિલીઝ થશે એવું કારણ આ ફિલ્મને મળી ગયું.

એ જ રીતે શાહરુખ ખાનની આવનારી ફિલ્મ 'કિંગ'નું ઘણું શૂટિંગ દુબઈમાં થવાનું હતું, પણ યુદ્ધને લીધે હવે ત્યાં શુટિંગ શક્ય નથી, આથી શાહરુખની કંપની 'રેડ ચિલીઝે' નિર્ણય કર્યો છે કે હવે જે કામ દુબઈમાં કરવાનું હતું એ હવે મુંબઈમાં કરી લઈશું. લાંબા સમયથી બની રહેલી મલ્ટીસ્ટારર ફિલ્મ 'વેલકમ ટુ જંગલ' આ યુદ્ધને કારણે હજી વધુ લંબાય એવી શક્યતા ઊભી થઇ છે. આ ફિલ્મનાં અમુક સિક્વન્સ અને એક ગીત દુબઈમાં શૂટ થવાનાં હતાં તેનાં પર બ્રેક લાગી ગઈ છે એટલે હવે આ ફિલ્મ વધુ મોડી થશે. પ્રશ્ન એ છે કે આ યુદ્ધ તો અત્યારે બંધ થવાનું નામ નથી લેતું, તો હજી કેટલી બધી રાહ ફિલ્મવાળા જોશે?

## 'રામાયણ' માટે રણબીરે ના પાડી હતી..!



રણબીર કપુર

હાલમાં અમેરિકામાં 'રામાયણ' ફિલ્મને લગતી એક ઇવેન્ટ આયોજિત થઇ ગઈ. એમાં ફિલ્મનાં પ્રોડ્યુસર્સ, ડાયરેક્ટર અને 'રામ'નો રોલ ભજવનાર રણબીર કપૂર હાજર રહ્યા. કાર્યક્રમની શરૂઆત 'જય શ્રી રામ'નાં જયઘોષ સાથે થઇ હતી. હવે આ પ્રકારની ઇવેન્ટ હોય એટલે કલાકારો અને ઓડિયન્સ સાથે તેમ જ ફિલ્મની ટીમ પણ એકબીજાં સાથે વાતચીત કરે.

આવી વાતચીતમાં અજાણતાં કે જાણીજોઈને અમુક એવી વાતો કરવામાં આવે છે જે ફિલ્મને લગતી હોય પણ ખરી અને જેને લીધે ફિલ્મનું માર્કેટિંગ પણ થઇ જાય. તો આવી જ એક વાત રણબીરે આ ફંક્શનમાં કરી હતી. રણબીરનું માનીએ તો લગભગ ચાર વર્ષ અગાઉ તેને 'રામાયણ'નાં રામનાં રોલની ઓફર કરવામાં આવી ત્યારે રણબીરે તુરંત જ ના પાડી દીધી. રણબીરને એ સમયે એવું લાગ્યું હતું કે તે આ રોલ માટે યોગ્ય નથી. વાત પણ સાચી કે પ્રભુ શ્રી રામનાં વ્યક્તિત્વને મેચ કરવું કોઈની માટે સરળ નથી. ઉપરાંત રણબીર પર રામાનંદ સાગરની 'રામાયણ' સિરિયલની પણ ઊંડી અસર હતી એટલે એ પણ ના પાડવા પાછળ એક મહત્ત્વનું કારણ હતું.

આમ છતાં, પુત્રી રાહાનો જન્મ થયો પછી રણબીરનાં કહેવા અનુસાર ત્યારથી એ દુનિયાને સાવ અલગ નજરથી જોવા લાગ્યો, એટલે તેને પછી થયું કે તે હવે રામનાં રોલ માટે યોગ્યતા ધરાવે છે અને તેણે આ ફિલ્મ સ્વીકારી લીધી. નીતીશ તિવારીની 'રામાયણ' આ દિવાળીએ રિલીઝ થવાની છે. ■


**કટ એન્ડ ઓકે...**

*હોંગકોંગનાં એક મલ્ટિપ્લેક્સે 'ધુરંધર'નાં બંને ભાગોને જોડીને એક મેરેથોન શો રાખ્યો છે. આ માટે અહીંના સેન્સર બોર્ડે અલગથી સર્ટીફિકેટ પણ આપ્યું છે...*

ફિલ્મનામા
નરેશ શાહ

# ફિફ્ટી સિક્સ ડેઈઝ

## સતત ગોળ ગોળ ફરતાં ચકડોળ જેવી વેબ સિરીઝ




**અંધારઘેરા** વાતાવરણમાં કેમેરો પેન થતાં આગળ વધે છે. આપણે સમજી જઈએ છીએ કે બંધ ફલેટમાં દબાતાં પગલે આગળ વધી રહેલાં મહાશય ચોરીનો મનસૂબો ધરાવે છે, પણ અચાનક ચોર (કેમેરા)ની આંખે બાથટબમાં વિકૃત રીતે ઓગળી ગયેલાં હાડમાંસ સાથેનું કંકાલ પડ્યું છે અને... ખળભળી ગયેલો ચોર ભાગતાં - ભાગતાં જાણી જોઈને ઈમર્જન્સી સાયરન વગાડતો જાય છે. સ્વાભાવિક છે કે વહેલી સવારે પોલીસ અને ડિટેકટીવ પહોંચી ગયા છે. ઈન્વેસ્ટિગેશન શરૂ થાય છે.

કટ ટૂ ....છપ્પન દિવસ પહેલાં.

ફુટડી યુવતી સિયારા સુપરમાર્કેટમાં ખરીદી કરી રહી છે ત્યારે જ હેન્ડસમ યુવક ઓલિવર તેને જુએ છે. સુપરમાર્કેટમાંથી બહાર નીકળ્યા પછી બન્ને વચ્ચે થતી વાતચીતમાં આપણને જાણવા મળે છે કે બન્ને શહેરમાં નવા-નવા આવ્યા છે. બન્ને શહેરનાં સ્થળો સાથે જોવાના ઈરાદે ફરી કોફી શોપમાં મળવાનું નક્કી કરે છે.

બીજી તરફ (૫૬ દિવસ પછી) ફલેટ ખોલીને પોલીસ તેમજ ડિટેકટીવે તપાસ આરંભી છે. જે પીગળી ગયેલું હાડપિંજર મળ્યું છે, એ ફલેટ એક કંપનીએ ભાડાં પર લીધેલો છે. ખબર પડે છે કે કંપનીએ આ ફલેટ ઓલિવર નામના પોતાના કર્મચારીને રહેવા માટે આપેલો છે. સિકયોરીટી જણાવે છે કે ફલેટમાં છેલ્લાં થોડા દિવસથી એક યુવતી પણ ઓલિવર સાથે રહેતી હતી.

કટ ટૂ (ઘટના બન્યાના) ત્રેપન દિવસ પહેલાં...

નાના, ગંદા અને ઉધઈગ્રસ્ત ફલેટને સિયારા વ્યવસ્થિત કરી રહી છે. ઉધઈ અને જીવાત તરત નજરે ચડે તેમ આજુબાજુનું બધું હટાવી દે છે, કારણ કે આજે નવો-નવો બોયફ્રેન્ડ બનેલો ઓલિવર તેના ઘરે આવવાનો છે. ઓલિવર આવીને સિયારાની બેચેનીનું કારણ પૂછે છે એટલે સિયારા જણાવે છે કે, બિલ્ડિંગમાં રિપેરિંગ કામ શરૂ થતું હોવાથી તેણે ફલેટ ખાલી કરવો પડે તેમ છે. રહેવા માટે નવી જગ્યા શોખવાનું ટેન્શન પરેશાન કરી રહ્યું છે સિયારાને.

'તું મારા ફલેટ પર આવી જા...' ઓલિવરના આમંત્રણ બાદ થોડી ના-નકર પછી ઓલિવરના ફલેટમાં શિફટ થવા સિયારા તૈયાર થાય છે અને...

હત્યા થયેલાં ફલેટમાં પડેલું હાડપિંજર યુવકનું છે કે યુવતીનું, એ જાણવા માટે હાડપિંજરને ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવે છે પણ પ્રથમદર્શી તારણ એવું છે કે લાશને કેમિકલ યા એસિડ નાખીને ઓગાળવામાં આવી છે...

નેટફલિક્સ પર જોવા મળતી 'ફિફટી સિકસ ડેઈઝ'ને તમે જોવાની શરૂ કરો તેની પંદર - વીસ મિનિટમાં સસ્પેન્સની છાયાવાળું આવું ધૂંધળું ચિત્ર તમારી સામે ઊપસે છે, જે તમને આઠ એપિસોડ સુધી ખેંચી જાય છે કારણ કે લવસ્ટોરીના ટોપિંગ સાથેનું આ એક મર્ડર મિસ્ટ્રી કમ રિવેન્જ ડ્રામા છે.


કેથરિન રવાન હોવર્ડની નવલકથા પરની બનેલી આ અમેરિકન વેબસિરીઝના ડીએનએ કોરિયન હોય તેવું તેમાં થ્રીલ છે. આરંભમાં તો આ હાડપિંજર સિયારાનું છે કે ઓલિવરનું... એ અકળામણ જ મજેદાર બની જાય છે. પાત્રાલેખન જ એટલું અસરદાર છે કે શંકાનું લોલક બન્ને તરફ સરકતું રહે છે. અલબત્ત, વાર્તા એક અલગ અંદાઝમાં એડિટ કરીને દર્શકો સામે પેશ કરવામાં આવી છે. આરંભે વાંચ્યું તેમ, વાર્તાના આજના દિવસથી શરૂ થાય છે. છપ્પન દિવસનો ફલેશ બેક પણ દિવસવાર (બાવનમો દિવસ, ચાલીસમો દિવસ) દેખાડવામાં આવ્યો છે. એક તરફ ઈન્વેસ્ટિગેશન ચાલે છે, બીજી તરફ વીતેલાં છપ્પન દિવસ ઉઘડી રહ્યા છે. ક્યારેક આ પ્રકારનું નેરેશન ઈરિટેડ કરે છે પણ આળસ મરડીને જાગેલું કુતૂહલ તમને વેબસિરીઝ પડતી મૂકવા દેતું નથી.

અલગ - અલગ ચાર ડિરેકટર અને સાત રાઈટરે ભેગા મળીને લખેલી 'ફિફટી સિકસ ડેઈઝ' વેબસિરીઝની લીડ અપેરમાં ઓલિવર તરીકે અવન જોગિયા અને સિયારા તરીકે ડોવ કેમરૂન પણ ત્રણ ડઝનથી વધુ ફિલ્મો કરીને મંજાયેલા કલાકાર છે અને તેમનું પાત્રાલેખન એવું સચોટ થયું છે કે દર્શક ધારણાંઓના ઠેબાં ખાતા રહે છે , કારણ કે ટર્ન અને ટ્વિસ્ટ બાબતમાં 'ફિફટી સિકસ ડેઈઝ' ફૂલ્લી માર્કથી પાસ થાય તેવી છે. જરૂર જોજો... ■

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# વિક્રાંત મેસ્સી

## એક ફિલ્મે જેની જિંદગી પલટી નાખી...



**સન-૨૦૨૩માં** આવેલી વિધુ વિનોદ ચોપરાની ફિલ્મ 'ટવેલ્થ ફેલ' ફિલ્મે વિક્રાંત મેસ્સીની જિંદગી એકદમ બદલી નાખી છે. નાના બજેટની આ ફિલ્મે બોક્સ ઓફિસે ગજવી હતી પરિણામે હવે વિક્રાંત મેસ્સીને મળનારી ફિલ્મોમાં ફરક પડી ગયો છે. અત્યારસુધી હીરોઈનલક્ષી અનેક ફિલ્મોમાં હીરોઈનની સાથે હીરો જોઈએ એવી ભૂમિકા કરનારા વિક્રાંતને હવે લોકોએ ગંભીરતાથી લેવા માંડ્યો છે. તેને મુખ્ય ભૂમિકાઓ મળવાની શરૂઆત થઈ ગઈ છે.

'ટ્વેલ્થ ...' માટે વિક્રાંત મેસ્સી ફિલ્મફેર એવોર્ડ, નેશનલ એવોર્ડસ સહિત અનેક એવોર્ડ મળ્યા છે . એક અભિનેતા તરીકે તેને આ ફિલ્મે ભરપૂર સફળતા અપાવી છે. જોકે, વિક્રાંતે ટી.વી. સિરિયલ, ઓટીટી માટેની સિરીઝ અને બોલિવૂડની અનેક ફિલ્મોમાં પોતાના અભિનયથી લોકોને આકર્ષિત કર્યા જ છે, પણ એ અગાઉ તેણે ખૂબ સંઘર્ષ પણ કર્યો છે.

વિક્રાંતનું નસીબ એટલું સારું છે કે તેને શરૂઆતથી જ સારી સિરિયલો અને સારી ફિલ્મો મળી છે. સિરિયલોની વાત કરીએ તો વિક્રાંતે ૨૦૦૭માં પહેલી હિન્દી સિરિયલ કરી હતી ધૂમ મચાઓ ધૂમ ત્યાર પછી ધરમવીર-બાલિકા વધૂ- બાબા ઐસો વર ઢૂંઢો - ગુમરાહ-એન્ડ ઓફ ઈનોસન્સ - કબૂલ હૈ - યહ હૈ આશિકી, અજબ ગજબ ઘર જમાઈ જેવી સિરિયલો ૨૦૧૪ સુધી કરી.

આ દરમિયાન તેને ૨૦૧૩માં પહેલી હિન્દી ફિલ્મ મળી 'લૂટેરા' . ૨૦૧૫માં 'દિલ ધડકને દો', પછી અ ડેથ ઈન ધ ગૂંજ, હાફ ગર્લફ્રેન્ડ, લિપસ્ટીક અંડર માય બુરખા, છપાક, કાર્ગો, ડોલી કિટ્ટી ઔર વો ચમકતે સિતારે, જિની વેડ્સ સન્ની, રામપ્રસાદ કી તેરહવી, સ્વિચ, હસીન દિલરૂબા, ૧૪ ફેરે, લવ હોસ્ટેલ, ફોરેન્સીક, ગેસલાઈટ, મુંબઈકર, ટ્વેલ્થ ફેઈલ, બ્લેક આઉટ, ફીર આઈ હસીન દિલ રૂબા, સેક્ટર ૩૬, ધ સાબરમતી રિપોર્ટ, આંખો કી ગુસ્તાખિયા, ઓ' રોમિયો જેવી ફિલ્મો કરી.

આમાંની મોટાભાગની ફિલ્મો હીરોઈનલક્ષી હતી. ૨૦૨૩ની 'ટ્વેલ્થ ફેલ' ફિલ્મે વિક્રાંતને સ્ટાર બનાવી દીધો અને ૨૦૨૪માં આવેલી 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મે તેને વધુ નામના અપાવી.

૨૦૨૦માં તેની અને યામી ગૌતમની 'જિની વેડ્સ સન્ની' ફિલ્મને સારો આવકાર મળતાં હવે આવતા અઠવાડિયે આ ફિલ્મની સિક્વલ સમી ફિલ્મ 'જિની વેડ્સ સન્ની ટુ' રજૂ થઈ રહી છે.

૨૦૧૮થી વિક્રાંતે ઓટીટી પર પણ પર્દાપણ કર્યું. તેમાં મિર્ઝાપુર, તીન પહેલિયાં, બ્રોકન બટ બ્યુટીફુલ, ક્રિમિનલ જસ્ટીસ અને 'મેડ ઈન હેવન' જેવી સીરિઝનો સમાવેશ થાય છે. ૨૦૧૮માં આવેલી 'બ્રોકન બટ બ્યુટીફુલ' સિરીઝ દરમિયાન અભિનેત્રી શીતલ ઠાકુર સાથે તેની ઓળખાણ થઈ. ૨૦૧૯માં તેમણે સગાઈ કરી અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૨નાં પરણી પણ ગયા. સાત ફેબ્રુઆરી ૨૦૨૪ના તેમને ત્યાં પુત્રનો જન્મ થયો છે.

ત્રણ એપ્રિલ-૧૯૮૭નાં ખ્રિસ્તી પિતા જોલી મેસ્સી અને શીખ માતા મીનાને ત્યાં વિક્રાંતનો જન્મ થયો છે. તેનાં મોટાભાઈએ ઈસ્લામ ધર્મ અંગિકાર કરીને મોઈન નામ રાખ્યું છે. આમ કુટુંબમાં ખ્રિસ્તી, પંજાબી અને ઈસ્લામ ધર્મ હોવા છતાં વિક્રાંત કોઈ જ ધર્મમાં માનતો નથી. તેનું એવું માનવું છે કે ધર્મ એ તો માનવે ઊભા કર્યા છે. મેસ્સીના કુટુંબીજનો મૂળ હિમાચલ પ્રદેશ સિમલાના છે. પણ તે મુંબઈમાં સ્થાયી થયા છે.

વિક્રાંતે વર્સોવાની શાળામાં અને ત્યાર પછી વાંદરાની કોલેજમાં શિક્ષણ લીધું છે. વિક્રાંતને નૃત્યમાં રસ હતો અને તેણે તેની તાલીમ પણ લીધી છે. માત્ર સાત વર્ષની ઉંમરે તેણે પહેલું સ્ટેજ પર્ફોર્મન્સ આપ્યું હતું. વિક્રાંતને પ્રવાસનો, ક્રિકેટ રમવાનો અને ફુરસદના સમયે વીડિયો ગેમ્સ રમવાનો શોખ છે.

અભિનયની અત્યાર સુધીની કારકિર્દી દરમિયાન વિક્રાંતને અલગ અલગ પ્રકારની ભૂમિકાઓ કરવાની તક મળી છે. તેની ઉંમરના અભિનેતા કે કલાકારોમાં તેની ગણના અત્યારે સર્વોત્કૃષ્ટ અભિનેતાઓમાંય થાય છે. 'ટ્વેલ્થ ફેલ'ના ફિલ્મસર્જક વિધુ વિનોદ ચોપરાના મતે તે હાલની ઘડીએ દેશનો સર્વોત્કૃષ્ટ અભિનેતા છે.

વિક્રાંત મેસ્સીને સફળતા મળી ત્યાર પછી તેણે અનેક કમર્શિયલ (જાહેરખબરો) પણ કરી છે, તેની આવનારી ફિલ્મોમાં 'તલાખોં મેં એક' છે, જેમાં તેની સાથે રાશી ખન્ના અને મોહમ્મદ ઝિશાન અયુબની મુખ્ય ભૂમિકા છે. તેની બીજી ફિલ્મ 'યાર જીગરી' છે, જેમાં તેની સાથે સન્ની સિંહની મુખ્ય ભૂમિકા છે.

થોડા સમય પહેલાં પ્રથમ પુત્ર 'વરદાન'નો જન્મ થયો ત્યારે તેણે થોડો લાંબો બ્રેક લેવાની જાહેરાત કરી હતી. જોકે, કેટલાક લોકોએ એમ માની લીધું હતું કે ૩૮ વર્ષના વિક્રાંતે અભિનયને તિલાંજલિ આપવાનો નિર્ણય કર્યો છે. પછી વિક્રાંતે સ્પષ્ટતા કરી હતી કે તે પિતૃત્વનો આનંદ લેવા માગે છે તેથી થોડી બ્રેક લઈ રહ્યો છે. જોકે, આ બ્રેક દરમિયાન તેની બે ફિલ્મો રિલીઝ થશે એટલે તેનાં દર્શકોને તેના અભિનયની ઝલક જોવા મળશે જ. ■

OTTનું હોટસ્પોટ

## ૭ થી ૧૩ એપ્રિલ શું શું જોવા જેવું છે...




**સાત** એપ્રિલથી શરૂ થનારું આગામી અઠવાડિયું અનેક રોચક કાર્યક્રમ લઈ આવ્યું છે. તેમાં શાહિદ કપૂર, તૃપ્તિ ડિમરી, દીશા પટણી, નાના પાટેકર, ફરીદા જલાલ, તમન્ના ભાટિયા અભીનિત ફિલ્મ 'ઓ રોમિયો'નું આકર્ષણ છે, જે એમેઝોન પ્રાઈમ પર રિલીઝ થવાની છે. આ ફિલ્મ ૧૦ એપ્રિલે રજૂ થશે. એમાં મોના સિંહ, મિહિર આહુજા, અંગીરા ધર અને રોહન જોશીની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મનું પ્રસારણ પાંચ એપ્રિલથી શરૂ થશે. આ એક હોરર થ્રીલર સીરિઝ છે.

**નેટ ફિલક્સઃ** શનાયા કપૂરનાં બોલ્ડ દશ્યોવાળી બિજોય નામ્બિયાર દિગ્દર્શિત ફિલ્મ 'તું યા મેં ' ૧૩ એપ્રિલે અહીં જોઈ શકાશે. એમાં આદર્શ ગૌરવની મુખ્ય ભૂમિકા છે. અહીં ત્રણ એપ્રિલથી નીના ગુપ્તા - સંજય મિશ્રાના અભિનયથી ઓપતી ફિલ્મ 'વધ-ટુ'નું પ્રસારણ શરૂ થશે. ઉપરાંત પાંચ એપ્રિલથી એક્સ-ઓ-કિટ્ટી સીઝન થ્રી, એક્શન થ્રીલર સિરીઝ 'બ્લડ હાઉન્ડસ-ટુ, કોમેડી સિરીઝ 'મામલા ગરબડ હૈ-ટુ'નું પ્રસારણ શરૂ થઈ રહ્યું છે.

**જિયો હોટ સ્ટાર-ઝી ફાઈવઃ** આ ઓટીટી ચેનલ પર પાંચ એપ્રિલથી વીર દાસ, મોના સિંહ, મિથિલા પાર્કર અને શરીબ હાશ્મી અભિનિત 'હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસનું પ્રસારણ થઈ રહ્યું છે અને પાંચમીથી જ 'ભાભાજી ઘર પર હૈઃ ફન ઓન ધ રન' ફિલ્મનું પ્રસારણ શરૂ થશે, જેમાં આસિફ શેખ, રોહિતાસ ગૌર, શુભાંગી અત્રે, વિદિશા શ્રીવાસ્તવ, રવિ કિસન અને મુકેશ તિવારી જેવાં કલાકારો છે. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૬૧)

**આ પ્રણય ત્રિકોણ કથા વાળી ફિલ્મમાં પતિ અને પ્રેમીની ભૂમિકા ભજવનાર હીરો કોણ છે ?**




૧) વોહ સાત દિન
૨) હમ દિલ દેં ચુકે સનમ
૩) ધડકન ( નવું )
૪) સંગમ
૫) હમરાઝ ( જૂનું )
૬) બદલતે રીસ્તે
૭) દેવદાસ (નવું )

### ક્વિઝ (૧૬૨)

**ફિલ્મમાં સ્ટેજ પર ડાન્સ કરનારી હીરોઈન અને એ ફિલ્મનું નામ જાણો છો?**

૧) સાત સમુન્દર પાર મૈં તેરે પીછે પીછે આ ગયી...
૨) દૈયા યે મૈં કહા આ ફસી હાઈ રે ફસી કૈસી...
૩) પિયા તોંસે નૈના લાગે રે નૈના લાગે રે ..
૪) લે ગઈ લે ગઈ મુજકો હુઈ ના ખબર ચોરી ચોરી છુપ છુપ કર...
૫) રામ ચાહે લીલા ચાહે લીલા ચાહે રામ ઈન દોનો કે લવ મેં દુનિયા કા ક્યાં...
૬) મેરી યે પાયલીયા ગીત તેરે ગાયે ચલુ છમ છમ કે..

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ટૂંકું ને ટચ
મનોજ પ્રકાશ

# નેગેટિવ પીઆરથી પીડાતુ બોલિવૂડ

**બોલિવૂડમાં** પહેલાં પાપારાઝી અભિનેત્રીઓ માટે મુસીબત બનતા હતા. ઘણીવાર સાથી કલાકારો પણ છેડતી કરીને તેમને પરેશાન કરતા હતા. પરંતુ હવે તેઓ પોતાના ફેન્સથી પરેશાન છે. અગાઉ પણ તેઓ ફેન્સથી પરેશાન થતી હતી, પરંતુ હવે વૃદ્ધ ફેન્સ જે રીતે હેરાન કરી રહ્યા છે, તે બોલિવૂડ માટે માથાનો નવો દુખાવો બની ગયો છે. આ સાથે જ ઘણી અભિનેત્રીઓએ નેગેટિવ પીઆર અંગે પણ કહ્યું છે કે તેનાથી તેમની અથવા તેમના અન્ય સાથીઓની સમાજમાં છબી ખરાબ થાય છે.

રકુલ પ્રીત, ગિરિજા ઓક, નિધિ અગ્રવાલ, મૌની રોય અને સોનલ ચૌહાણે માત્ર બે મહિનામાં જ આ પ્રકારની ફરિયાદો કરી છે. તેમની વાતોથી માત્ર તેમના સાથી પુરુષ કલાકારો જ ચિંતિત નથી, પરંતુ બોલિવૂડના ટ્રેન્ડ પર નજર રાખનારા વિવેચકો પણ પરેશાન થઈ રહ્યા છે. રકુલ પ્રીતે એક ઇન્ટરવ્યૂ દરમિયાન પોતાની ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, 'મને સમજાતું નથી કે ઇન્ડસ્ટ્રીમાં પૈસા આપીને નેગેટિવ પીઆર કરવાનું ચલણ કેમ વધી રહ્યું છે.'' તે કહે છે કે તેમનું ધ્યાન પીઆર તરફ નથી જતું, પરંતુ જ્યારે અમારે પોતાની હાજરી નોંધાવવાની હોય છે, ત્યારે અમારા જ કેટલાક સાથીઓ બીજા માટે નેગેટિવ પીઆર કરવામાં લાગેલા હોય છે. તેમને પાપારાઝી દ્વારા ફોટા ખેંચવાની ચિંતા નથી, પરંતુ તે એ વાત સ્વીકારે છે કે કોઈ પણ સ્ટાર હંમેશાં તૈયાર હોતો નથી, તેવામાં તેમના ફોટા ખેંચવાનો શું અર્થ?

પ્રભાસ સાથે 'ધ રાજા સાહબ' કરનારી નિધિ અગ્રવાલનું કહેવું છે કે તેને પણ અહીં સુધી પહોંચતા પહેલા ઘણી વખત નેગેટિવ પીઆરનો સામનો કરવો પડ્યો હતો. તે માને છે કે બોલિવૂડમાં નેગેટિવ પીઆર ખૂબ જ પ્રચલિત છે. નિધિ તો ત્યાં સુધી માને છે કે બુક માય શો અને આઇએમડીબી જેવી રેટિંગ્સ માટે પણ પીઆર સેવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. નિધિની મુખ્ય ચિંતા એ છે કે બીજાને નીચા દેખાડવા માટે પુષ્કળ પૈસા ખર્ચવા હવે સામાન્ય બની રહ્યું છે. તે એ વાતની હિમાયતી છે કે 'શઠં પ્રતિ શાઠ્યમ' વ્યવહાર જ આનો સાચો રસ્તો છે. અહીં એ નોંધવું જરૂરી છે કે વરુણ ધવન અને કાર્તિક આર્યન પણ આ નેગેટિવ પીઆરનો શિકાર બન્યા છે. વરુણ ધવનના 'બોર્ડર ટુ' ના એક ગીતની મજાક ઉડાવ્યા બાદ મીડિયામાં એવી ચર્ચા હતી કે તેની વિરુદ્ધ 'પેઇડ પીઆર' દ્વારા ટ્રોલિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે, એટલું જ નહીં તેની એક્ટિંગ પર સવાલ ઉઠાવવાને પણ આ પીઆરનો જ એક ભાગ માનવામાં આવે છે. કાર્તિક આર્યનની ફિલ્મ 'તૂ મેરી મેં તેરા, મેં તેરા તૂ મેરી' ને લઈને પણ આવી જ વાતો થઈ હતી. આરોપ તો ત્યાં સુધી હતા કે તેની છબી ખરાબ કરવાની સાથે તેના કરિયરમાં અવરોધો ઊભા કરવા માટે નેગેટિવ પીઆરનો સહારો લેવામાં આવી રહ્યો હતો.

સોનલ ચૌહાણે નકારાત્મક પીઆરના નવા ટ્રેન્ડ વિશે વાત કરી. તેમણે કહ્યું કે કોઈને નીચા દેખાડીને પોતાની જાતને મોટા અને મહાન ગણાવવા એ માત્ર ખોટું જ નથી, પણ બોલિવૂડના ભવિષ્ય માટે પણ સારું નથી. આનાથી વાતાવરણ ખરાબ થશે અને પૈસા ખર્ચીને કોઈને અફવાઓનો શિકાર બનાવવું એ 'નફરતના પ્રદૂષણ'ની એ શ્રેણીનો ભાગ છે જે બોલિવૂડમાં કલાકારો વિરુદ્ધ ચાલી રહી છે. નેગેટિવ પીઆરથી પરેશાન ઓછામાં ઓછી એક ડઝન અભિનેત્રીઓએ જે રીતે પોતાની વાત રજૂ કરી છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે હવે બોલિવૂડમાં ગભરાટ છે અને નદીની શુદ્ધતા જેવા સંબંધો અહીં અશુદ્ધ બની રહ્યા છે.

મરાઠી અભિનેત્રી ગિરિજા ઓકને ખૂબ જ ટૂંકા ગાળામાં 'નેશનલ ક્રશ'નો ખિતાબ મળવો પણ ઓછી ચર્ચામાં રહ્યો નથી. જોકે તે પોતે આ બાબતથી ચિંતિત થઈ ગઈ હતી. તેમણે પોતાની તસવીરો સાથે છેડછાડ કરવાનો આરોપ લગાવતા આને પોતાના પરિવાર માટે ખતરનાક ગણાવ્યું. જોકે સોશ્યલ મીડિયાના આ યુગમાં તેમનો ૧૨ વર્ષનો દીકરો આ તસવીરોથી અજાણ નહીં હોય, તેની ચિંતામાં તેઓ ત્યાં સુધી કહી ગયા કે જો તે તેમની આ રીતે બનાવવામાં આવેલી તસવીરો જોશે, તો તેના પર શું અસર થશે? પ્રશ્ન એ ઊઠે છે કે તેમનું ટૂંકા સમયમાં 'નેશનલ ક્રશ' કહેવાવવું ક્યાંક આ જ પીઆરનું કામ તો નથી ને? ■

# ‘નાસા’એ ચંદ્રની પરિક્રમા માટે ચાર અવકાશયાત્રી સાથેનું મિશન મોકલ્યું

કૅપ કૅનવેરલ (અમેરિકા): અમેરિકાની અવકાશ ક્ષેત્રે કામ કરતી સંસ્થા નેશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)એ ચંદ્રની પરિક્રમા માટે ૫૪ વર્ષ બાદ ચાર અવકાશયાત્રી સાથેનું સૌપ્રથમ મિશન ‘આર્ટેમિસ-ટૂ’ મોકલ્યું છે.

દ્ર‘નાસા’ના કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી ૩૩૨ ફૂટ ઊંચા રોકેટની મદદથી મિશન ‘આર્ટેમિસ-ટૂ’ અમેરિકાના ત્રણ અને કૅનેડાના એક મળીને કુલ ચાર અવકાશયાત્રીને લઇને રવાના થયું ત્યારે તેને જોવા માટે હજારોની સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.‘નાસા’એ આ અગાઉ ૧૯૭૨ના ડિસેમ્બરમાં ‘એપૉલો ૧૭’ મૂન મિશન હાથ ધર્યું હતું એટલે તેના અંદાજે ૫૪ વર્ષ પછી ચંદ્રની પરિક્રમા માટે અવકાશયાત્રીઓ સાથેનું મિશન હાથ ધરાઇ રહ્યું છે. ‘એપૉલોના એક્સપ્લોરર્સ’ ફ્લોરિડામાં જે જગ્યાએથી મોકલાયા હતા ત્યાંથી જ મિશન ‘આર્ટેમિસ-ટૂ’ને રવાના કરાયું હતું.

મિશન ‘આર્ટેમિસ-ટૂ’ના કમાંડર રીડ વાઇસમેન છે અને તેમની સાથે પાઇલટ વિક્ટર ગ્લોવર, ક્રિસ્ટિના કોચ અને કૅનેડાના જર્મી હાન્સેન છે.

‘નાસા’ની ન્યૂ ઓરિયન કૅપ્સ્યુલમાંના અવકાશયાત્રીઓમાં પ્રથમ વખત અશ્વેત મહિલા અને અમેરિકા સિવાયના દેશનો નાગરિક છે. આ દસ દિવસની પરીક્ષણ માટેની ફ્લાઇટ છે.

મિશન ‘આર્ટેમિસ-ટૂ’ના મુખ્ય ઉદ્દેશ્ય ચંદ્રની પરિક્રમા કરવાની સાથે ઓરિયન અંતરિક્ષયાનની જીવનરક્ષક પ્રણાલીનું પરીક્ષણ કરવાનો અને બે વર્ષ પછી છોડવામાં આવનારા ‘આર્ટેમિસ-થ્રી’ દ્વારા ચંદ્ર પર માનવોને ઉતારવા માટેનો માર્ગ મોકળો કરવાનો છે. કમાંડર રીડ વાઇસમેને મિશનના પ્રારંભે જણાવ્યું હતું કે ‘ચાલો ચંદ્ર પર જઇએ.’

અવકાશયાત્રીઓએ અવકાશમાં જવા માટે રવાના થતાં પહેલાં પોતાના પરિવારના સભ્યોને ‘ગુડબાય’ કહ્યું હતું અને બે હાથથી ‘દિલ’ની નિશાની બનાવી હતી. (એજન્સી)

# રાજા રવિ વર્માનું ૧૩૦ વર્ષ જૂના ચિત્રે તમામ વિક્રમો તોડયા, ૧૬૭.૨૦ કરોડ રૂપિયામાં વેચાયું



પ્રખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્મા દ્વારા બનાવેલી એક પેઈન્ટિંગની રેકોર્ડ કિંમતે હરાજી કરવામાં આવી છે. રાજા રવિ વર્માએ આ ચિત્ર ૧૮૯૦ના દાયકામાં બનાવ્યું હતું, જ્યારે તેઓ તેમની કારકિર્દીના શિખર પર હતા. તેમનું ૧૩૦ વર્ષથી વધુ જૂનું ચિત્ર એક લાઈવ હરાજીમાં ૧૬૭.૨૦ કરોડ રૂપિયામાં વેચાયું હતું. ભગવાન કૃષ્ણના બાળસ્વરૂપ અને માતા યશોદાના આ જીવંત ચિત્રને ‘યશોદા અને કૃષ્ણ સેફ્રોન આર્ટ’નામ આપવામાં આવ્યું છે. રાજા રવિ વર્માની આ કૃતિની અંદાજિત કિંમત ૮૦-૧૨૦ કરોડ રૂપિયા હતી. તે સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર ડો. સાયરસ એસ પૂનાવાલાએ ખરીદ્યું હતું.

# ‘નાગરિક દેવો ભવ’: મોદીએ જાહેર સેવકોને આપ્યો મંત્ર

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે નાગરિકોની સુગમતા વધારવા બદલાતા સમય સાથે વહીવટને પણ સતત સુધારતા રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આજે દેશના વહીવટીતંત્રને બળ આપતો કોઈ પાયાનો મંત્ર હો. તો એ ‘નાગરિક દેવો ભવ’ (નાગરિકોને સર્વોપરી ગણવાનો) છે. મોદીએ કહ્યું હતું કે જાહેર સેવાને નાગરિકોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ અને વધુ સક્ષમ બનાવવા તેનો કાયાકલ્પ થઈ રહ્યો છે.

મોદીએ ‘સાધના સપ્તાહ’ને લોન્ચ કરતા વીડિયો સંદેશો આપ્યો હતો. તેમણે સંદેશામાં કહ્યું હતું કે વહીવટને હવે નવી ઓળખ મળી છે અને એને સાચા અર્થમાં તેને નાગરિકલક્ષી બનાવવામાં આવ્યો છે.

મોદીએ કહ્યું હતું કે વહીવટ એ નાગરિકોનું જીવનધોરણ અને ગુણવત્તા સુધારવાનો માપદંડ હોવો ઘટે. તેમણે જાહેર સેવકોનો દરરોજ કંઈક નવું શીખવાનો અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે વહીવટમાં પ્રતિદિન નાગરિકોના જીવનની ગુણવત્તા સુધારવાની તકેદારી લેવી જોઈએ. આ સાચો માપદંડ છે.

વહીવટી સંસ્કૃતિમાં આમૂલ પરિવર્તન લાવવાનો અનુરોધ કરતાં તેમણે નિર્દેશ કોર્ય હોત કે જૂની સિસ્ટમમાં ‘ઑફિસર’ બનવા પર વધુ પડતો ભારમૂકાતો હતો, પરંતુ હવે દેશનું કેન્દ્ર ફરજના જુસ્સા પર છે.

મોદીએ જાહેર કર્મચારીને સંબોધતા કહ્યું હતું કે તમે કોઈ પણ નિર્ણય લેતા પહેલાં તમારી ફરજન ેતકાજો શું છે એ વિચારશો તો તમારા નિર્ણયનો ફ્રભાવ અનેક ગણો વધી જશે.

ભારત ઝડપથી બદલાતી વૈશ્વિક સિસ્ટમમાં પણ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે. ભારતે સરકારી યંત્રણાને સતત સુધારતી રહેવી જોઈએ।

તેમણે સરકારી કર્માચારીને એ વાતની યાદ અપાવી હગતી કે સરકારની સ્થાનિક કચેરી એ આખી સરકારન ેચહેરો છે. અધિખારીઓની કાર્યશૈલી અને વર્તન લોકતાંત્રિક અને બંધારણીય સંસ્થાઓમાં લોકોનો વિશ્વાસ ફરી સ્થાપે છે.

ભારતન સમવાય તંત્રનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું હતું કે દેશની શપળતા એ બધા રાજ્રોની સામૂહિક સફળતા છે. (એજન્સી)

# બંગાળમાં પરિવર્તનનો શોર્ટકટ ભવાનીપુરમાંથીઃ મમતાને તેમનાં ગઢમાં જઇ પડકાર્યા અમિત શાહે

કોલકાતાઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે ભવાનીપુરથી ભાજપના નેતા સુવેન્દુ અધિકારીના ઉમેદવારી પત્રને એક હાઈ-વોલ્ટેજ રાજકીય તમાશામાં ફેરવી દેતા દાવો કર્યો હતો કે તેમની પાસે પશ્ચિમ બંગાળમાં પરિવર્તન લાવવા, મુખ્ય પ્રધાન મમતા બેનરજીને તેમના પોતાના મતવિસ્તારમાં હરાવવામાટે શોર્ટકટ છે.

શાહે કહ્યું કે ભાજપને આરામદાયક બહુમતી સાથે સરકાર બનાવવા માટે ૧૭૦ બેઠકો જીતવી પડશે, પરંતુ માત્ર ભવાનીપુરમાં અધિકારીનો વિજય રાજ્યના રાજકારણમાં આપમેળે પરિવર્તન લાવશે.

દક્ષિણ કોલકાતાના હઝરા ક્રોસિંગથી એક વિશાળ રોડ શો પહેલા એક રેલીને સંબોધતા, અધિકારી સાથે ઉમેદવારી પત્ર ભરતા પહેલા, શાહે ભવાનીપુર ચૂંટણીને માત્ર બીજી વિધાનસભા બેઠકની લડાઈ તરીકે જ નહીં, પરંતુ ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ સરકારને ઉથલાવવાના ભાજપના અભિયાનના પ્રતીકાત્મક કેન્દ્ર તરીકે રજૂ કરી હતી.પશ્ચિમ બંગાળમાં પરિવર્તન આવશે, પરંતુ ભવાનીપુરમાં પરિવર્તન આવવું જોઈએ કે નહીં? તેવું શાહે ભીડને પૂછ્યું હતું.

હું હાથ જોડીને ભવાનીપુરના લોકોને અપીલ કરું છું કે, સમગ્ર રાજ્યની મુક્તિ માટે, અમારા ઉમેદવાર સુવેન્દુ અધિકારી માટે મોટી જીત સુનિશ્ચિત કરો, એવું તેમણે કહ્યું હતું.

શાહે કહ્યું કે તેમણે અધિકારીને તેમના પરંપરાગત ગઢ નંદીગ્રામ સુધી મર્યાદિત રાખવાને બદલે, મુખ્ય પ્રધાનના ખિસ્સાવાળા વિસ્તાર, ભવાનીપુરથી ચૂંટણી લડવા માટે વ્યક્તિગત રીતે સમજાવ્યા હતા.

સુવેન્દુ-દા નંદીગ્રામથી ચૂંટણી લડવા માંગતા હતા. મેં તેમને કહ્યું, ફક્ત નંદીગ્રામ જ નહીં. તમારે મમતા બેનરજીના ગઢમાં પ્રવેશ કરવો પડશે અને તેમને ત્યાં હરાવવા પડશે, તેવું શાહે કહ્યું.

# રાઘવ ચઢ્ઢાને સજા?: ‘આપ’એ રાજયસભામાં ડેપ્યુટી નેતાપદેથી હટાવ્યા

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી(આપ)એ તેમના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને ગૃહમાં પાર્ટીના ઉપનેતા પદ પરથી દૂર કર્યા છે. પાર્ટીએ રાજ્યસભા સચિવાલયને પત્ર લખીને આ રજૂઆત કરી હતી. તેમજ તેમના સ્થાને પંજાબના સાંસદ અશોક મિત્તલનું નામ સૂચવ્યું હોવાનું સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર પંજાબથી રાજ્યસભાના સાંસદ ચઢ્ઢાને ગૃહમાં બોલવા માટે આપ ક્વોટામાંથી સમય ન ફાળવવાનું પત્રમાં કહેવામાં આવ્યું છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ચઢ્ઢા આપ સંબંધિત બાબતો પર મૌન સેવી રહ્યા છે. તેમજ આપ વડા અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં અનેક જાહેર કાર્યક્રમોમાં પણ ગેરહાજર રહ્યા છે.

એક સમયે કેજરીવાલના નજીકના વિશ્વાસુ અને દેશના સૌથી યુવા સાંસદો પૈકીના એક ગણાતા ચઢ્ઢાએ પાર્ટીના મામલાઓમાં ખાસ કરીને પંજાબમાં અને દિલ્હીમાં આપના કાર્યકાળ દરમિયાન મુખ્ય ભૂમિકા ભજવી હતી. જો કે તાજેતરના મહિનાઓમાં પરિસ્થિતિ બદલાઇ ગઇ હોવાનું જણાયું છે.

માર્ચ ૨૦૨૪માં જ્યારે દિલ્હીના તત્કાલીન મુખ્ય પ્રધાન કેજરીવાલની એક્સાઇઝ પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવી ત્યારે ચઢ્ઢા તબીબી કારણોસર વિદેશમાં હતા. કેજરીવાલની લગભગ છ મહિનાની જેલ દરમિયાન પણ તેઓ દૂર રહ્યા હતા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ તેમનો છૂટકારો થયાના થોડા દિવસો પછી તેઓ તેમને મળ્યા હતા. તાજેતરમાં ગત મહિને જ્યારે દિલ્હીની એક કોર્ટે એક્સાઇઝ કેસમાં કેજરીવાલ, ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા અને અન્ય આપ નેતાઓને નિર્દોષ જાહેર કર્યા ત્યારે પણ ચઢ્ઢાએ મૌન જાળવી રાખ્યું હતું.

# મહિલા અનામતઃ સંસદનું સત્ર ૧૬ એપ્રિલથી યોજાશે

નવી દિલ્હીઃ મહિલા આરક્ષણ કાયદાનો અમલ વહેલામાં વહેલી તકે થઈ શકે તે માટે લોકસભાની બેઠકની સંખ્યા હાલની ૫૪૩થી વધારીને ૮૧૬ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવા ટૂંકી રિસેસ બાદ સંસદનું બજેટ સત્ર ૧૬ એપ્રિલે પાછું મળશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ સત્ર દરમિયાન પ્રસ્તાવિત કાયદાને મામલે ચર્ચા કરવા સંસદના બંને ગૃહની કામગીરી ૧૬થી ૧૮ એપ્રિલ એમ ત્રણ દિવસ ચાલશે. મહિલાઓ માટે અનામત લાગુ કરવા માટે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં બેઠકો વધારવા માટે સરકાર ખરડો લાવી શકે છે તેવા સંકેતો વચ્ચે, સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ ગુરુવારે રાજ્યસભાને માહિતી આપી હતી કે મુખ્ય કાયદાઓ પર વિચાર કરવા માટે ગૃહ ટૂંક સમયમાં ફરી મળશે. (એજન્સી)

# ગયા નાણાકીય વર્ષમાં ભારતની સંરક્ષણ નિકાસમાં ૬૨ ટકાનો ઉછાળો

નવી દિલ્હીઃ ભારતની વાર્ષિક સંરક્ષણ નિકાસ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં ગયા વર્ષની તુલનામાં ૬૨ ટકા વધીને ૩૮,૪૨૪ કરોડ રૂપિયાની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી હતી. એવી માહિતી સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે આપી હતી.

રાજનાથે સોશ્યલ મીડિયાની પોસ્ટમાં લખ્યું હતું કે સંરક્ષણ નિકાસમાં મોટો ઉછાળો ભારતની દેશી સંરક્ષણ ક્ષમતામાં ‘વૈશ્વિક વિશ્વાસ દર્શાવે છે. દેશ સંરક્ષણ નિકાસની યશગાથા લખી રહ્યો છે.

રાજનાથ સિંહે માહિતી આપી હતી કે ભારતની વાર્ષિક સંરક્ષણ નિકાસ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં ગયા વર્ષની તુલનામાં ૬૨.૬૬ ટકા વધીને ૩૮,૪૨૪ કરોડ રૂપિયની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી હતી.સંરક્ષણ નિકાસમાં ૧૪,૮૦૨ કરોડ રૂપિયનો ઉછાળો ભારતની દેશી સંરક્ષણ ક્ષમતામાં ‘વૈશ્વિક વિશ્વાસ’ દર્શાવે છે.

આમાં ડીફેન્સ પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ્સનો ૫૪.૮૪ ટકાનો અને ખાનગી ઉદ્યોગનો ૪૫.૧૬ ટકાનું યોગદાન છે. આ સિદ્ધિ સ્વાવલંબી ડિફેન્સ ઈકોસિસ્ટમ દાખવે છે. ૨૦૨૪-૨૫ની સાલમાં ભારતની નિકાસ ૨૩,૬૨૨ કરોડ રૂપિયા અને ૨૦૨૩-૨૪માં ૨૧,૯૮૪ કરોડ રૂપિયા હતી.

સંરક્ષણ મંત્રાલયે આ નિકાસને મોટી ઉપલબ્ધી ગણાવી હતી. મંત્રાલયે કહ્યું હતું કે ૨૦૨૫-૨૬ના વર્ષમાં ખાનગી ક્ષેત્રનું યોગદાન ૧૭,૩૫૩ કરોડ રૂપિયા અને જાહેર ક્ષેત્રનું યોગદાન ૨૧,૦૭૧ કરોડ રૂપિયા હતું. (એજન્સી)

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दरोगा | માફ |
| दरवेश | ઠેર ઠેર |
| दरगुजर | ફકીર |
| दरबदर | હિંસક પશુ |
| दरिंदा | થાણેદાર |

### જાણવા જેવું

‘માય નેમ ઈઝ બોન્ડ, જેમ્સ બોન્ડ’ ડાયલોગ જેની એક અગત્યની ઓળખ છે એ કાલ્પનિક કથાના બ્રિટિશ જાસૂસ જેમ્સ બોન્ડ સિરીઝની ૨૫ ફિલ્મમાં છ એક્ટર બોન્ડના રોલમાં જોવા મળ્યા છે. શોં કોનરીએ છ, રોજર મૂરે સાત, પિયર્સ બ્રોસનને પાંચ, ટિમોથી ડાલ્ટને બે, જ્યોર્જ લેઝનબીએ એક અને ડેનિયલ ક્રેગે પાંચ બોન્ડ ફિલ્મ કરી છે.

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અગ્રણી લેખક કેશવ રાઠોડની કઈ ગુજરાતી ફિલ્મ પરથી ભારતની ૧૩ ભાષામાં ફિલ્મ બની છે?


અ) મેરુ માલણ
બ) મહિયરની ચૂંદડી
ક) ખેમરો લોડણ
ડ) અડીખમ આહીર

### નોંધી રાખો

નોંધી રાખજો કે તકલીફ આવે ત્યારે પ્રામાણિક, સંપત્તિ મળે ત્યારે સરળ અને અધિકાર મળે ત્યારે વિનમ્ર રહેવું સહેલું નથી.

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

### શબ્દલાલિત્ય




**આડી ચાવી**

૧ અર્વાચિન, હમણાંનું (૪)
૩ બુદ્ધિમાન, વિદ્વાન (૪)
૫ જંજાળ, ચિંતા (૩)
૬ દુ:ખ, કલેશ (૩)
૮ અહંકારી (૨)
૯ દયાળુ (૪)
૧૧ નયન (૨)
૧૨ ---- ને ટકોર અને ગધેડાને ડફણાં (૨)
૧૩ રાજનીતિનો એક પ્રકાર (૨)
૧૪ આન, બાન અને ---- (૨)
૧૫ શીખોનું એક ધર્મ ચિહ્ન, એક હથિયાર (૪)
૧૬ બળવો (૨)
૧૭ પૂજા, ભક્તિ (૩)
૨૦ પ્રશંસા (૩)
૨૧ કળિયુગ (૪)
૨૨ હથેળીમાંની લીટીઓ (૪)

**ઊભી ચાવી**

૧ ગુસ્સો, જુસ્સો (૩)
૨ વ્યસન વગરનું (૪)
૩ નસીબ, ભાગ્ય (૨)
૪ ધીરજ (૩)
૫ પેદાશ, ઉત્પત્તિ (૪)
૬ સાધુપુરુષ (૨)
૭ આયુર્વેદિક દવામાં ---- પાળવી પડે (૩)
૮ નિર્દોષ, નિરપરાધ (૩)
૧૦ નમન, પ્રણામ (૩)
૧૧ ઝાંઝર, પાયલ (૩)
૧૨ ત્રણેનો સમૂહ (૩)
૧૩ સજ્જનતા, સારાપણું (૩)
૧૪ સત્તા આગળ ---- નકામું (૪)
૧૫ હોડી, નાવ (૨)
૧૬ વ્યવસ્થા, ગોઠવણ (૪)
૧૮ ફળદ્રુપ (૩)
૧૯ સીધી લીટી (૩)
૨૦ લાગ સાથે આને જોડશો તો કામ જલદી થઇ જશે (૨)

**ગયા વખતનો ઉકેલ**



### ઓળખાણ પડી?

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહિલા સુપરસ્ટાર શ્રીદેવીની ડબલરોલવાળી પહેલી ફિલ્મની ઓળખાણ પડી?

અ) ખુદા ગવાહ
બ) મંજુ ઔર અંજુ
ક) ચાલબાઝ
ડ) તૌફા



### સુડોકુ-૯૨૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | | | | | | | |
| ૯ | | ૧ | ૩ | ૭ | | | | |
| ૬ | | | | | | | ૪ | |
| | | ૪ | | | | | ૬ | |
| | ૩ | | ૭ | | ૬ | | ૨ | |
| | ૮ | | | | | ૧ | | |
| | ૨ | | | | | | | ૯ |
| | | | | ૮ | ૩ | ૪ | | ૬ |
| | | | | | | | ૩ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૭ | ૮ | ૬ | ૩ | ૯ | ૨ | ૧ |
| ૬ | ૮ | ૯ | ૨ | ૧ | ૫ | ૩ | ૭ | ૪ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૭ | ૯ | ૬ | ૮ | ૫ |
| ૭ | ૬ | ૮ | ૫ | ૨ | ૪ | ૧ | ૩ | ૯ |
| ૩ | ૫ | ૪ | ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૮ |
| ૯ | ૧ | ૨ | ૬ | ૩ | ૮ | ૪ | ૫ | ૭ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૮ | ૧ | ૭ | ૯ | ૬ |
| ૮ | ૯ | ૬ | ૭ | ૪ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૯ | ૫ | ૬ | ૮ | ૪ | ૨ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मनहूस | અપશુકનિયાળ |
| मनीषा | ઈચ્છા |
| मनुहार | વિનંતી |
| मनीषी | બુદ્ધિમાન |
| मनोरम | સુંદર |

ગુજરાત મોરી મોરી રેઃ ઉર્મિલા ભટ્ટ

ઓળખાણ પડી? સાઈ પલ્લવી

માઈન્ડ ગેમ : દેવેન વર્મા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : નૂરમોહમ્મદ ચાર્લી

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

ઋષિકેશ મુખરજીની ફિલ્મ ’ગુડ્ડી’થી સ્ટાર બની ગયેલી જયા ભાદુડીએ સત્યજિત રાયની કઈ બંગાળી ફિલ્મમાં કામ કર્યું હતું?

અ) જલસાઘર બ) મહાનગર ક) નાયક ડ)ચારુલતા

### માઈન્ડ ગેમ

‘અય માલિક તેરે બંદે હમ, ઐસે હો હમારે કરમ, નેકી પર ચલે ઔર બદી સે ટલે, તાકે હસતે હુએ નિકલે દમ.’ વી. શાંતારામની કઈ ફિલ્મનું ગીત છે ?

અ) પિંજરા બ) સેહરા ક) દો આંખેં બારહ હાથ ડ) નવરંગ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નીતા દેસાઈ (૨) પુષ્પા ખોના (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) મુલરાજ કપૂર (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) નૈશીધ દેસાઈ (૯) તાહેર ઔરંગાબાદવાલા (૧૦) શીરીન ઔરંગાબાદવાલા (૧૧) સુભાષ મોમાયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) પુષ્પા પટેલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનલ કાપડિયા (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) પ્રવીણ વોરા (૨૮) વિણા સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) કમલ માતલિયા (૩૨) ભાવના કર્વે (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) ડાયના સંતોકે (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) વિજય આસર (૪૧) નિતીન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) મહેશ દોશી

**ક્વિઝ ૧૬૧ જવાબ** ૧) નસીરુદ્દીન શાહ - અનિલ કપૂર, ૨) અજય દેવગન - સલમાન ખાન, ૩) અક્ષય કુમાર - સુનિલ શેટ્ટી, ૪) રાજ કપૂર - રાજેન્દ્ર કુમાર, ૫) સુનિલ દત્ત - રાજ કુમાર, ૬) જીતેન્દ્ર - રિશી કપૂર, ૭) વિજયન્દ્ર ઘાટગે - શાહરુખ ખાન

**ક્વિઝ ૧૬૨ જવાબઃ** ૧) વિશ્વાતમાં - દિવ્યા ભારતી, ૨) કારવા - આશા પારેખ, ૩) ગાઈડ - વહીદા રેહમાન, ૪) દિલ તો પાગલ હૈં - કરિશ્મા કપૂર, ૫) ગોલીયો કી રાસ લીલા - પ્રિયંકા ચોપરા, ૬) જુગનું - હેમા માલિની, ૭) લીડર - વૈજયંતિ માલા

# બાઉન્સ બેકઃ સેન્સેક્સ ગબડ્યા પછી ૨૦૦૦ પોઈન્ટ ઊછળીને પોઝિટિવ ઝોનમાં પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ટ્રમ્પે ઇરાન પર ભયાનક હુમલો કરવા આપેલી નવી ધમકીને પગલે પ્રારંભિક સત્રમાં ૧૬૦૦ પોઇન્ટ સુધી પટકાયા બાદ ગુરુવારે મધ્ય સત્રમાં ઇક્વિટી બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ બાઉન્સ બેક સાથે તમામ ઘટાડો પચાવીને પોઝિટિવ ઝોનમાં પાછો ફરવામાં સફળ રહ્યો હતો. પ્રારંભિક તબક્કે સેન્સેક્સ ૧,૫૮૮.૫૧ પોઈન્ટ ઘટીને ૭૧,૫૪૫.૮૧ના ઇન્ટ્રાડે નીચા સ્તરે પહોંચ્યો હતો.

જોકે આઇટી શેરોની આગેવાનીએ લેવાલીનો ટેકો મળતાં બેન્ચમાર્ક અંતે ૧૮૫.૨૩ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા વધીને ૭૩,૩૧૯.૫૫ પર ટ્રેડ કર્યો હતો. એ જ રીતે, નિફ્ટી પણ ૪૯૬.૮૫ પોઈન્ટ અથવા ૨.૧૯ ટકા ઘટીને ૨૨,૧૮૨.૫૫ પોઇન્ટના ઇન્ટ્રાડે નીચા સ્તરે પહોંચ્યો હતો. બાદમાં ઇન્ડેક્સમાં તીવ્ર રિકવરી જોવા મળી અને તે અંતે ૩૩.૭૦ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૨૨,૭૧૩.૧૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

એચસીએલ ટેક અને ટીસીએસ સહિતના આઇટી શેર તથા એચડીએફસી બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેન્ક જેવા બેન્ક શેરોમાં જોરદાર વેલ્યુ બાઇંગને કારણે સેન્સેક્સમાં નીચી સપાટીથી તીવ્ર ઉછાળ આવ્યો હતો. બેન્ચમાર્ક દિવસની નીચી સપાટી સામે ૨૦૦૦ પોઇન્ટથી વધુ ઊછળ્યો છે. એ જ સાથે ડોલર સામે રૂપિયામાં આવેલા ૧૮૮ પૈસાના જોરદાર ઉછાળાએ પણ બજારના સેન્ટિમેન્ટમાં તેજી ઠાલવી હતી.

બાર્ગેન હંટિંગ વચ્ચે એચસીએલ ટેક અને ટેક મહિન્દ્રા ત્રણ ટકા સુધી વધ્યા હતા. ઇન્ફોસિસ, ટીસીએસ, એચડીએફસી બેન્ક, બજાજ ફાઇનાન્સ, મારુતિ, ટાઇટન, એક્સિસ બેન્ક, ભારત ઇલેક્ટ્રોનિક્સ, કોટક મહિન્દ્રા બેન્ક અને આઇટીસી ટોપ ગેઇનર હતા. જ્યારે એશિયન પેઇન્ટ, ઇટર્નલ, સન ફાર્મા, એનટીપીસી, રિલાયન્સ, પાવરગ્રીડ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી પોર્ટ, બજાજ ફિનસર્વ અને ટાટા સ્ટીલ ટોપ લુઝર હતા.

પ્રાઇમરી માર્કેટમાં પાવરિકા લિમિટેડના શેર તેના ઇશ્યૂ ભાવથી સાત ટકા નીચા ભાવે લિસ્ટેડ થયા હતા. અમીરચંદ જગદીશ કુમાર એક્સપોર્ટના શેર તેના ઇશ્યૂ ભાવ સામે આઠ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. સાઇ પેરેન્ટરલ્સના શેરમાં ત્રણ ટકા પ્રીમિયમ જોવા મળ્યું હતું. રેન્ટોમોજો લિમિટેડ, ઇન્ટેલિયસ રીકોડ લિમિટેડ, કોસ્મિક પીવી પાવર, ગુજરાત વિક્ટરી ફોર્જિંગ્સ લિમિટેડે, કોરફોર એન્જિનિયરર્સે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

એપેલેટ ટ્રિબ્યુનલ એનસીએલએટીએ કહ્યું છે કે ડીએમઆરસી તેના એક સ્ટેશન પર મલ્ટી-લેવલ પાર્કિંગ માટે પ્રતિભા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથેના કન્સેશન કરારને રિવાઇવ કરવા માટે બંધાયેલું નથી. સ્ટેનલેસ સ્ટીલ લોંગ પ્રોડક્ટ્સ અને ટીએમટી બાર્સમાં અગ્રણી રાઠી સ્ટીલ એન્ડ પાવર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં આશરે રૂ. ૨૪૪.૮ કરોડની આવક નોંધાવી છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૫માં રૂ. ૫૦૫.૪૩ કરોડની સરખામણીમાં નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે આશરે રૂ. ૭૧૬.૭ કરોડની આવક પણ નોંધાવી છે, જે વાર્ષિક ધોરણે ૪૧.૮ ટકા વૃદ્ધિ દર્શાવે છે.

કર્ણાટક બેન્કે ચોથા ક્વાર્ટરમાં ડિપોઝિટમાં ચાર ટકા વધારો દર્શાવ્યો હોવા છતાં તેના શેરમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ફ્રેન્કલિન ટેમ્પલટને તેના પ્રથમ સફાયર ઇક્વિટી લોંગ-શોર્ટ સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ સ્ટ્રેટેજી (એસઆઈએફ) લાવી રહી છે.

આ એસઆઈએફ પ્રોપ્રાયટરી ક્વોન્ટિટેટિવ લોંગ શોર્ટ ઇક્વિટી સ્ટ્રેટેજી દ્વારા વિવિધ માર્કેટ સાઇકલ દરમિયાન લાંબા ગાળાનો હેતુ ધરાવે છે, જેમાં વિવિધ લાર્જ, મીડ અને સ્મોલ કેપ કંપનીઓમાં રોકાણ કરવામાં આવશે.

કોચીન શિપયાર્ડ, બીડીએલ, જીઆરએસઇ સહિતના ડિફેન્સ શેરોમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ભારતની અગ્રણી તેલ અને ગેસ કંપનીઓમાંની એક ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦૦ કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના માર્કેટિંગ ડિરેક્ટર શુભાંકર સેને કંપનીના માનવ સંસાધન વિભાગના ડિરેક્ટરનો અતિરિક્ત હોદ્દો સંભાળ્યો છે. ટેરિફની ભીતિ ફરી સપાટીએ આવતા સન ફાર્મા સહિતના ફાર્મા શેરોમાં વેચવાલી રહી હતી. હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કુટર્સ લિમિટેડે માર્ચના વેચાણમાં ૨૯ ટકાનો વધારો નોંધાવ્યો છે.

સોલાર ઇન્સ્ટોલેશન, સિવિલ વર્ક્સ સહિતની કામગારી બજાવતી અગ્રણી ઇપીસી કંપની, સથલોખર સિનર્જીસ ઇએન્ડસી ગ્લોબલ લિમિટેડે આશરે રૂ. ૧૨૫ કરોડનો નવો ઓર્ડર ઇનફ્લો હાંસલ કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે, કંપનીએ ૨૦૨૫ની સરખામણીમાં ૧૦૦ ટકાથી વધુ ટર્નઓવર વૃદ્ધિ નોંધાવી હતી, જેમાં કુલ રૂ. ૪૦૧.૮૩ કરોડની આવક નોંધાવી હતી.

ઈરાન પર અત્યંત ભયાનક પ્રહાર કરવાની ટ્રમ્પની નવી ધમકીને પગલે અગાઉના સત્રમાં જાગેલો આશાવાદ ઝડપથી ભૂંસી ગયો, જેના કારણે એશિયન બજારોમાં વ્યાપક ધોવાણ સાથે ભારતીય શેરબજાર પણ મોટા કડાકા સાથે ખૂલ્યુ હતું. જોકે, વેલ્યુ બાઇંગ અને રૂપિયાની મજબૂતી સહિતના પરિબળો માર્કેટને ફરી પોઝિટીવ ઝોનમાં દોરી ગયા હતા. ઈરાન યુદ્ધ શરૂ થયા પછીના તેમના પ્રથમ રાષ્ટ્રીય સંબોધનમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે યુએસ ઈરાનને ખૂબ જ સખત પ્રહાર કરવાનું ચાલુ રાખશે. ટ્રમ્પે બુધવારે રાત્રિના ભાષણમાં જણાવ્યું હતું કે મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પૂર્ણ થવાના આરે છે અને લશ્કરી કાર્યવાહી ટૂંક સમયમાં પૂર્ણ થઈ શકે છે તે જોતાં યુનાઇટેડ સ્ટેટ્સ ઈરાનમાં પોતાનું કામ પૂરું કરશે.

ટ્રમ્પના ભાષણ પછી ક્રૂડ ઓઇલ સાત ટકાથી વધુ વધ્યું છે. ગ્લોબલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૭.૨૮ ટકા વધીને ૧૦૮.ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યો છે. એશિયન બજારો મોટાભાગે નીચા સ્તરે બંધ થયા છે, જેમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ૪.૪૭ ટકા, જાપાનનો નિક્કી ૨૨૫ ૨.૪૦ ટકા, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ૦.૭૪ ટકા અને હોંગકોંગનો હેંગ સેંગ ૦.૭૦ ટકા ઘટ્યો છે. યુરોપિયન બજારો પણ નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા છે, જેમાં જર્મનીનો ડેક્સ ૧.૭૧ ટકા, પેરિસનો સીએસી ૪૦ બેન્ચમાર્ક ૦.૯૮ ટકા અને લંડનનો ફૂટસી ૧૦૦ ઇન્ડેક્સ ૦.૧૨ ટકા ઘટ્યો છે. બુધવારે યુએસ બજાર નોંધપાત્ર રીતે ઊંચું બંધ થયું. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારે રૂ. ૮,૩૩૧.૧૫ કરોડના શેર વેચ્યા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૭,૧૭૧.૮૦ કરોડના શેર ખરીદ્યા છે. બુધવારે, ૩૦ શેરો વાળા સેન્સેક્સ ૧,૧૮૬.૭૭ પોઈન્ટ વધીને ૭૩,૧૩૪.૩૨ પર બંધ થયો જ્યારે નિફ્ટી ૩૪૮ પોઈન્ટ વધીને ૨૨,૬૭૯.૪૦ પર બંધ થયો હતો.

### વાયદા બજારમાં બૅન્કોને દૂર રાખવા સહિતનાં રિઝર્વ બૅન્કનાં પગલાં

# ડૉલર સામે રૂપિયો ૧૫૨ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે ગબડતા રૂપિયાને અંકુશમાં રાખવા માટે વાયદા બજારમાં બૅન્કોને દૂર રાખવા સહિતનાં પગલાઓ લેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૧૮૮ પૈસા મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૧૫૨ પૈસા ઊંચકાઈને ૯૩.૧૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણ અને મધ્યપૂર્વના ભૂરાજકીય તણાવને કારણે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત સોમવારના ૯૪.૭૦ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૪.૬૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૬૩ અને ઉપરમાં ૯૨.૮૨ સુધી મજબૂત થઈને અંતે ઘણાં વર્ષો પછીના સૌથી મોટા ૧૫૨ પૈસાના ઉછાળા સાથે ૯૩.૧૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત મંગળવારે બજાર મહાવીર જયંતી નિમિત્તે અને બુધવારે બૅન્ક ચરલી ક્લોઝિંગ ડે નિમિત્તે બંધ રહી હતી.

અગાઉ ૨૭મી માર્ચના રોજ રિઝર્વ બૅન્કે સર્ક્યુલર બહાર પાડીને બૅન્કોની ભારતીય રૂપિયા સામે અમેરિકી ડૉલરની નેટ ઓપન પોઝિશન આગામી ૧૦મી એપ્રિલ સુધી ઘટાડીને ૧૦ કરોડ ડૉલર કરી હતી. તેમ જ ગઈકાલે બૅન્કો તથા ફોરેક્સ ડીલરો સામે બજારની સ્થિતિને ધ્યાનમાં લેતા અન્ય પગલાઓની જાહેરાત કરી હતી. જેમાં રિઝર્વ બૅન્કે બૅન્કોને રેસિડન્ટ અને નોન રેસિડન્ટ યુઝર્સ માટે રૂપિયાના નોન ડિલિવરેબલ ડેરિવેટીવ્ઝ કોન્ટ્રેક્ટ ઓફર કરવામાંથી બાકાત રાખવાનો આદેશ આપ્યો હતો. વધુમાં આ આદેશ જારી થયા પછી કેન્સલ થયેલ ડિલિવરેબલ અથવા નોન ડિલિવરેબલ ફોરેક્સ ડેરિવેટીવ્ઝ કોન્ટ્રાક્ટના રિબૂકિંગ પર પણ નિયંત્રણો લાદ્યાં છે.

નોંધનીય બાબત એ છે કે ગત ૨૮મી ફેબ્રુઆરીથી પશ્ચિમ એશિયામાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ડૉલર સામે રૂપિયામાં ચાર ટકાનો ઘસારો આવી ગયો છે અને ગત ૩૧મી માર્ચના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ડૉલર સામે રૂપિયામાં ૧૦ ટકાનું ધોવાણ થઈ ગયું છે.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ બૅન્કો પર નિયંત્રણો મૂકતા બૅન્કોની ડૉલરમાં વ્યાપક વેચવાલીનું દબાણ રહેતાં આજે ડૉલર સામે રૂપિયામાં ૧૨ વર્ષનો સૌથી મોટો એક દિવસીય ઉછાળો જોવા મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ૧૦મી એપ્રિલ સુધીમાં બૅન્કોએ તેની ઓપન પોઝિશન ઘટાડવાની હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા છે.

જોકે, વૈશ્વિક સ્તરનાં જોખમો અને વધી રહેલા ક્રૂડતેલના ભાવ રૂપિયામાં સુધારો મર્યાદિત રાખી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૬૦ ટકા વધીને ૧૦૦.૦૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૬.૮૪ ટકા વધીને બેરલદીઠ ૧૦૮.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૩૩૧.૧૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૮૫.૨૩ પૉઈન્ટનો અને ૩૩.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો.

### ઈરાન યુદ્ધના અંતનો આશાવાદ ઓસરતા વિશ્વ બજાર પાછળ સોના-ચાંદી ગબડ્યા

# સોનામાં ₹ ૪૨૪૫નો અને ચાંદીમાં ₹ ૧૨,૦૨૩નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતીય સમય પ્રમાણે આજે વહેલી સવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે કરેલા રાષ્ટ્રીય સંબોધનમાં ઈરાન સાથેનું યુદ્ધ હજુ લાંબુ ચાલે તેવા સંકેતો આપતા આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઉછાળો અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હતું. જોકે, મુખ્યત્વે ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવો વધવાની ભીતિ અને અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની શક્યતા નબળી પડતાં લંડન ખાતે હાજરમાં સોના અને ચાંદીના ભાવ અનુક્રમે ત્રણ ટકા અને ૫.૮ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨,૦૨૩નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૨૮થી ૪૨૪૫નો કડાકો બોલાઈ ગયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨,૦૨૩ના ગાબડાં સાથે રૂ. ૨,૨૭,૮૧૩ના મથાળે રહ્યા હતા. તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદને ધ્યાનમાં લેતા ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ પાંખી રહી હતી. વધુમાં આજે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૨૮ ઘટીને રૂ. ૧,૪૬,૦૨૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૨૪૫ના ઘટાડા સાથે રૂ. ૧,૪૬,૦૨૧ની સપાટીએ રહ્યા હતા. જોકે, સોનામાં પણ વધુ ઘટાડાના આશાવાદ વચ્ચે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ અત્યંત મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ત્રણ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૧૨.૫૪ ડૉલર આસપાસ અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૩.૬ ટકાના ઘટાડા સાથે ૪૬૩૭.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે સોનાના ભાવમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો હોવા છતાં અગાઉ યુદ્ધના અંતના આશાવાદ સાથે ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાથી આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૨.૪ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના ભાવની સરખામણીમાં એક તબક્કે સાત ટકા ઘટી આવ્યા બાદ હાલમાં ૫.૮ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૦.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી પ્રમુખે જાહેર સંબોધનમાં ઈરાન પરનાં હુમલાઓ ચાલુ રાખવામાં આવશે અને તેઓ ઈરાન સામેના વ્યૂહાત્મક લક્ષ્યાંકો હાંસલ કરવાની નજીકમાં હોવાનું જણાવ્યું હતું. આમ યુદ્ધના અંત અંગેનો કોઈ સંકેતો ન મળતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આઠ ટકા જેટલો ઉછાળો આવી ગયો હતો અને ફુગાવાલક્ષી ચિંતા સપાટી પર આવવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું નેટિક્સિસનાં વિશ્લેષક બર્નાર્ડ દહાદહે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૨૫ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા હતા તેની સામે આજે ૧૪ ટકા શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા મજબૂત વલણ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધી આવતાં સોનાના ભાવઘટાડાને ટેકો મળ્યો હોવાનું બજાર વર્તુળોએ જણાવ્યું હતું.

# માર્ચ મહિનાનો ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદર ચાર વર્ષના તળિયે

નવી દિલ્હીઃ ગત માર્ચ મહિનામાં રિઈનપૂટ ખર્ચનું વધેલું દબાણ, તીવ્ર સ્પર્ધા અને મધ્યપૂર્વ એશિયામાં ભૂરાજકીય તણાવને કારણે બજારમાં અનિશ્ચિતતાના વાતાવરણને કારણે નવાં ઓર્ડરોમાં અને ઉત્પાદનમાં ઘટાડો થવાથી દેશનો માર્ચ મહિનાનો ઔદ્યોગિક ઉત્પાદનનો આંક ઘટીને ચાર વર્ષના તળિયે પહોંચ્યો હોવાનું એક અહેવાલમાં જણાવાયું છે.

ગત માર્ચ મહિનાનો સિઝનલી એડજસ્ટેડ એચએસબીસી ઈન્ડિયા મેન્યુફેક્ચરિંગ પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) આગલા ફેબ્રુઆરી મહિનાના ૫૬.૯ સામે ઘટીને ૫૩.૯ની સપાટીએ રહ્યો હતો. આંકમાં જોવા મળેલો ઘટાડો છેલ્લા ચાર વર્ષમાં પહેલી વખત વેપારની તમામ સ્થિતિમાં સુધારો મંદ પડ્યો હોવાનો સંકેત આપે છે. નોંધનીય બાબત એ છે કે ૫૦ની ઉપરનો આંક વિસ્તરણનો અને ૫૦ની નીચેનો આંક ઘટાડાનો નિર્દેશ આપતો હોય છે.

ગત માર્ચ મહિનામાં દેશનો ઔદ્યોગિક ઉત્પાદનનો પીએમઆઈ આંક આગલા ફેબ્રુઆરી મહિનાના ૫૬.૯ સામે ઘટીને જૂન, ૨૦૨૨ પછીની સૌથી નીચી ૫૩.૯ની સપાટીએ રહ્યો હતો. મધ્યપૂર્વના દેશોનાં ભૂરાજકીય તણાવને કારણે વિશ્વ બજાર સહિત ભારતનાં ઉત્પાદન ક્ષેત્ર પર પણ માઠી અસર પડતાં આંકમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું એચએસબીસીનાં અર્થશાસ્ત્રી પ્રાંજુલ ભંડારીએ જણાવ્યું હતું.

એકંદરે પીએમઆઈ આંકના મુખ્ય બે ઘટક નવા ઓર્ડર અને ઉત્પાદન બન્નેમાં જૂન, ૨૦૨૨ પછીની સૌથી વધુ ધીમી ગતિએ વૃદ્ધિ થઈ હોવાનું સર્વેક્ષણમાં જણાવતાં ઉમેર્યું હતું કે બજાર પરિબળો, ભાવલક્ષી દબાણ અને મધ્યપૂર્વમાં યુદ્ધને કારણે પડકારોમાં પણ વધારો થયો હોવાનું ભંડારીએ જણાવતાં ઉમેર્યું હતું કે ઉત્પાદન અને નવાં ઓર્ડરમાં નોંધપાત્ર માત્રામાં ઘટાડો થયો છે. તેમ જ એલ્યુમિનિયમ, રસાયણ અને ઈંધણ સહિતની ઘણી ચીજોના ભાવમાં વધારો થયો છે. જોકે, હાલના તબક્કે કંપનીઓએ ભાવવધારો ગ્રાહકો પર પસાર ન કરતાં પોતેજ ભોગવી રહી છે.

સર્વેક્ષણમાં જણાવ્યાનુસાર ગત માર્ચ મહિનામાં કંપનીઓએ ઑગસ્ટ, ૨૦૨૨ પછીનું સૌથી વધુ માત્રામાં ભાવલક્ષી દબાણ અનુભવ્યું હતું, પરંતુ ઉત્પાદન ખર્ચમાં ધીમો વધારો થયો હતો.

### દેશી-આયાતી તેલમાં નિરસ કામકાજે ટકેલું વલણ

# ઊંચા મથાળેથી માર્ચમાં પામતેલની આયાતમાં ૧૯ ટકાનો ઘટાડાનો અંદાજ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૫ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૭૭ સેન્ટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન ગત માર્ચ મહિનામાં વૈશ્વિક બજારમાં પામતેલના ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાથી દેશમાં પામતેલની આયાત આગલા માર્ચ મહિનાના ૮,૪૭,૬૮૯ ટન સામે ૧૯ ટકાના ઘટાડા સાથે ૬.૮૯ લાખ ટન આસપાસની સપાટીએ રહી હોવાનું ડીલરો અંદાજ મૂકી રહ્યા છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૭૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૦, પતંજલિ ફૂડના મે ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૯૫ અને રૂ. ૧૫૬૦ તથા એપ્રિલ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦ અને ગોકુલ એગ્રોના મે ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૨૦, જૂન ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૭૦ અને વાર ટૂ વાર ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

દરમિયાન આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૬૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, સિંગતેલના રૂ. ૧૭૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૮૦ અને સરસવના રૂ. ૧૫૪૦ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૮૦માં અને લૂઝમાં રૂ. ૧૭૬૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૧૦થી ૩૭૫૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

# યુદ્ધ લંબાવાની ભીતિ સપાટી પર આવતા ટીન, નિકલ અને કોપરમાં પીછેહઠ

મુંબઈઃ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ લંબાઈ જવાની ભીતિ સપાટી પર આવતા આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ક્રૂડતેલના ભાવમાં વધારો અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે પણ કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન, નિકલ, કોપર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૫નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. બે વધી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં મુખ્યત્વે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૨૩૨, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૭૨, રૂ. ૧૧૬૮ અને રૂ. ૧૧૬૫, ટીનના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૪૮૧૦ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૬૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૦૭૯ અને રૂ. બે ઘટીને રૂ. ૭૩૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૨૪ અને રૂ. બે વધીને રૂ. ૧૯૮ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૧૫, રૂ. ૨૭૦ અને રૂ. ૩૫૫ના મથાળે રહ્યા હતા.

# સરકારે સોના-ચાંદીનાં આભૂષણોની આયાત પર નિયંત્રણ લાદ્યાં

નવી દિલ્હીઃ મુક્ત વેપાર કરારના દુરુપયોગને ટાળવા માટે ગત બુધવારે સરકારે સોના, ચાંદી અને પ્લેટિનમનાં આભૂષણોની આયાત સામે નિયંત્રણો લાદ્યાં છે.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડના નોટિફિકેશન અનુસાર આ નિયંત્રણો અગાઉના કોઈપણ કરાર, ઈરરિવોકેબલ લેટર ઑફ ક્રેડિટ, આગોતરી ચુકવણી, શિપમેન્ટ સ્ટેટસ અથવા અન્ય કોઈપણ પ્રતિબદ્ધતાને ધ્યાનમાં લીધા વિના અમલી રહેશે. આમ હવે ટ્રાઝિશનલ સુવિધાઓના લાભ નહીં મળે. આમ આયાત નીતિના કસ્ટમ ટેરિફ હેડિંગ (સીટીએચ)૭૧૧૩ હેઠળ આવતી ચીજોને તાત્કાલિક ધોરણે મુક્ત યાદીમાંથી દૂર કરીને નિયંત્રણ હેઠળ મૂકવામાં આવી છે.

આથી સોના, ચાંદી અને પ્લેટિનમ આભૂષણો આ ચીજોની યાદી હેઠળ આવતી હોવાથી આ ચીજોના આયાતકર્તાઓએ ડીજીએફટી પાસેથી આયાત માટે પરવાનગી અથવા તો લાઈસન્સ મેળવવું પડશે. જોકે, ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમો અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન હેઠળના એકમોને આ નિયંત્રણમાંથી દૂર રાખવામાં આવ્યા છે. વધુમાં ફોરેન ગ્રેડ પૉલિસીનાં ચેપ્ટર હેઠળની જેમ અને જ્વેલરી નિકાસની સ્કીમ હેઠળ થતી આયાતને પણ આ નિયંત્રણોમાંથી મુક્તિ આપવામાં આવી છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પખવાડિક ટેન્ડર જાહેરાત**

**ટેન્ડર નોટીસ નં. એડીઆઈ/એસ/પી/ટેન્ડર પબ્લીકેશન/૨૦૨૬/૦૫ તા.૦૧-૦૪-૨૦૨૬**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી Sr.DMM અમદાવાદ સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવેલ ઈલેક્ટ્રોનિક ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનું. નં. | સામગ્રીનું ટુંકુ વર્ણન | જથ્થો | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ટ્રેક મશીન માટે સેન્ટ્રલ પ્રોસેસીંગ યુનિટની પ્રાપ્તિ | ૦૨ નંગ | ૦૪-૦૫-૨૦૨૬ |
| ૨ | ટ્રેક મશીન માટે પ્લાઝર બનાવટના ભાગની પ્રાપ્તિ | ૦૬ નંગ | ૦૪-૦૫-૨૦૨૬ |

ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો સમાવતી વિગતવાર ટેન્ડર નોટીસ અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેશો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ADI-321

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ટ્રી ઓથોરીટી**

**– પબ્લિક નોટીસ–**

મહારાષ્ટ્ર (અર્બન એરીયાઝ) પ્રોટેક્શન & પ્રીઝર્વેશન ઑફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધાર્યા મુજબ)ની કલમ ૮ (૩) (સી) હેઠળ જોગવાઈ સાથેના અનુરૂપમાં કુલઃ ૧ દરખાસ્ત અસરગ્રસ્ત વૃક્ષોને હટાવવા માટે ટ્રી ઓથોરીટી/ મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરિટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત દર્શાવેલ દરખાસ્તમાં કાપવા માટેના/ ટ્રાન્સપ્લાન્ટ કરવા માટેના વૃક્ષોની માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | વૉર્ડ | સ્થળનું સરનામું | અસરગ્રસ્ત વૃક્ષો અને મોજૂદ વૃક્ષોની કુલ સંખ્યાની વિગતો | વૃક્ષ/ વૃક્ષોને હટાવવા માટેનું કારણ | અરજીકર્તાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | L | એ. એચ. વાડિયા રોડ વિસ્તાર, S.G. બર્વે મેટ્રો સ્ટેશન રોડ પાસે, હલાવ બ્રિજ, કુર્લા (પ.), મુંબઈ. | કાપવા માટે પ્રસ્તાવિતઃ ૦૧ (વૃક્ષ નં. ૧) હેરીટેજ વૃક્ષ ટ્રાન્સપ્લાન્ટ રોપણી માટે પ્રસ્તાવિતઃ NIL કુલ અસ્તિત્વમાં રહેલા વૃક્ષોઃ ૦૧ | એ. એચ. વાડિયા રોડ વિસ્તાર S.G. બર્વે મેટ્રો સ્ટેશન રોડ પાસે, હલાવ બ્રિજ, કુર્લા (પ.), મુંબઈને પહોળો કરવામાં વચ્ચે આવે છે. | શ્રી જે. શ્રીનિવાસ રાવ NCC |

સદર BMC વેબસાઈટ https://portal.mcgm.gov.in પર → About us → wards/ Departments → Department manuals → Gardens & Tree Authority → Tree Authority → ૦૧- Public Notice 7 days → ખાતે ઉપલબ્ધ છે.

ઉપર જણાવેલ દરખાસ્ત માટે જો કોઈ હોય તો નાગરિકો પાસેથી વાંધા/ સૂચનો સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટિસની પ્રસિદ્ધ થયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરાયેલ ફોર્મેટમાં મંગાવવામાં આવે છે.

આપ dysg.ta@mcgm.gov.in આ ઈમેઈલ- ID પર નિયત કરેલ ફોર્મેટમાં આપના સૂચનો/ વાંધા સુપ્રત કરી શકો છો. જણાવેલ સમયમાં પ્રાપ્ત થયેલ નિયત કરાયેલ ફોર્મેટમાં આપના સૂચનો/ વાંધાની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલી ઈમેઈલ અથવા લેખિત સૂચનો/ વાંધાની વિચારણા કરાશે નહિ. મેળવવામાં આવેલ વાંધા/ સૂચનોની સુનાવણી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં ૧૩/૪/૨૦૨૬ના સાંજે ૪.૩૦ ક. થી ૫.૦૦ ક. સુધી સુનાવણી કરવામાં આવશે. આ સુનાવણીમાં હાજર રહેવા માટે આવશ્યક જણાય તેઓ તેમના ઈ-મેઈલ સૂચનો/ વાંધાની નકલ સાથે હાજર રહી શકશે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર**

**સુપ્રિ. ઑફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસ,**
૨જો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડિંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ નં. ૨૩૭૪૨૧૬૨
ઈ-મેઈલ -dysg.ta@mcgm.gov.in

સહી/-
**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર**

PRO/13/ADV./2026-27

ચાલો સાથે મળી મુંબઈને મલેરિયા મુક્ત બનાવીએ

# શિંદેના ઓપરેશન ટાઈગર પર ભાજપની બ્રેક?

## ભાજપના મોવડીમંડળે 'ઓપરેશન ટાઈગર' અને 'ઓપરેશન તુતારી' પર બ્રેક લગાવી દીધી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સૂત્રોએ માહિતી આપી હતી કે ભાજપે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા હાથ ધરવામાં આવનારા 'ઓપરેશન ટાઈગર' અને 'ઓપરેશન તુતારી' પર હાલ પુરતી બ્રેક લગાવી દીધી છે. એવી ચર્ચા થઈ રહી હતી કે શિવસેના (યુબીટી) અને શરદ પવારની એનસીપી (એસપી)ના છ-છ સાંસદો શિંદેના સંપર્કમાં હતા અને શિંદે આ સાંસદોને પોતાના પક્ષમાં ખેંચવા અને કેન્દ્રમાં વધુ બે પ્રધાન પદ મેળવવા માટે તૈયાર હતા. જોકે, ભાજપના મોવડીમંડળે આ આખા ઓપરેશનને અત્યારે લાલ ઝંડી દેખાડી હોવાનું કહેવાઈ રહ્યું છે.

ગયા મહિને ૧૭ માર્ચે રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું હતું ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે રાજધાની દિલ્હીની મુલાકાતે ગયા હતા. આ મુલાકાત દરમિયાન તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. સોશિયલ મીડિયા પર તેમની મુલાકાતના ફોટા વાયરલ થતાં જ, 'ઓપરેશન ટાઇગર' અને 'ઓપરેશન તુતારી' ગલ્લીથી લઈને દિલ્હી સુધી ચર્ચાનો વિષય બન્યા હતા. એવી વાતો શરૂ થઈ ગઈ કે ઠાકરે અને શરદ પવારના પક્ષના છ-છ સાંસદોને શિંદે જૂથ દ્વારા પોતાની પાર્ટીમાં લઈ લેવામાં આવશે. જોકે, ઠાકરે જૂથના સાંસદ સંજય

(જુઓ પાનું ૪) ▶▶

### શિંદે જૂથની ચોક્કસ રણનીતિ શું છે?

ઓપરેશન ટાઇગર અને ઓપરેશન તુતારી પાછળ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની મોટી રણનીતિ હતી. શિંદે જૂથ કેન્દ્રમાં વધુ બે પ્રધાન પદાં ઇચ્છે છે, અને આ માટે શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે અને સાંસદ શ્રીરંગ બારણેના નામ સમાચારમાં હતા. તેથી, શિંદે જૂથે આ બંનેને પ્રધાનપદ અપાવવા માટે ઠાકરે અને પવારના છ-છ સાંસદોને તોડવાની તૈયારી કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન સરકારમાં, ભાજપ પાસે સૌથી વધુ ૨૪૦ સાંસદો છે. તેમને ચંદ્રાબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટીના ૧૬ સાંસદો અને નીતિશ કુમારની રાષ્ટ્રીય જનતા દળના ૧૨ સાંસદોનું સમર્થન છે. આ ઉપરાંત, શિંદે જૂથના સાત સાંસદો પણ કેન્દ્ર સરકારને ટેકો આપે છે. આ દરમિયાન, જો શિવસેના ઠાકરે જૂથ અને શરદ પવાર જૂથના છ-છ એમ ૧૨ સાંસદો

(જુઓ પાનું ૪) ▶▶

### ભાજપની લાલ ઝંડી ખરેખર શેના માટે છે?

સૂત્રોના જણાવ્યા અનુસાર, જો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ઓપરેશન ટાઇગર અને ઓપરેશન તુતારી હેઠળ વિપક્ષી સાંસદોને તોડવા જઈ રહ્યા છે, તો પણ ભાજપ તેમના પર નિયંત્રણ ધરાવે છે. કેન્દ્રમાં પૂરતી તાકાત હોવાથી, વર્તમાન પરિસ્થિતિમાં ભાજપને બીજી પાર્ટીને વિભાજીત કરવાની જરૂર જણાતી નથી. સંયુક્ત શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી વચ્ચે ભાગલા પડ્યા પછી, બંને પક્ષોના નેતાઓએ ભાજપની ટીકા કરી હતી અને તેથી જ એવું કહેવામાં આવી રહ્યું છે કે પક્ષના નેતાઓ શિંદેની રણનીતિ સાથે સહમત નથી. ભાજપના આંતરિક સૂત્રોના મતે, જો ઠાકરે અને શરદ પવાર જૂથના સાંસદો શિવસેનામાં જોડાય છે, તો દિલ્હી સહિત મહારાષ્ટ્રમાં શિંદેનું રાજકીય વજન વધુ વધશે. તે જ આધારે, તેઓ રાજ્યમાં ભાજપના નેતાઓ પર દબાણ યુક્તિઓનો

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈને ૪૪૦ મિલ્યન લિટર વધારાનું પાણી મળશે

### ગારગાઈ બંધને આખરે મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાને પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે મુંબઈ મહાનગરપાલિકાના મહત્વાકાંક્ષી ગારગાઈ બંધ પ્રોજેક્ટને આડે રહેલી તમામ અડચણ દૂર થઈ ગઈ છે. છેલ્લા બે દાયકાથી લંબાઈ રહેલા આ પ્રોજેક્ટને પાલિકાની સ્થાયી સમિતિએ મંજૂરી આપી દીધી હોઈ એપ્રિલ ૨૦૩૦ સુધીમાં આ બંધનું કામ પૂર્ણ થયા બાદ પ્રતિદિન મુંબઈગરાને વધારાનું ૪૪૦ મિલ્યન લિટર પાણી મળશે.

મુંબઈની વધતી વસતી સામે પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે ૨૦૧૩માં ગારગાઈ બંધ પ્રોજેક્ટ બાંધવા માટે મુંબઈ મહાનગરપાલિકાને મંજૂરી આપી હતી, તેના લગભગ ૧૨ વર્ષ બાદ આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા અમલમાં મૂકીને કૉન્ટ્રેક્ટર નક્કી કરવાની પ્રક્રિયા પાર પડી હતી. બંધ બાંધવામાં ઓછામાં ઓછા ચાર વર્ષનો સમય લાગવાનો હોઈ એપ્રિલ ૨૦૩૦ સુધીમાં આ પ્રોજેક્ટ પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આગામી ૧૦૦ વર્ષ સુધી ટકી રહે

(જુઓ પાનું ૪) ▶▶

# દિલ્હીમાં ડિનર અને રાજ્યમાં ઉચાટ! ઠાકરેના સાંસદો શિંદેના વિશ્વાસુના ઘરે પહોંચ્યા

મુંબઈ : રાજ્યના રાજકારણમાં મોટી ઉથલપાથલની ચર્ચા ચાલી રહી છે, ત્યારે કેટલીક ઘટનાઓએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. થોડા દિવસો પહેલા ઠાકરે જૂથના નેતા આદિત્ય ઠાકરે ભાજપ નેતા મોહિત કંબોજની પુત્રીના જન્મદિવસની પાર્ટીમાં ગયા હતા. બીજી તરફ, ઠાકરેના સાંસદોએ દિલ્હીમાં શિંદે જૂથના સાંસદના ઘરે મુલાકાત લીધી હતી. મહારાષ્ટ્રના રાજકારણમાં હાલમાં 'ઓપરેશન ટાઇગર'ની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે, ત્યારે દિલ્હીમાં બનેલી એક ઘટનાએ રાજકીય વિશ્લેષકોના ભવા ઉંચા કરી દીધા છે. શિવસેના શિંદે જૂથના કેન્દ્રીય પ્રધાન પ્રતાપરાવ જાધવ દ્વારા આયોજિત 'ડિનર ડિપ્લોમસી'માં શિવસેના ઠાકરે જૂથના બે વરિષ્ઠ સાંસદો હાજરી આપ્યા બાદ તર્કવિતર્કો શરૂ થઇ ગયા છે. ઠાકરે જૂથના નાંદેડના

(જુઓ પાનું ૪) ▶▶

# પહેલા પાર્થને સાંસદ બનાવ્યો, હવે જય પવારને મોટી જવાબદારી

## સુનેત્રા પવારે પક્ષ પર નિયંત્રણ મેળવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જય અજીત પવારને એનસીપીમાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અજિત પવારના નિધન પછી પાર્ટીમાં સર્જાયેલી ખાલી જગ્યા ભરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પાર્થ પવાર તાજેતરમાં રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા હતા, ત્યારબાદ તેમના નાના ભાઈ જય પવાર પણ રાજકારણમાં સક્રિય થયા છે. પાર્થ પવારને એનસીપીની રાષ્ટ્રીય કારોબારીમાં સામેલ કરવામાં આવ્યા છે. સુનેત્રા પવાર દ્વારા ચૂંટણી પંચને મોકલવામાં આવેલા પત્રમાં જય પવારનું નામ ઉલ્લેખિત છે. આ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે.

**રાષ્ટ્રીય કારોબારીમાં જય પવાર**

૨૬ ફેબ્રુઆરીના રોજ, સુનેત્રા પવારને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૦ માર્ચે, તેમણે ચૂંટણી પંચને એક પત્ર મોકલ્યો હતો. સુનેત્રા પવારે પાર્ટીની બેઠકના નિર્ણયો અને પદાધિકારીઓની યાદી ચૂંટણી પંચને મોકલી હતી. સુનેત્રા પવારે ફક્ત ૧૪ પદાધિકારીઓના નામનો ઉલ્લેખ કર્યો છે. જય પવારનું નામ પણ તેમાં છે. આ પહેલી વાર છે કે જય પવારને પાર્ટીમાં કોઈ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.

**૧૪ લોકોમાં કોના કોના નામ છે?**

સુનેત્રા પવારનું નામ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ઉલ્લેખિત છે. શિવાજીરાવ ગર્જેનો ખજાનચી તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જ્યારે પ્રફુલ પટેલ, સુનીલ તટકરે, છગન ભુજબળ, માણિકરાવ કોકાટે, દિલીપ

(જુઓ પાનું ૪) ▶▶

# દહિસર-મીરા ભાયંદર મેટ્રોનું લોકાર્પણ મોકૂફ: આવતા સોમવારે ઉદ્ઘાટન



ભાયંદર: ત્રીજી એપ્રિલના રોજ આયોજિત કરવામાં આવેલો દહિસર-મીરા ભાયંદર મેટ્રોનો લોકાર્પણ કાર્યક્રમ છેલ્લી ઘડીએ મોકૂફ રાખવામાં આવ્યો છે. હવે આ કાર્યક્રમ માટે છઠ્ઠી એપ્રિલની નવી તારીખ નક્કી કરવામાં આવી છે. દહિસર-મીરા ભાયંદર મેટ્રો લાઇન-૯ ના પ્રથમ તબક્કાનું દહિસરથી કાશીગામ સુધીનું કામ પૂર્ણ થઈ ગયું છે. આથી, ૩ એપ્રિલના રોજ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે આ મેટ્રોનું લોકાર્પણ કરવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને સુમિત્રા પવાર પણ હાજર રહેવાના હતા. તેના સંદર્ભમાં શહેરમાં

(જુઓ પાનું ૪) ▶▶

# સુનેત્રા પવારની દિલ્હી મુલાકાત દરમિયાન બે મોટા નેતાઓ ગેરહાજર: એનસીપીમાં બળવાના સંકેત?

નવી દિલ્હી : રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અજિત પવાર જૂથમાં બધુ બરાબર નથી તેવી ચર્ચા ફરી એકવાર સપાટી પર આવી છે. એનસીપી ના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનેત્રા પવાર દ્વારા ૧૦ માર્ચે ચૂંટણી પંચને લખાયેલો એક પત્ર પ્રકાશમાં આવ્યો છે. સુનેત્રા પવારે ચૂંટણી પંચને આપેલા પત્રમાં સુનીલ તટકરે અને પ્રફુલ પટેલના પદોનો ઉલ્લેખ નથી. પટેલ અને તટકરેના પદોનો ઉલ્લેખ ન હોવાથી, ગુરુવારે દિલ્હીમાં એનસીપીમાં જૂથવાદ અંગે ચર્ચા ચાલી રહી હતી ત્યારે બીજી એક ઘટના બની. પ્રફુલ પટેલ અને સુનિલ તટકરેએ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના અજિત પવાર જૂથના પ્રમુખ અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારની દિલ્હી મુલાકાતથી મોઢું ફેરવી લીધું હતું. આનાથી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. રાજ્યસભા સાંસદ સુનેત્રા પવાર હાલમાં દિલ્હીની મુલાકાતે છે, પરંતુ તેમની મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન પાર્ટીના બે દિગ્ગજ નેતાઓ, સાંસદ પ્રફુલ પટેલ અને સાંસદ સુનીલ તટકરેની ગેરહાજરીથી રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્કો થઇ રહ્યા છે. સામાન્ય રીતે અજિત પવાર કે સુનેત્રા પવારની કોઈપણ દિલ્હી મુલાકાતમાં પ્રફુલ પટેલ અને સુનીલ તટકરેની હાજરી ફરજિયાત માનવામાં આવે છે. દિલ્હીમાં પાર્ટીના ચહેરા તરીકે આ બંને નેતાઓની હાજરી હંમેશા જોવા મળે છે. જોકે હવે એવી ચર્ચા ચાલી રહી છે કે આ વખતે બંને નેતાઓની ગેરહાજરી માત્ર એક સંયોગ છે કે પક્ષમાં આંતરિક મતભેદોનો સંકેત છે. આ અંગે સાંસદ સુનિલ તટકરેએ કહ્યું કે તેઓ હાલમાં તેમના મતવિસ્તારમાં વ્યસ્ત છે. હું હાલમાં મારા મતવિસ્તારમાં છું, જો હું દિલ્હીમાં હોત, તો ચોક્કસપણે તેમને મળત, એમ તેમણે વિવાદ પર પડદો પાડવાનો પ્રયાસ કર્યો. બીજી તરફ પ્રફુલ પટેલનો સંપર્ક થઈ શક્યો નથી. ■

### પાયાવિહોણા દાવાઓ: પાર્થ પવાર

સોશિયલ મીડિયા પર પ્રફુલ પટેલ અને સુનીલ તટકરેના સંદર્ભમાં ચાલી રહેલા સમાચારો જોઈને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા અને સાંસદ પાર્થ પવારે તેમનો પક્ષ લેતું એક ટ્વિટ કર્યું હતું. પાર્થ પવારે ટ્વિટમાં જણાવ્યું હતું કે, પ્રફુલ પટેલ અને સુનીલ તટકરે પક્ષના વરિષ્ઠ નેતાઓ છે. તેઓ અમારા માર્ગદર્શક છે અને લાંબા સમયથી પક્ષમાં કાર્યરત છે. તેમના વિશે ચાલી રહેલા સમાચારોમાં કોઈ તથ્ય નથી. અત્યારે તેમના સંદર્ભમાં જે સમાચારો ચાલી રહ્યા છે તે પાયાવિહોણા દાવાઓ પર આધારિત છે. વગર કામના વિવાદોમાં તેમને નિશાન બનાવવા તે ખોટું છે. ■

## લાલબાગના દેરાસરમાં ચોરીનો કેસ ઉકેલાયો

# ભૂતપૂર્વ સુરક્ષારક્ષક નીકળ્યો ચોર: તમામ દાગીના જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લાલબાગ વિસ્તારમાં મુનિસુવ્રત સ્વામી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના દેરાસરમાંથી ૧.૭૫ કરોડ રૂપિયાના દાગીનાની થયેલી ચોરીનો કેસ પોલીસે ઉકેલી કાઢીને ભૂતપૂર્વ સુરક્ષારક્ષકની મધ્ય પ્રદેશથી ધરપકડ કરી હતી. ઘટનાસ્થળ સહિત ૨૦૦થી ૩૦૦ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા બાદ ફૂટેજમાં નજરે પડેલા આરોપીની શોધમાં મધ્ય પ્રદેશ પહોંચેલી પોલીસ ટીમે તેને ઝડપી પાડીને તમામ દાગીના હસ્તગત કર્યા હતા. આરોપી વિરુદ્ધ મધ્ય પ્રદેશમાં આર્મ્સ એક્ટ અને લૂંટ સહિત ૧૭ ગુના દાખલ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

કાલાચોકી પોલીસે આ કેસમાં ધરપકડ કરેલા આરોપીની ઓળખ જિતેન્દ્ર ઉર્ફે જિતન ઉર્ફે બંટી ઉર્ફે પંડિત નગાઇચ (૩૪) તરીકે થઇ હતી, જે મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લાનો વતની છે. આરોપીને મધ્ય પ્રદેશથી મુંબઈ લાવવામાં આવ્યા બાદ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

લાલબાગમાં વન અવિઘ્ન સ્ટેટ ખાતે આવેલ દેરાસર દરરોજ સવારે પાંચ વાગ્યે ખોલવામાં આવે છે અને રાતે નવ વાગ્યે તેના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. ૩૦ માર્ચે સવારે પાંચ વાગ્યે પૂજારી દેરાસર ખોલવા માટે આવ્યા ત્યારે તેમણે દરવાજા પર

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબ્રામાં માનેલી બહેનની છેડતી કરનારી ત્રિપુટી પર ગોળીબાર: એક જણનું મોત

## ગુનો આચર્યા બાદ ફરાર થયેલા ભાઈની ધરપકડ: રિવોલ્વર જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: મુંબ્રા વિસ્તારમાં માનેલી બહેનની છેડતી કરનારી ત્રિપુટી પર ભાઇએ ધોળેદહાડે ગોળીબાર કરતાં એક જણનું મૃત્યુ થયું હતું, જ્યારે બે જણ ઘાયલ થયા હતા. ગોળીબાર કર્યા બાદ ફરાર થઇ ગયેલા ભાઇને પોલીસે ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી રિવોલ્વર પણ જપ્ત કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. મુંબ્રાના કૈલાસનગર વિસ્તારમાં આવેલી બિસ્મિલ્લા ચાલની રૂમ નંબર-૨ ખાતે ગુરુવારે સવારના ૧૧૦.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા શખસની ઓળખ અકબર અબ્દુલ શેખ તરીકે થઇ હતી. ગોળીબારમાં ઘવાયેલા અબ્દુલ હસન શેખ અને સમીર અહમદ શેખની હોસ્પિટલમાં સારવાર

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# અશોક ખરાત કેસમાં ચાકણકરની બહેન સંડોવાઈ

નાશિક: દસમું નાપાસ અશોક ખરાતે સેંકડો કરોડની સંપત્તિ કેવી રીતે ભેગી કરી, તેની તપાસ કરતી વખતે પોલીસને ચોંકાવનારી માહિતી મળી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. અશોક ખરાતે તેના નજીકના લોકોના આધાર કાર્ડ અને પેન કાર્ડ લઈને અનેક કૌભાંડો કર્યા છે. મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ રૂપાલી ચાકણકર કહી રહ્યા હતા કે ભોંદુબાબા ખરાત સાથે તેમનો કોઈ વ્યક્તિગત સંબંધ નથી. જોકે, હવે તેમની બહેનના નામે બેંક ખાતા હોવાનું સામે આવ્યું છે. જગદંબા પતસંસ્થા અને સમતા પતસંસ્થામાં અશોક ખરાત સેંકડો ખાતાઓનો નોમિની (વારસદાર) છે. ચોંકાવનારી વાત એ છે કે રૂપાલી ચાકણકરની બહેનના નામે પણ ખાતું ખોલવામાં આવ્યું હતું. મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકણકરે અત્યાર સુધી એવું જણાવ્યું હતું કે તેમણે ખરાત સાથે કોઈ પણ પ્રકારના આર્થિક વ્યવહારો કર્યા નથી. સાથે જ, તેમણે સ્પષ્ટતા કરી

(જુઓ પાનું ૪) ▶▶

### ખરાતની પત્ની સામે લૂક આઉટ નોટિસ

શિર્ડીમાં અશોક ખરાત અને તેની પત્ની વિરુદ્ધ ખેડૂતો સાથે છેતરપિંડી અને મની લોન્ડરિંગનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં અશોક ખરાતની પત્ની કલ્પના ખરાત ફરાર છે. શિર્ડી પોલીસ હાલમાં કલ્પના ખરાતની તપાસ કરી રહી છે. દરમિયાન તે વિદેશ ભાગી શકે તેવી શક્યતા હોવાથી પોલીસે હવે તેની સામે 'લુક આઉટ નોટિસ' જાહેર કરી છે. આના કારણે હવે કલ્પના ખરાત માટે વિદેશ ભાગી જવાનો માર્ગ બંધ થઈ ગયો છે. ■




## અકોલામાં હનુમાન જયંતીની અનોખી ઉજવણી

# તોફાની વાનરોએ શાંતિથી પંગત પાડીને લીધો મહાપ્રસાદનો લાભ



અકોલા: દેશભરમાં ગુરુવારે હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. મહારાષ્ટ્રના અકોલા જિલ્લાના કોથળી બુદ્રુક ગામે હનુમાન જયંતિ નિમિત્તે એક અદભૂત પરંપરા જોવા મળી. અહીંના મુંગસાજી માઉલી સંસ્થામાં હનુમાનજીના સ્વરૂપ એવા વાનરોને ખાસ મહાપ્રસાદનું આમંત્રણ આપ્યું હતું. પૂજારીએ પ્રેમથી થાળીઓ પીરસી અને વાનર સેનાએ પણ શિસ્તબદ્ધ રીતે આવીને ધરાઈને ભોજન કર્યુ હતું. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં વાનરો છે, તેથી તેમના માટે ખાસ પંગત ગોઠવવામાં આવી હતી. વાનરોએ પણ કોઈપણ જાતના તોફાન કર્યા વગર શાંતિથી પંગતમાં બેસીને ભોજન લીધું હતું. આ દૃશ્યનો એક વીડિયો પણ સામે આવ્યો છે.

અંદાજે ૧૦૦ થી વધુ થાળીઓમાં વિવિધ વાનગીઓ પીરસીને વાનરોને પંગતમાં જમાડવામાં આવ્યા હતા.

આ સમારોહની સૌથી મોટી ખાસિયત વાંદરાઓ દ્વારા દર્શાવવામાં આવેલી શિસ્ત હતી. પૂજારીએ નૈવેદ્ય ધરાવ્યા પછી આ વાનર સેનાએ ખૂબ જ શિસ્તબદ્ધ રીતે મહાપ્રસાદનો આનંદ માણ્યો. પ્રાણીઓમાં રહેલી આ સમજણ અને શિસ્ત જોઈને ત્યાં હાજર રહેલા શ્રદ્ધાળુઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.